દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૫ વર્ષ

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 226 ■ વિક્રમ સંવત ૨૦૮૨

ભાદ્રપદ સુદ-૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 24 September 2026, Thursday ■ REGD.No. MCS/058/2018-20

ગુરુવાર, ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૬, (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ‘સર’ને મુદ્દે ચૂંટણી પંચમાં ‘ભૂકંપ’

## ‘સર’ સામે ચૂંટણી કમિશનરોને જ વાંધો

### મતદારયાદીની સઘન સમીક્ષાનો બે ચૂંટણી કમિશનરોએ વિરોધ કરતા વિવાદ થતાં બધું કાયદેસર થયું હોવાનો ચૂંટણી પંચનો દાવો

નવી દિલ્હીઃ મતદારયાદી સુધારણાની પ્રક્રિયા એટલે કે સ્પેશ્યલ ઇન્ટેન્સિવ રિવિઝન (સર) અંગે ચૂંટણી પંચના બે કમિશનરે ઉઠાવેલા કહેવાતા વાંધાને કારણે વિવાદમાં આવેલા ચૂંટણી પંચે બુધવારે સ્પષ્ટતા કરી હતી કે કોઇ પણ સંસ્થામાં કોઇ મુદ્દે ચર્ચાવિચારણા વખતે ભિન્ન અભિપ્રાય વ્યક્ત કરવાનું સામાન્ય ગણાય. અમારા બધા આદેશ પૂરી કાયદેસર મંજૂરી સાથે અને કાનૂની પ્રક્રિયાને અનુસરીને જ લેવાયેલા હોય છે. દરમિયાન, વિપક્ષે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારને હોદ્દા પરથી દૂર કરવાની, તેમની સામે કાયદેસર કાર્યવાહી કરવાની અને રાજ્યોમાં નવેસરથી ચૂંટણી યોજવાની માગણી કરી હતી.

કૉંગ્રેસે ચૂંટણી પંચમાંની કહેવાતી ગેરરીતિને ‘જ્ઞાનેશગૅટ’ (જ્ઞાનેશકુમાર દ્વારા આચરવામાં આવેલું કૌભાંડ) ગણાવ્યું હતું.

લોકસભામાંના વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આક્ષેપ કર્યો હતો કે ભાજપ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) અને ચૂંટણી પંચે ‘વૉટ-ચોરી’ કરીને દેશદ્રોહનો ગુનો કર્યો છે. ચૂંટણી પંચે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ચૂંટણી પ્રક્રિયાને વધુ સારી બનાવવા માટે માત્ર ત્રણ કમિશનર જ નહિ, પરંતુ ચૂંટણી પંચના દરેક અધિકારીને પોતાનું મંતવ્ય કે સૂચન રજૂ કરવાનો અધિકાર છે.

તેણે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ચૂંટણી પંચના કોઇ પણ મુસદ્દાના સંબંધમાં દરેક અધિકારી મતદારોના અધિકારના રક્ષણ માટે પોતાના સૂચન આપી શકે છે. ચૂંટણી પંચના કમિશનર્સ દ્વારા કરાતા સંબંધિત સૂચન ચૂંટણી પ્રક્રિયા વધુ સારી બનાવવા માટે જ હોય છે.

બે ચૂંટણી કમિશનર - સુખબીરસિંહ સંધુ અને વિવેક જોશીએ મતદારયાદી સુધારણા પ્રકિયા દરમિયાન વિવિધ મતદારના યાદીમાંથી કાઢવામાં આવેલાં નામ સહિતના વિવિધ મુદ્દે વાંધો ઉઠાવ્યો હોવાના એક અખબારના અહેવાલને પગલે ચૂંટણી પંચે આ નિવેદન બહાર પાડ્યું હતું.

અનેક રાજ્યમાં ચૂંટણી પંચે હાથ ધરેલા સ્પેશલ ઇન્ટેન્સિવ રિવિઝન (સર) દરમિયાન ઘણાં મતદારનાં નામ યાદીમાંથી કાઢી નખાતાં ઘણાં રાજકીય પક્ષ અને મતદારોએ તેની સામે વિરોધ નોંધાવ્યો હતો. (એજન્સી)■




**વધતો વિરોધઃ** ચૂંટણી કમિશનરોમાં મતભેદના અહેવાલો પછી બુધવારે નવી દિલ્હીમાં કૉંગ્રેસના કાર્યકરો દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારના રાજીનામાની માગણી સાથે દેખાવો કરવામાં આવ્યા હતા. (એજન્સી)

## ચૂંટણી કમિશનરની નિમણૂક સમિતિનો વિવાદઃ કાયદાને પડકારતી અરજી મોટી બૅન્ચને રિફર કરવા અંગે સુપ્રીમ કોર્ટમાં મતભેદ

નવી દિલ્હીઃ દેશના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનર્સની નિમણૂક કરતી સમિતિમાં દેશના મુખ્ય ન્યાયાધીશને બાકાત રાખતા ૨૦૨૩ના કાયદાની માન્યતાને પડકારતી અનેક અરજીને મોટી બંધારણીય બૅન્ચને મોકલવા (રિફર કરવા)ના મુદ્દે સર્વોચ્ચ અદાલતની બૅન્ચના બે ન્યાયાધીશો

(જુઓ પાનું ૨) ▸▸

## ‘સર’ ભસ્માસુર જેવુંઃ માજી ચૂંટણી કમિશનર

### મતદાર નોંધણી ફૉર્મ-૬માંનો સુધારો ગેરકાયદે હોવાનો મત

નવી દિલ્હીઃ ચૂંટણી પંચના ભૂતપૂર્વ મુખ્ય કમિશનર ઓ. પી. રાવતે મતદારયાદીમાંની સુધારણાની પ્રક્રિયા એટલે કે સ્પેશલ ઇન્ટેન્સિવ રિવિઝન (સર)ને મતદારોના મનમાં ડર પેદા કરતી ‘ભસ્માસુર’ જેવી ગણાવી હતી અને દાવો કર્યો હતો કે મતદાર નોંધણી ફૉર્મ-૬માંના સુધારાની કામગીરી ‘સાવ ખોટી અને ગેરકાયદે’ છે.

ચૂંટણી પંચના અન્ય ભૂતપૂર્વ કમિશનર એસ. વાય. કુરેશીએ સવાલ કર્યો હતો કે શું કાયદેસર ખામી ધરાવતી મતદારયાદી સુધારણા પ્રક્રિયા દ્વારા તૈયાર કરાયેલી મતદારયાદીથી મતદાન યોજી શકાય?

બે ચૂંટણી કમિશનર - સુખબીરસિંહ સંધુ અને વિવેક જોશીએ મતદારયાદી સુધારણા પ્રકિયા દરમિયાન અનેક મતદારના યાદીમાંથી કાઢવામાં આવેલા નામ સહિતના વિવિધ મુદ્દે વાંધો ઉઠાવ્યો હોવાના એક અખબારના અહેવાલના સંબંધમાં પ્રતિભાવ આપતા બે ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનરે આ નિવેદન કર્યા હતા.

સુખબીરસિંહ સંધુ અને વિવેક જોશીએ એવો આક્ષેપ કર્યો હોવાનું

(જુઓ પાનું ૨) ▸▸

## આ રવિવારે બૅંકો ખૂલ્લી રહેશે

### સોમવારથી ત્રણ દિવસ માટે બૅંક કર્મચારીઓ હડતાળ પર જવાના હોવાથી સરકારનો આદેશ

નવી દિલ્હીઃ યુનાઇટેડ ફોરમ ઓફ બૅંક યુનિયન્સ(યુએફબીયુ)ની હડતાળને ધ્યાનમાં રાખીને ગ્રાહકોની સુવિધા માટે આગામી રવિવાર એટલે કે ૨૭ સપ્ટેમ્બરના રોજ પ્રાદેશિક ગ્રામીણ બૅંકો સહિતની તમામ બૅંકો ખુલ્લી રહેશે. આ જાણકારી નાણાં મંત્રાલયે બુધવારે એક નિવેદનમાં આપી હતી.

યુએફબીયુએ ૨૮થી ૩૦ સપ્ટેમ્બર સુધી ત્રણ દિવસની દેશવ્યાપી હડતાળનું આહ્વાન કર્યું છે. તેમની મુખ્ય માગણીઓમાં બૅંકોમાં પાંચ દિવસનો બૅંકિંગ સપ્તાહ લાગુ કરવાનો સમાવેશ થાય છે. આ સંગઠન બૅંકિંગ ક્ષેત્રના લગભગ ૯૦ ટકા કર્મચારીઓનું પ્રતિનિધિત્વ કરતું હોવાનો દાવો કરે છે.

મંત્રાલયે નિવેદનમાં જણાવ્યું કે ૨૮થી ૩૦ સપ્ટેમ્બર સુધી પ્રસ્તાવિત ત્રણ દિવસની હડતાળ અને તેની પહેલા ૨૬ અને ૨૭ સપ્ટેમ્બરના રોજ શનિવાર અને રવિવારની રજાઓને ધ્યાનમાં રાખીને સરકારે ગ્રાહકોને બૅંકિંગ સેવાઓ પૂરી પાડવા માટે આ સક્રિયા પગલું લીધું છે.

નિવેદનમાં જણાવાયું છે કે લોકોની બૅંકિંગ જરૂરિયાતો લાંબા સમય સુધી પ્રભાવિત ન થાય તેની ખાતરી કરવા માટે તમામ જાહેર ક્ષેત્રની બૅંકો અને પ્રાદેશિક ગ્રામીણ બૅંકો ૨૭ સપ્ટેમ્બરને રવિવારના રોજ સામાન્ય રીતે કાર્ય કરશે. ભારતીય રિઝર્વ બૅંકે તમામ બૅંક શાખાઓ, ઓફિસો, એટીએમ સાથે જોડાયેલી શાખાઓ અને કરન્સી ચેસ્ટને ૨૭ સપ્ટેમ્બરે સંપૂર્ણ રીતે કાર્યરત રાખવાની પરવાનગી આપી દીધી છે.

નાણા મંત્રાલય હેઠળ આવતા નાણાકીય સેવા વિભાગે જણાવ્યું કે બૅંક ગ્રાહકોની સુવિધા અને કલ્યાણ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. સરકાર અને બૅંક મેનેજમેન્ટે બૅંક કર્મચારી યુનિયનોને પ્રસ્તાવિત હડતાળ ટાળવાની અપીલ કરી છે. તેમજ જરૂરી બૅંકિંગ સેવાઓમાં ખલેલ ન પહોંચે તે માટે પગલાં લેવામાં આવ્યા છે. ■

## ફૂડ નિયામકની એમેઝોન, સ્વિગી, બિગબાસ્કેટ, ઝેપ્ટો અને ફ્લિપકાર્ટ પર તવાઈ

નવી દિલ્હીઃ ખાદ્યપદાર્થોના નિયામક ફૂડ સેફ્ટી ઍન્ડ સ્ટાન્ડર્ડ આ ઑથોરિટી ઑફ ઈન્ડિયા (એફએસએસએઆઈ)એ ગેરમાર્ગે દોરનારા દાવા અને પ્રતિબંધિત પ્રોડ્ક્ટ વેચવા સહિતના નિયમોની ન બજાવણી કરવા માટે વિવિધ ઇ-કોમર્સ પ્લેટફોર્મ સામે દંડાત્મક કાર્યવાહી શરૂ કરી છે. નિયામકે સોશ્યલ મીડિયામાં લખેલી પોસ્ટમાં કહ્યું છે કે અમે ઇ-કોમર્સ પ્લેટફોર્મ જેવા કે એમેઝોન, સ્વિગી, ઈન્સ્ટામાર્ટ, બિગબાસ્કેટ, ફ્લિપકાર્ટ ઈન્ડિયા અને ઝેપ્ટો પર નિયમોના પાલન ન કરવા બદલ મોટી તવાઈ લાવી છે. આમાં ખોટી રીતે બ્રાન્ડ ઊભી કરવી, ગેરમાર્ગે દોરનારા દાવા તેમ જ પ્રતિબંધિત કે ઝેરી ખાદ્યપદાર્થોના વેચાણ કે પ્રદર્શન સહિતના નિયમના ભંગ થાય છે.

આગેવાન ઇ-કોમર્સના પ્લેટફોર્મ એમેઝોન, સ્વિગી, ઈન્સ્ટામાર્ટ, બિગબાસ્કેટ અને ફ્લિપકાર્ટ ઈન્ડિયા સામે દંડાત્મક કાર્યવાહી કરી હતી. આ પ્લેટફોર્મે ફૂડ પ્રોડ્ક્ટ ‘હેપિલો પ્રિમિયમ જેટ બાઈટ્સ-ઝેસ્ટી ઓરેન્જ’ અંગે ગેરમાર્ગે દોરતા દાવા કર્યા હતા. સ્વિગી ઈન્સ્ટામાર્ટ અને બિગબાસ્કેટના કેસમાં નિયામકે મિલ્કી મિસ્ટના અમુક ડેરી પ્રોડ્ક્ટમાં ગેરમાર્ગે દોરનારા દાવા તેમ જ ઉત્પાદકની માહિતી બતાડવાના નિયમનું પાલન ન કરવા માટે કાર્યવાહી કરી હતી. આ પ્રોડ્ક્ટ ‘મિલ્કી મિસ્ટ ફ્રેશ લો ફેટ ક્રીમ’ ‘મલ્કી ફાર્મ ફ્રએશ કર્ડ’ અને ‘મિલ્કી મિસ્ટ ગ્રીક યોગુર્ટ’ છે. ■

## ગૌતમ અદાણી અને તેમનો પરિવાર દેશમાં સૌથી વધુ શ્રીમંત

### અંબાણી, મિત્તલ, પુનાવાલાનો યાદીમાં સમાવેશ

નવી દિલ્હીઃ દેશના સૌથી વધુ ધનાઢ્યની યાદીમાં ગૌતમ અદાણી અને પરિવારે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ યાદીમાં અદાણીએ મુકેશ અંબાણીને બીજા ક્રમે મૂકી દીધા હતા.

દરમિયાન દેશમાં અબજોપતિઓની સંખ્યા વધીને ૩૯૧ થઇ હતી.

એમ૩એમ હુરુન ઇન્ડિયા રિચ લિસ્ટ મુજબ અદાણીની મિલકત ૧૩ ટકા વધીને રૂપિયા ૯.૨૩ લાખ કરોડ (અંદાજે ૯૬ અબજ ડૉલર) થઇ હતી.

અંબાણીની મિલકત ૧૦ ટકા ઘટીને રૂપિયા ૮.૬૩ લાખ કરોડ થઇ હતી. આ સાથે અદાણી અને અંબાણીની મિલકતનો તફાવત વધીને રૂપિયા ૫૯,૪૦૦ કરોડ થયો હતો.

લક્ષ્મી મિત્તલ અને પરિવારની મિલકત વધીને લગભગ બમણી એટલે કે રૂપિયા ૩.૩૯ લાખ કરોડ થતાં તેઓ આ દેશના શ્રીમંતોની યાદીમાં ત્રીજા સ્થાને પહોંચ્યા હતા.

રસી બનાવતી સિરમ ઇન્સ્ટિટ્યૂટના સાયરસ પુનાવાલા અને પરિવાર દેશના સૌથી વધુ શ્રીમંત લોકોની યાદીમાં ચોથા સ્થાને, તે પછી નાડાર મલ્હોત્રા, કુમાર મંગલમ્ બિરલા, સન ફાર્માસ્યૂટિકલના દિલીપ સંઘવી અને વિપ્રોના અઝીમ પ્રેમજીનો ક્રમ આવે છે.

અનિલ અગરવાલ અને પરિવાર રૂપિયા ૨.૦૮ લાખ કરોડની મિલકત સાથે નવમા ક્રમે છે, જ્યારે સમીર મહેતાની મિલકત જેબી કેમિકલ્સના વિલીનીકરણ બાદ બાવન ટકા વધી જતાં તેમણે આ યાદીમાં દસમું સ્થાન મેળવ્યું હતું. ભારતમાં ઓછામાં ઓછી રૂપિયા ૧,૦૦૦ કરોડ કે તેનાથી વધુ મિલકત ધરાવતા લોકોની સંખ્યા વધીને ૧,૮૧૦ થઇ હતી. આ આંકડો ગયા વર્ષની સરખામણીમાં ૧૨૮ વધુ છે. તેઓની કુલ મિલકત ૧૨.૮ ટકા વધીને રૂપિયા ૧૮૭.૫ લાખ કરોડ એટલે કે અંદાજે ૧.૯૬ ટ્રિલ્યન ડૉલર થઇ હતી. (એજન્સી)■

## ભારતના મિડલ-ઈસ્ટના ઈકોનોમિક કોરિડોરને ટ્રમ્પનો ટેકો

### સઉદી અરેબિયા માને તો જ આગળ દાળ ગળે

ન્યૂ યોર્કઃ સીરિયા અખાતમાંથી ભૂમધ્ય સમુદ્રમાં તેલ અને વાયુ લઈ જવાનું મુખ્ય કોરિડોર બની રહ્યું છે, એવા પ્રસાર માધ્યમના અહેવાલની અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ૨૦ દિવસ પહેલાં સરાહના કર્યા બાદ તેમણે મંગળવારે સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય સભામાં સંબોધન દરમિયાન ભારતના મધ્ય પૂર્વ-યુરોપના ઈકોનોમિક કોરિડોરને સમર્થન આપ્યું હતું.

પશ્ચિમના ઘણા વિચારકો ભારતના સૂચિત કોરિડોરની તુલનામાં સિરીયાના વિકલ્પની હિમાયત કરતા હોવા છતાં ભારતનો કોરિડોર એ વધુ વ્યવહારૂ દરખાસ્ત લાગે છે, કારણ કે એ તેલના પુરવઠાકારોને ભારતની રીફાઈનરી અને ગ્રાહકો (ભારતના ઉપખંડ અને યુરોપ) સાથે જોડે છે. તદુપરાંત સીરિયાની રાજકીય સ્થિરતા સામે ટ્રમ્પના ટેકા છતાં પ્રશ્નાર્થ રહ્યા છે.

ભારતનો કોરિડોર ભારતના મુદ્રા બંદરને સંયુક્ત આરબ અમિરાતના ફુજૈરા બંદર સાથે સમુદ્રમાર્ગે જોડશે. ત્યાર બાદ તે પાઈપલાઈન વડે સઉદી અરેબિયા, જોર્ડન અને ઈઝરાયલને સૌર શક્તિથી ચાલતી રેલ નેટવર્ક વડે જોડશે. પછી તે હાઈફા બંદર વાટે યુરોપના નેપલ્સ (ઈટલી) અને માર્સેલ્સ (ફ્રાન્સ)ને જહાજો વડે જોડશે. આમાં સૌથી મહત્ત્વનું પાસું એ છે કે ભારતના કોરિડોરમાં હોર્મુઝ સામુદ્રધુની અને સુએઝ

(જુઓ પાનું ૨) ▸▸

## ઑઇલ કંપનીઓને રોજ ૫૩૦ કરોડ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે

નવી દિલ્હીઃ રૅટિંગ એજન્સી આઇસીઆરએ જણાવ્યું હતું કે સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ પેટ્રોલ અને ડીઝલના વેચાણ પર વધતા નુકસાનનો સામનો કરી રહી છે, કારણ કે ક્રૂડ ઓઈલના ભાવમાં થયેલો વધારો સ્થાનિક સ્તરે ઇધણની કિંમતોની સરખામણીમાં વધુ ઝડપી છે.

આઇસીઆરએના જણાવ્યા અનુસાર, ઈન્ડિયન ઓઇલ કોર્પોરેશન (આઇઓસી), ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (બીપીસીએલ) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (એચપીસીએલ) ને પેટ્રોલ પર પ્રતિ લિટર આઠ રૂપિયા અને ડીઝલ પર નવ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે, જ્યારે ઘરેલુ એલપીજી (એલપીજી) સિલિન્ડર પર ’અંડર-રિકવરી’ (પડતર કિંમત અને વેચાણ કિંમત વચ્ચેનો તફાવત) આશરે ૩૦૦ રૂપિયા પ્રતિ સિલિન્ડર છે. આ સ્તરો પર તેલ માર્કેટિંગ કંપનીઓને દરરોજ ૫૩૦ કરોડ રૂપિયાનું નુકસાન થવાનો અંદાજ છે.

પશ્ચિમ એશિયામાં વધતા ભૌગોલિક-રાજકીય તણાવ અને પુરવઠામાં અવરોધોને કારણે તાજેતરના અઠવાડિયામાં ક્રૂડ ઓઈલના ભાવમાં તીવ્ર વધારો થયો છે. આ વધારો અમેરિકા-ઇરાન વચ્ચેના સંઘર્ષ, સઉદી અરેબિયાની ઈસ્ટ-વેસ્ટ પાઈપલાઈન બંધ થવા અને રેડ સીમાં હૂતી વિદ્રોહીઓની વધતી ગતિવિધિઓને કારણે થયો છે.

ભારત દ્વારા આયાત કરવામાં આવતા ક્રૂડ ઓઇલના બાસ્કેટનો ભાવ ૨૧, સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ વધીને પ્રતિ બેરલ ૧૧૭.૪ અમેરિકન ડોલર થયો હતો, જે ૨૦૨૫-૨૬માં સરેરાશ પ્રતિ બેરલ આશરે ૬૬ યુએસ ડોલર હતો. આઇસીઆરએમાં કોર્પોરેટ સેક્ટર રેટિંગ્સના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ અને કો-ગ્રુપ હેડ પ્રશાંત વશિષ્ઠે રિપોર્ટમાં જણાવ્યું હતું કે, પશ્ચિમ એશિયામાં યુદ્ધ અને તેલ પુરવઠાના મુખ્ય માર્ગોમાં અવરોધોને કારણે ક્રૂડના ભાવમાં ઉછાળો આવ્યો છે.

રિફાઇનિંગ માર્જિન પ્રમાણમાં મજબૂત હોવા છતાં ઇંધણ માર્કેટિંગ કંપનીઓ પર દબાણ જોવા મળી રહ્યું છે. એજન્સીએ કહ્યું કે પશ્ચિમ એશિયા સંકટની શરૂઆત બાદથી સિંગાપોર ગ્રોસ રિફાઇનિંગ માર્જિન પ્રતિ બેરલ ૧૦ યુએસ ડોલરથી ઉપર રહ્યું છે, જેને રિફાઇનરી બંધ રહેવાની ઘટનાઓ, પુરવઠામાં અવરોધો અને ઇન્વેન્ટરીમાં ઘટાડાનો સહારો મળ્યો છે. તેમ

(જુઓ પાનું ૨) ▸▸

## સુરેન્દ્રનગરમાં ચા ન પીવડાવી તેનું મનદુઃખ રાખી મિત્રએ જ ખાસ દોસ્તની હત્યા કરી

સુરેન્દ્રનગરઃ શહેરના નવા જંકશન રેલવે સ્ટેશન નજીક ચા ન મંગાવવાના મનદુઃખમાંથી શરૂ થયેલો વિવાદ બીજા દિવસે લોહિયાળ બન્યો હતો. પાણીના ટાંકા પાસે બોલાવી યુવક સાથે બોલાચાલી અને ગાળાગાળી કર્યા બાદ છરી વડે હુમલો કરવામાં આવ્યો હોવાની ફરિયાદ સુરેન્દ્રનગર સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. ગળા અને માથાના ભાગે છરીના ઘા વાગતાં ગંભીર રીતે ઘવાયેલા યુવકને ટી.બી. હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. પોલીસ ફરિયાદ મુજબ, મૃતક જાવેદ પોતાના મિત્રો સાથે તા. ૨૦ સપ્ટેમ્બરની રાત્રે નવા જંકશન રેલવે સ્ટેશનના ગેટ પાસે આવેલી ચાની દુકાને ગયો હતો. તેની સાથે હાજી ઉર્ફે હાજીભા જાનમહમદ દોના સહિતના મિત્રો પણ હતા. ત્યાં સૌ માટે ચા મંગાવવામાં આવી હતી, પરંતુ હાજી માટે ચા ન મંગાવવામાં આવતા તેને આ બાબતનું મનદુઃખ થયું હતું. આ ઘટના બાદ બીજા દિવસે તા. બાવીસ સપ્ટેમ્બરની સાંજના સમયે જાવેદે પોતાના મિત્રને ફોન કરી પાણીના ટાંકા પાસે બોલાવ્યો હતો. ત્યાં જાવેદ અને હાજીભા વચ્ચે અગાઉની ચા બાબતના મનદુઃખને લઈને બોલાચાલી અને ગાળાગાળી થઈ હતી. દરમિયાન મામલો ઉગ્ર બનતા હાજીભાએ પોતાની પાસે રહેલી છરી વડે જાવેદના ગળા અને માથાના ભાગે બે ઘા માર્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. છરીના ઘા વાગતાં જાવેદ ગંભીર રીતે ઘવાઈ લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યો હતો. બનાવને પગલે આસપાસના લોકો એકત્ર થતાં હુમલો કરનાર શખ્સ ત્યાંથી નાસી ગયો હોવાની ફરિયાદમાં વિગતો છે. ત્યારબાદ જાવેદને સારવાર માટે સુરેન્દ્રનગરની ટી.બી. હૉસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો. જોકે, હૉસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં તબીબી તપાસ બાદ જાવેદને મૃત જાહેર કરવામાં આવ્યો. ■

## નખત્રાણામાં ટ્રકમાંથી ₹ ૪૮.૧૨ લાખનો દારૂ જપ્ત, બુટલેગર સાગરીતો સાથે ફરાર

ભુજઃ નખત્રાણા તાલુકાના વડવા કાંયા ગામની સીમમાં પરોઢિયે દારૂનું કટિંગ ચાલી રહ્યું હતું ત્યારે જ એલસીબીની ટુકડીએ છાપો મારી પંજાબથી આવેલી ટ્રકમાંથી રૂ.૪૮.૧૨ લાખનો વિદેશી દારૂ અને બિયરનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. જોકે, પોલીસ વાહનોને જોઈ મુખ્ય સૂત્રધાર જીતીયો સોઢા સાગરીતો સાથે બે કારમાં નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. સ્થાનિક ગુનાશોધક શાખાને મળેલી ચોક્કસ બાતમીના આધારે બુધવારે પરોઢે ૫ઃ૦૦ વાગ્યાના અરસામાં મંગવાણાથી ગઢશીશા જતા માર્ગ પર આવેલા વડવા કાંયા ગામની સીમમાં બાવળની ઝાડીઓમાં રેઈડ કરવામાં આવી હતી. પોલીસ કાફલાને ધસી આવતો જોઈ કુખ્યાત બૂટલેગર જીતુભા ઉર્ફે જીતીયો મંગળસિંહ સોઢા અને તેના સાગરીતો સફેદ રંગની ક્રેટા તેમજ સ્વિફ્ટ કાર હંકારીને અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યા હતા. પોલીસે સ્થળ પર ઊભેલી શંકાસ્પદ ટ્રકની કેબિન તપાસતાં અંદર નિંદ્રાધીન ડ્રાઈવર ઝડપાયો હતો. પૂછપરછમાં તેણે પોતાનું નામ સત્તારખાન રમજાનખાન પઠાણ (ઉં.વ. ૨૯, રહે. બાડમેર, રાજસ્થાન) હોવાનું જણાવ્યું હતું. ડ્રાઈવરે કબૂલાત કરી હતી કે ટ્રકના માલિક શકુરખાન નવાબખાન અને તેના મિત્ર અકબરખાન સમેજા (બંને રહે. બાડમેર)એ પંજાબના ભટીંડાથી આ શરાબ ભરાવ્યો હતો. કચ્છ પહોંચ્યા બાદ જીતીયો સોઢા પોતે પોતાની કારથી પાયલોટિંગ કરીને ટ્રકને કટિંગ માટે સીમમાં લાવ્યો હતો. ટ્રકમાં જવના ભૂંસા અને પ્લાસ્ટિક દાણાના વેસ્ટના ૫૦ કોથળાની આડમાં સંતાડેલી શરાબની નાની-મોટી ૭,૭૪૦ બોટલો (કિંમત રૂ. ૩૮.૫૨ લાખ) તેમજ બિયરના ૭,૬૮૦ ટીન (કિંમત રૂ. ૯.૬૦ લાખ) મળી કુલ રૂ. ૪૮,૧૨,૦૦૦/-નો દારૂ-બિયર મળી આવ્યો હતો. ■

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# અમેરિકાનો યુરોપ-મિડલ ઈસ્ટ-ઈન્ડિયા કોરિડોરનો તુક્કો નવો નથી

**કોઈ** ને કોઈ બહાને ભારતની મેથી માર્યા કરતા ડોનલ્ડ ટ્રમ્પે ‘ઈન્ડિયા-મિડલ ઈસ્ટ-યુરોપ ઈકોનોમિક કોરિડોર’ (IMEC)નો નવા તુક્કો વહેતો કર્યો છે. યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલી દરમિયાન ડોનલ્ડ ટ્રમ્પે જાહેર કર્યું કે, ઈરાનના આધિપત્યવાળા વિસ્તારોમાંથી ક્રૂડ ઓઈલ અને નેચરલ ગેસની હેરફેરમાં વિઘ્ન ના આવે એ માટે આ કોરિડોર બનાવવો જોઈએ ને અમેરિકા તેમાં તન,મન, ધનથી મદદ કરશે.

આ કહેવાતા ‘ઈન્ડિયા-મિડલ ઈસ્ટ-યુરોપ ઈકોનોમિક કોરિડોર’ (IMEC)માં મિડલ ઈસ્ટ, યુરોપ અને ભારતને સીરિયાના રસ્તે ક્રૂડ ઓઈલ અને નેચરલ ગેસ માટે જોડવાની વાત છે. ભારતના (મુંદ્રા બંદરથી યુએઈના ફુજૈરાહ બંદર સુધી સમુદ્રના માર્ગે હેરફેર થાય પછી પાઇપલાઇન દ્વારા સઉદી અરેબિયા, જોર્ડન અને ઇઝરાયલ સાથે સોલર એનર્જી સંચાલિત રેલવે નેટવર્ક દ્વારા જોડાણ કરાય અને ત્યાંથી હૈફા બંદરથી જહાજો દ્વારા યુરોપના નેપલ્સ અને માર્સેલીસ સુધી ક્રૂડ અને નેચરલ ગેસ પહોંચશે. .આ કોરિડોરમાં હોર્મુઝની સામુદ્રધુની (Strait of Hormuz) અને સુએઝ કેનાલ-રેડ સીનો રૂટ નથી આવતો તેથી ઈરાન ક્યાંય નડશે જ નહીં.

ભૂતકાળમાં અમેરિકાએ રેલવે અને સમુદ્રમાર્ગે પશ્ચિમ એશિયા તથા દક્ષિણ એશિયાને જોડવાનો તુક્કો પણ વહેતો કરેલો. ચીનની વધતી દાદાગીરી અને બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવ દ્વારા દક્ષિણ એશિયામાં પગપેસારાનો જવાબ આપવા માટે આ પ્રોજેક્ટ વિચારાયેલો. આ વિચાર મૂળ તો ઈઝરાયલનો હતો ને અમેરિકાને ગમી જતાં ભારત, ઈઝરાયલ, યુએઈ અને અમેરિકાએ મળીને આઈ2યુ2 ગ્રુપ બનાવ્યું હતું. સંયુક્ત સાહસો ઉપરાંત જળ, ઊર્જા, ટ્રાન્સપોર્ટેશન, સ્પેસ, હેલ્થ અને ફૂડ સિક્યુરિટીમાં પહેલ માટેના ગ્રુપનું નામ ઈન્ડિયા અને ઈઝરાયલના બે ‘આઈ’ અને યુએસ તથા યુએઈના બે ‘યુ’ પરથી આઈ2યુ2 રખાયું છે.

ઓક્ટોબર, ૨૦૨૧માં સ્થપાયેલા આ ગ્રુપે ૨૦૨૨ના જુલાઈમાં પોતાનું પહેલું સંયુક્ત નિવેદન બહાર પાડ્યું તેમાં પહેલી વાર આ વાત કરાઈ પછી ૨૦૨૩માં લગભગ ત્રણેક વર્ષ પહેલાં જો બાઇડન પ્રમુખ હતા ત્યારે અમેરિકાએ ભારત, સઉદી અરેબિયા અને યુનાઈટેડ આરબ અમિરાત (યુએઈ)ને સાથે લઈને માલસામાનની હેરફેર માટે વિકસાવવા આ પ્રોજેક્ટ હાથ ધરવાનો વિચાર વહેતો મૂકેલો. આ પ્રોજેક્ટમાં ગલ્ફના પાંચ દેશોને રેલવે મારફતે આવરી લીધા પછી સમુદ્રમાર્ગે કાર્ગો શિપ્સના માધ્યમથી ભારત પહોંચવું ને છેલ્લે ભારતના રેલવે નેટવર્ક સાથે જોડાણ કરવાની યોજના હતી.

અમેરિકાની ટેકનોલોજી, યુએઈ અને સઉદી અરેબિયાનાં નાણાં તથા ભારતની રેલવે નેટવર્ક ઊભું કરવાની ક્ષમતાનો ઉપયોગ કરીને કુવૈતથી સઉદી અરેબિયા, કતાર, યુએઈ અને છેલ્લે ઓમાન સુધી પહોંચતી રેલવે લાઈન નાખવાની યોજના હતી. ઓમાનના દુકમ બંદરે રેલવે લાઈન સમાપ્ત થાય પછી સમુદ્ર માર્ગે ભારત સાથે જોડાવાની યોજના અમેરિકાએ રજૂ કરેલી.

આપણે ત્યાં આવું કોઈ ગતકડું હાથ લાગે એટલે લોકો અતિ ઉત્સાહમાં આવી જતા હોય છે. અમેરિકાના તુક્કાને પગલે પણ એક વર્ગ અતિ ઉત્સાહમાં આવી ગયેલો ને હવે મોદી સાહેબ ભારત અને ઓમાન વચ્ચે અંડરસી ટ્રેઈન શરૂ કરીને ઈતિહાસ રચશે એવું કહીને તેમનાં ઓવારણાં લેવા માંડેલાં. દુનિયામાં અત્યારે સમુદ્રની અંદર એટલે કે અંડરસી ટ્રેન જાપાન અને યુકે-ફ્રાન્સ એમ બે જગાએ જ ટ્રેન દોડે છે પણ તેમની લંબાઈ બહુ ઓછી છે. ઉત્તર જાપાનમાં રેલવે ટ્રેક સાથેની સેઈકાન ટનલ ૫૪ કિલોમીટરની છે ને તેમાંથી ૨૩ કિલોમીટર રસ્તો દરિયાની અંદર છે. યુકે અને ફ્રાન્સ વચ્ચેની ૫૦ કિલોમીટર લાંબી ચેનલ ટનલમાંથી ૩૮ કિલોમીટરનો ટ્રેક દરિયાની અંદર છે.

ભારત અને ઓમાન વચ્ચે સૌથી ટૂંકો દરિયાઈ માર્ગ ઓમાનના સોહર બંદરથી ગુજરાતના મુંદ્રા બંદર વચ્ચે ૭૩૯ નોટિકલ માઈલ્સ એટલે કે ૧૩૬૮ કિલોમીટર છે. આટલો લાંબો અંડરસી રેલવે ટ્રેક બનાવવો એ નાનીમાના ખેલ નથી તેથી એક્સપર્ટ્સ તો તેને એ વખતે જ હવાઈ તુક્કો ગણાવતા હતા પણ જેને વાહવાહી કરવી છે તેને ક્યાં લોજિકની ચિંતા કરવાની છે? પરિણામે થોડો સમય જયજયકાર કરી દેવાયો ને પછી બધું હવાઈ ગયું.

અમેરિકાએ એ વખતે પણ એવો તુક્કો વહેતો કરેલો જ કે, ભવિષ્યમાં આ નેટવર્કનો વિસ્તાર કરીને આખા લેવાન્ટ પ્રદેશને આવરી લેવાશે કે જેથી ચીનને યુરોપમાં ઘૂસતું રોકી શકાય. સઉદી અરેબિયા સહિતના આરબ દેશો મિડલ ઈસ્ટ કહેવાય છે જ્યારે એ સિવાયના પશ્ચિમ એશિયાની આસપાસના વિસ્તારને લેવાન્ટ કહેવાય છે.

ઈઝરાયલ, સાયપ્રસ, તુર્કી, જોર્ડન, લેબેનોન, પેલેસ્ટાઈન, સીરિયા, લિબિયા, ઈજિપ્ત, ગ્રીસ, ઈરાક વગેરે દેશોનો બનેલો વિસ્તાર લેવાન્ટ રિજિયન ગણાય છે. અમેરિકાએ એ વખતે જ લેવાન્ટમાં યોજનાનો વિસ્તાર કરવાની ઈચ્છા વ્યક્ત કરી જ દીધેલી તેથી આ કોરિડોર અમેરિકાના એ તુક્કાનું નવું સ્વરૂપ છે. ફરક એટલો છે કે, એ વખતે અમેરિકાને ચીનના વધતા પ્રભાવની ચિંતા હતી ને અત્યારે ઈરાનની ફિકર છે.

આ પ્રકારનો કોઈ પણ પ્રોજેક્ટ સૈદ્ધાંતિક રીતે ભારતના ફાયદામાં જ હોય કેમ કે યુરોપ અને આરબ દેશો સાથે ભારતનો સીધો વ્યવહાર થઈ જાય તેનાથી રૂડું શું? અત્યારે ભારત અને મિડલ ઈસ્ટ વચ્ચે સીધી કનેક્ટિવિટી નથી. પાકિસ્તાન પોતાની એર સ્પેસનો ઉપયોગ કરવા દેતું નથી તેથી ભારતે ફરીને જવું પડે છે. ભારત ક્રૂડ ઓઈલ માટે મિડલ ઈસ્ટના દેશો પર નિર્ભર છે પણ પાકિસ્તાનની આડોડાઈના કારણે ફરીને જવું પડે છે તેથી ટ્રાન્સપોર્ટેશન ખર્ચ વધારે આવે છે એ બચી જાય. યુરોપ અને મિડલ ઈસ્ટનો ભારત સાથે સીધો સંપર્ક થવાથી વ્યાપારની તકો પણ વધે.

મિડલ ઈસ્ટમાં ભારતના કરોડો લોકો રહે છે. યુએઈ સહિતના દેશોમાં રહેનારા ભારતીયોની સંખ્યા એક કરોડની આસપાસ હોવાનું કહેવાય છે ને મોટા પ્રમાણમાં ભારતીયો રહે છે તેથી વ્યાપાર માટેનું પ્લેટફોર્મ તો તૈયાર જ છે પણ ભારતનો માલ સસ્તો નથી પડતો તેથી વ્યાપાર વધતો નથી. ટ્રાન્સપોર્ટેશન ખર્ચ ઘટવાથી ભારતનો માલ સસ્તો પડે તો મિડલ ઈસ્ટના દેશો ભારત પાસેથી વધારે માલ લેતા થાય તેથી નિકાસ વધે.

આ બધાં કારણોસર કાગળ પર આ પ્રોજેક્ટ સારો લાગે પણ મુખ્ય અવરોધ સઉદી અરેબિયા છે. સઉદી અરેબિયા, તુર્કીયે અને પાકિસ્તાને મક્કા કરાર દ્વારા બનાવેલું ત્રેખડ ભારતનાં હિતોની વિરુદ્ધ છે. પાકિસ્તાનનાં હિતો તેમના માટે સર્વોપરિ છે એ જોતાં સઉદી જોડાય કે કેમ એ અંગે શંકા છે. સીરિયાના રસ્તે હેરફેરની વાત છે પણ સીરિયા આતંકવાદીઓનો અડ્ડો છે તેથી સલામતી કેટલી એ સવાલ છે.

બીજું એ કે, અમેરિકાના દુશ્મનો પણ સમયાંતરે બદલાયા કરે છે ને દુશ્મનો બદલાય એમ તેને નવા નવા તુક્કા સૂઝે છે તેથી અમેરિકા પણ ભરોસાપાત્ર નથી.

ટ્રમ્પને અત્યારે ઈરાનની મેથી મારવામાં રસ છે તેથી આ સણકો ઊપડ્યો છે પણ કાલે ઈરાન સાથે સમાધાન થઈ જાય તો અમેરિકા બધું અભરાઈ પર પણ ચડાવી દે. આ સંજોગોમાં ટ્રમ્પ હઈસો હઈસો કરે તેમાં હરખાઈ જવા જેવું નથી. બધા રાજીપો બતાવે તો આપણે પણ રાજી થઈ જવાનું ને પછી બધું ભૂલી જવાનું. આ હવાઈ તુક્કા વાસ્તવિકતામાં પરિણમે ત્યારે ખરું. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

**દક્ષિણાયન - સૌર શરદઋતુ, ગુરુવાર, તા. ૨૪-૯-૨૦૨૬, પ્રદોષ**

- ભારતીય દિનાંક ૨, માહે આશ્વિન, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ભાદ્રપદ સુદ-૧૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૧૩
- પારસી શહેનશાહી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૮મો દએપઆદર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૨મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૧૩મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- નક્ષત્ર ઘનિષ્ઠા સવારે ક. ૧૦-૩૪ સુધી, પછી શતભિષા
- ચંદ્ર કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૯, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૩, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-
- ભરતીઃ સવારે ક. ૧૦-૩૯, રાત્રે ક. ૨૨-૫૦
- ઓટઃ સાંજે ક. ૧૬-૫૦, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૪૭ (તા. ૨૫)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, ‘પરાભવ’નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ - ત્રયોદશી. પ્રદોષ, ગોત્રીરાત્રિ પ્રતારંભ, પંચક, ફતીહા યાજમ (મુસ્લિમ)
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ પ્રદોષ વ્રત ઉપવાસ, શિવપાર્વતી પૂજા, સાયંકાળે શિવમંદિરમાં દીપદાનનો મહિમા, સંધ્યા આરતી, ભજન, કીર્તન, રાત્રિ જાગરણ, શિવભક્તિ સહિત, ગુરુ ગ્રહદેવતાનું પૂજન, મંગળ-રાહુ ગ્રહદેવતાનું પૂજન, વસુદેવતા, વરુણદેવતાનું પૂજન, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, કદંબનું વૃક્ષ વાવવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, વિદ્યારંભ, રાજ્યાભિષેક, પાટઅભિષેક પૂજા, બગીચો બનાવવો, શિવમંદિરમાં ધજા-કળશ પતાકા ચઢાવવી, પર્વ નિમિત્તે નવા વસ્રો, આભૂષણ. દેવદર્શન, અન્નપ્રાશન, નામકરણ, નવી નોકરી, દુકાન-વેપાર, રત્ન ધારણ, વૃક્ષ વાવવા, વાહનસવારી, ધાન્ય ભરવું, ધાન્ય વેંચવું. પશું લે-વેંચ.
- શ્રી ગણેશ મહિમાઃ શ્રી ગણેશજીની આકૃતિ જીવતત્ત્વ અને ઈશ્વરતત્ત્વના પ્રેરણાસ્રોત છે. શ્રી ગણેશ જ્ઞાન, બુદ્ધિ, ધીરજ સ્થિર પ્રકૃતિનું સૂચન કરે છે. જ્ઞાનીઓ માટે વધુ ને વધુ જ્ઞાન અને ભક્તિ દ્વારા ઈશ્વર તરફના પ્રયાણને જાળવી રાખવા શ્રી ગણેશભક્તિ અનિવાર્ય છે.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ પ્રવાસમાં સાવધાની જરૂરી, ચંદ્ર-શુક્ર ત્રિકોણ કળાનો શોખ
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ, ચંદ્ર-શુક્ર ત્રિકોણ. ચંદ્ર ક્રાંતિવૃત્ત પર આવી ઉત્તરે થશે. મંગળ પુષ્ય પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય- કન્યા, મંગળ-કર્ક માર્ગી બુધ-કન્યા માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# અલ્લાહના બેમિસાલ સર્જનોઃ ધર્મ અને વિજ્ઞાનનો સમન્વય

**ઘણા** લોકોનું એવું માનવું છે કે ધર્મ અને વિજ્ઞાન વચ્ચે કોઈ મેળ નથી અને તેથી જ કેટલાક ધર્મિષ્ઠ લોકો વિજ્ઞાનમાં રસ લેતા નથી, ઊલટું વિજ્ઞાનની પ્રગતિને વખોડી કાઢે છે. ખરી રીતે તો જગતમાં જે ચીજો છે, પછી ભલે ધરતીના પેટાળમાં હોય કે પછી ઊંચે આકાશમાં હોય, તેની શોધખોળ કરવી અને એમાંથી લોકહિતની સામગ્રી સંપાદન કરવી એજ સાચું વિજ્ઞાન છે. ‘અલ્લાહની કુદરતમાં એક કલાક ચિંતન-મનન કરવું એક વર્ષની ઇબાદત કરતા ઉત્તમ છે.’ આ હદીસને નજરમાં રાખી અલ્લાહના સર્જન વિષે વિચાર કરીએ.

કુરઆને મજીદમાં ખુદાતઆલાએ સૂરજ અને ચાંદ વિષે ફરમાવ્યું છે કે - ‘સૂરજની એ મજાલ નથી કે એ પોતે ચાંદને પકડી શકે અને રાતની એ તાકાત નથી કે એ દિવસથી આગળ વધી જાય.’ બીજી બાજુ ખુદાએ ફરમાવ્યું છે કે- ‘અમે તારાઓને એટલા માટે પેદા કર્યા કે અંધારામાં તમે ભટકી ન જાઓ, બલકે એ તારાઓ પાસેથી તમે હિદાયત હાંસલ કરી શકો.’

આપણે સહુથી પહેલા તો અલ્લાહે ઉત્પન્ન કરેલી આ પૃથ્વી પરની નાનામાં નાની વસ્તુને લઈએ અને તે છે પૃથ્વી પરના સૂક્ષ્મ બારીક કણો. એમાંના કેટલાક કણોને વૈજ્ઞાનિક ભાષામાં એટમ અથવા પરમાણુ કહેવામાં આવે છે. એ પરમાણુ કણ એટલા બધા નાના હોય છે કે નરી આંખે જોઈ શકાતા નથી. તેને જોવા માટે નાના કણને હઝાર ગણું મોટું દેખાડી શકે એવા શક્તિશાળી માઇક્રોસ્કોપની જરૂર પડે છે. હવે એ જોઈએ કે અલ્લાહે બનાવેલા આ નાના કણ અંદરથી કેવા છે? આ કણ (પરમાણુ) આટલા બધા ઝીણા હોવા છતાં એની અંદર ખાલી જગ્યા છે એટલે કે એ પોલા છે, નક્કર નથી. આમ અલ્લાહે પેદા કરેલા નાનામાં નાના કણોને પણ આજનો આગળ વધેલો ઈન્સાન પૂરું જાણી શકયો નથી.

આસમાનના અબજો સિતારાઓ તથા આપણી દુનિયામાંથી નજરે જોઈ શકાતા સૂરજ - ચાંદ - તારા વગેરે વિષે વિચાર કરીએ ત્યારે અલ્લાહની ભવ્ય, અદ્ભુત અને જબરજસ્ત કુશળતાની આપણને ઝાંખી થાય. આકાશમાં દેખાતા નઝારા અલ્લાહે ખલ્ક કર્યા છે. પહેલા આપણું વિશ્વ જેમાં આપણે વસીએ છીએ તે કેટલું મોટું છે એ જાણીએ. પૃથ્વીની સહુથી નજીકનો તારો આલ્ફા સેન્ટાઉન્ટી છે, ત્યાં સેકંડે એક લાખ છીયાસી હજાર માઇલની ગતિથી જતા અવકાશયાનમાં જઈએ તો પૂરા ત્રણ વર્ષ - ત્રણ મહિના અને અઢાર દિવસ લાગે. આ જ ઝડપે આપણી આકાશગંગાના એક છેડેથી બીજા છેડે જઈને પાછા આવતા દોઢ લાખ વર્ષ લાગે. વળી રાત્રિના આપણે જે તારાઓ જોઈએ છીએ તે તથા આપણી આ પૃથ્વી, સૂરજ, ચંદ્ર વિગેરે મળીને ૨૦૦ અબજ તારાઓ ધરાવતું વિશ્વ એક જ નથી. એવા વધુ તારાઓ ધરાવતા બીજા વિશ્વો પર અલ્લાહે આ આકાશમાં ગોઠવેલા છે.

એટલું જ નહીં પણ આવા જબરદસ્ત તારા વિશ્વો એકબીજાથી ઓછામાં ઓછા ૨૦ લાખ પ્રકાશ વર્ષ દૂર છે. એક પ્રકાશ વર્ષ (એટલે કે પ્રકાશના વેગથી કાઢેલું અંતરનું માપ) કે જે પ્રકાશ દર સેકન્ડે લગભગ ત્રણ લાખ કિલોમીટરના વેગથી જાય છે. એક વર્ષ સુધી પ્રકાશ આ ગતિથી જાય ને જેટલું અંતર કાપે તે અંતરને ‘પ્રકાશ વર્ષનું અંતર’ કહે છે. હેવ આવા ૨૦ લાખ પ્રકાશ વર્ષના માઉલોનો હિસાબ કાઢવો હોય તો ક્યાંથી નીકળી શકે? આપણા નાચીઝ ઈન્શાનના ગણિતશાસ્ત્રમાં એટલા આંકડા જ નથી. આમ અલ્લાહની બનાવેલી નાની તેમ જ મોટી સૃષ્ટિની કલ્પના અને સમજ ઈન્શાનના ગજમાં પૂરેપૂરી ઊતરતી નથી. આપણા મગજની શક્તિ ઘણી જ મર્યાદિત છે, તો પછી આ જબરદસ્ત સૃષ્ટિના માલિક વિષે પૂરેપૂરું ક્યાંથી જાણી શકાય? એટલે જ હદીસોમાં કહ્યું છે કે - ‘અલ્લાહની જાતમાં વિચાર ન કરો પણ ફક્ત એની કુદરતમાં વિચાર કરો.’

આજે ઈન્સાને ચાંદ પર જવા જેટલી વિશાળ પ્રગતિ કરી છે, પણ અલ્લાહે રચેલી આ જબરદસ્ત સૃષ્ટિને ધ્યાનમાં લઈને વિચારીએ તો, આપણી પૃથ્વી પર જેટલા સમુદ્રો છે અને એના કિનારા પર જેટલી રેતી છે તે રેતીના એક કણ પરથી બીજા કણ પર એક કીડી જાય ને જેટલી પ્રગતિ કીડીએ કરી ગણાય એટલી જ પ્રગતિ ઈન્સાને ચાંદ ઉપર જઈને કરી ગણાય. જગતના મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઇન પણ કહી ગયા છે કે - ‘અલ્લાહની ખલ્કત (સૃષ્ટિ)નું જે જ્ઞાન આજે દુનિયા પાસે છે તે જ્ઞાન જગતના સઘળા સમુદ્રના કિનારાની રેતીના એક કણ જેટલું જ છે.’ તદ્ઉપરાંત આ જબરદસ્ત આસમાન કે જેની ઈન્તેહા (સીમા) જેનો અંત પણ હજી ઈન્સાનને માલુમ પડી શકેલ નથી અને અલ્લાહે રચેલા કરોડો તારા વિશ્વો અને તે ઉપરાંતની બીજી રચનાઓ શું શું છે એ તો હજુ પામર મનુષ્ય જાણી તો શું કલ્પી પણ શકતો નથી.

અબજો તારાઓ ધરાવતા બીજા કરોડો વિશ્વો હોવા છતાં અલ્લાહે બનાવેલા આ અનંત આસમાનમાં મોટા ભાગની જગ્યા ખાલી છે. આ અલ્લાહની મહાનતા નથી તો બીજું શું છે?

માણસ કુદરત પાસેથી ઘણું શીખ્યો છે. તેના દરેક સર્જનની પ્રતિકૃતિ બનાવવાની કોશીશ કરે છે. છતાં માણસની બનાવેલી વસ્તુઓ, કુદરતી સર્જન કરતા અપૂર્ણ છે. પક્ષીઓ કેમ ઊડે છે, કેવી રીતે ઊડે છે તેનો અભ્યાસ કરીને માણસે વિમાન બનાવ્યું. ગુંજન પક્ષી હવામાં સ્થિર કઈ રીતે રહી શકે છે તેનો અભ્યાસ કરીને હેલિકૉપ્ટર બનાવ્યા. ગીધ, ગરુડ વગેરે પક્ષીઓનો અભ્યાસ કરીને ગ્લાઈડર એટલે કે એન્જિન વગરના ગ્લાઇડર વિમાન બનાવ્યા. પક્ષી જ્યારે પાંખો પ્રસારીન ઊડતું હોય ત્યારે ડાબેથી જમણે વળતા, ઊંચું નીચું થતું હોય ત્યારે પાંખને છેડે એકબીજાથી છૂટાં લાંબા પીછા હોય છે, જે વડે એ સમતુલન જાળવી રાખી શકે છે. વિમાની યુગના પ્રારંભમાં આ હકીકતની ઉપેક્ષા થઈ, જ્યારે કોઈ ભૂલ રહી જતી ત્યારે વિમાન અકસ્માતનો ભોગ બનતું. સુરખાબ, મોટા બગલા, સારસ વગેરે મોટા અને ભારે પંખી ઊડવા માટે પહેલા પાંખો પ્રસારીને દોડે છે જેથી હવા ઉપર આખું શરીર ઉપડી આવે. માણસે તે જોઈને પદાર્થપાઠ લીધો કે વિમાન પવન સામે દોડે તો પાંખોની નીચે હવાનું દબાણ ઉત્પન્ન થાય છે જેથી વિમાન ઊંચકાઈ આવે છે. જમીન પરથી સહેલાઇથી ઊડી શકે છે.

આ યોજનાપૂર્વક રચાયેલી સૃષ્ટિ અને એના પરના આસમાન વિગેરે પર શુદ્ધ બુદ્ધિથી વિચાર કરીએ તો છેવટે તો અલ્લાહ જ મહાન છે. આ તમામ જહાનનો સર્જનહાર સૃષ્ટિની દરેક પેદાયશને યોજનાપૂર્વક વ્યવસ્થિત રાખનાર અલ્લાહ જ મહાન છે. બાકી બધું તુચ્છ છે એની પ્રતિત થતા જ અલ્લાહની માઅરેફત વધતી જાય અને આપણી મગરૂરીઓ ઓગળી જાય અને તેથી જ અલ્લાહને અનુસરવા માટેની જે રીત ઈસ્લામે સૂચવી છે તેમાં ઈન્શાન મુખેથી અલ્લાહની શ્રેષ્ઠતા ઉચ્ચારતો પોતાનું મસ્તક જમીન પર ઢાળી દેતો હોય છે. સજદો કરતો હોય છે. નમાજ પઢતો હોય છે. આવી ઉત્તમ અને યોગ્ય રીતે અલ્લાહની ઈબાદત કરવાની શીખ ફક્ત ઈસ્લામ આપે છે.

આજથી ૧૩૦૦-૧૪૦૦ વર્ષ પહેલા પયગંબર સાહેબનું આસમાન પર મેઅરાજ થઈ જ ચૂકયું છે અને ખુદાતઆલાએ પણ એ વાતની યાદ અપાવતું વર્ણન કુરઆને મજીદમાં વિસ્તારથી ફરમાવ્યું છે કે ‘અમો રસૂલે ખુદાને મસ્જિદે હરમથી મસ્જિદે અકસામાં લાવ્યા અને ત્યાર પછી ‘બુરાક’ પર સવાર કરીને આપનું મેઅરાજ કીધું.

આ બધી વાતોનું તાત્પર્ય એટલું જ કે ધર્મ અને વિજ્ઞાનને છૂટા ન પાડી શકાય, જ્યાં સુધી માનવીની શ્રદ્ધા ધર્મમાં છે ત્યાં સુધી માનવી દરેક ક્ષેત્રે પ્રગતિ સાધી શકશે, પરંતુ જ્યારે માવી ધર્મમાંથી શ્રદ્ધા અને વિશ્વાસ ગુમાવી દેશે ત્યારે વિજ્ઞાન નકામું હથિયાર બની જશે એમાં શંકાને કોઈ જ સ્થાન નથી. જગતકર્તાના ભેદ એ પોતે જ જાણે છે.

* * *

**સાપ્તાહિક સંદેશઃ**

હઝરત અલી સાહેબ કહે છે કે,

*મનુષ્ય જીવતા જીવતો નિંદ્રાધિન છે, પણ મરશે ત્યારે જાગશે.

સૌથી વધુ દયા પાત્ર તે માનવી છે જે વિદ્વાન હોય અને તોય અજ્ઞાનીની આજ્ઞા હેઠળ રહેવું પડે. ■

# ઍરફૉર્સની તાકાત વધશેઃ ૮૧૧ કરોડ રૂપિયામાં સેટેલાઇટ ઍન્ટી ઍરફીલ્ડ વેપન્સ ખરીદાશે

નવી દિલ્હીઃ સંરક્ષણ મંત્રાલયે ભારતીય વાયુસેનાને ૧૬૦ સેટેલાઇટ સ્માર્ટ એન્ટી એરફીલ્ડ વેપન્સ (એસએટી-એસએએડબલ્યૂ) અને સંબંધિત પાર્ટ્સ પૂરા પાડવા માટે સરકારની સંરક્ષણ કંપની ભારત ડાયનેમિક્સ લિમિટેડ (બીડીએલ) સાથે ૮૧૧ કરોડ રૂપિયાના કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ ઓર્ડર દેશમાં સંરક્ષણ ઉત્પાદનને વેગ આપવાના સરકારના પ્રયાસોનો એક ભાગ છે.

સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, એસએટી-એસએએડબલ્યૂ એ હવામાંથી જમીન પર પ્રહાર કરતો ગ્લાઈડ બોમ્બ છે જેને જગુઆર, હોક અને સુખોઈ-૩૦ એમકેઆઈ જેવા વિમાનોમાંથી લોન્ચ કરી શકાય છે. તેમાં દુશ્મનના એરફીલ્ડ્સને લાંબા અંતરેથી બેકાર કરવાની ક્ષમતા છે. એસએટી-એસએએડબલ્યૂની ડિલિવરી ૨૦૨૭-૨૮ અને ૨૦૨૮-૨૮ વચ્ચે થશે.

મંત્રાલયે કહ્યું હતું કે, તેનો સમાવેશ થવાથી ભારતીય વાયુસેનાની કોઈ પણ અડચણ વિના કામગીરી ચાલુ રાખવાની ક્ષમતા ચોક્કસપણે વધશે અને દેશની સંરક્ષણ સજ્જતા મજબૂત થશે. સ્વદેશમાં ડિઝાઈન કરેલ, વિકસિત અને ઉત્પાદિત’ શ્રેણી હેઠળ ભારતીય વાયુસેના માટે ૧૬૦ એસએટી-એસએએડબલ્યૂ અને સંબંધિત સાધનોની ખરીદી માટે બીડીએલ સાથેનો ૮૧૧ કરોડ રૂપિયાનો કરાર દિલ્હીમાં સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહની હાજરીમાં કરવામાં આવ્યો હતો. ■

## પહેલા પાનાનું ચાલુ

### કાયદાને પડકારતી

ભિન્ન અભિપ્રાય આપતા આ મુદ્દો દેશના મુખ્ય ન્યાયાધીશને મોકલાયો હતો.

દરમિયાન, બે ન્યાયાધીશની બૅન્ચમાંના એક ન્યાયાધીશ દીપનકર દત્તાએ બુધવારે જણાવ્યું હતું કે દેશમાં મુક્ત અને ન્યાયી ચૂંટણી યોજવા ચૂંટણી પંચ માત્ર સ્વતંત્ર સરકારી સંસ્થાન જ ન હોવું જોઇએ, પરંતુ તેણે સ્વતંત્ર રીતે કામ પણ કરવું જોઇએ.

ન્યાયાધીશ દીપનકર દત્તા અને ન્યાયાધીશ સતીશચંદ્ર શર્માની બૅન્ચે પાંચ દિવસ સુધી સંબંધિત અરજીઓ સાંભળી હતી અને જણાવ્યું હતું કે આ કિસ્સામાં અમે બન્ને ન્યાયાધીશ ભિન્ન અભિપ્રાય ધરાવતા હોવાથી હવે આ બાબતમાં નિર્ણય લેવા તેને દેશના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતને મોકલાઇ હતી.

બે ન્યાયાધીશની આ બૅન્ચે મહત્ત્વના મુદ્દે નિર્ણય લેવા પાંચ ન્યાયાધીશની કાયમી બંધારણીય બૅન્ચ રચવા દેશના મુખ્ય ન્યાયાધીશને વિનંતિ કરી હતી.

અગાઉ, સર્વોચ્ચ અદાલતની પાંચ ન્યાયાધીશની બંધારણીય બૅન્ચે ૨૦૨૩માં ચુકાદો આપ્યો હતો કે દેશના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનર્સની નિમણૂક કરતી સમિતિમાં વડા પ્રધાન, લોકસભામાંના વિપક્ષના નેતા અને દેશના મુખ્ય ન્યાયાધીશનો સમાવેશ કરવો જોઇએ અને આ સમિતિની ભલામણને આધારે રાષ્ટ્રપતિએ ચૂંટણી કમિશનર્સની નિમણૂક કરવી જોઇએ. આમ છતાં, સંબંધિત કાયદામાં આ સમિતિમાંથી દેશના મુખ્ય ન્યાયાધીશને બાકાત રાખવાની જોગવાઇ છે.

કેન્દ્રે હાલમાં ચાલી રહેલા કેસના સંબંધમાં દલીલ કરી હતી કે આ અરજીઓમાં બંધારણીય દૃષ્ટિએ મહત્ત્વનો મુદ્દો ઉઠાવાયો હોવાથી તેને પાંચ ન્યાયાધીશની બંધારણીય બૅન્ચ સમક્ષ મોકલવો જોઇએ. બે ન્યાયાધીશની બૅન્ચના વડા ન્યાયાધીશ દત્તાએ કેન્દ્રની આ દલીલનો અસ્વીકાર કર્યો હતો, જ્યારે બૅન્ચના અન્ય ન્યાયાધીશ સતીશચંદ્ર શર્મા ન્યાયાધીશ દત્તાના મંતવ્યની સાથે અસહમત હતા.

ન્યાયાધીશ દત્તાએ જણાવ્યું હતું કે અમારી બૅન્ચ આ મુદ્દે હાલમાં કોઇ નિર્ણય લઇ નથી શકી. (એજન્સી)■

### ‘સર’ ભસ્માસુર જેવુંઃ

કહેવાય છે કે સ્પેશલ ઇન્ટેન્સિવ રિવિઝન (સર) દરમિયાન મતદારની નોંધણી માટેના ફૉર્મ-૬માંના ફેરફાર અને મતદારયાદીના ડૅટાબૅઝ પરના કેન્દ્રીય અંકુશ સહિતના નિર્ણય અમારી જાણ બહાર લેવાયા હતા.

એક અખબારી અહેવાલ મુજબ બે ચૂંટણી કમિશનરે છેલ્લાં ૧૦ મહિના દરમિયાન (મતદારયાદી સુધારણા સહિતની પ્રક્રિયા સામે) ઓછામાં ઓછા ૧૪ વાંધા ઉઠાવ્યા હતા.

દેશના મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે ૨૦૧૮માં ફરજ બજાવનારા ઓ. પી. રાવતે જણાવ્યું હતું કે હાલની સંબંધિત પરિસ્થિતિ કમનસીબ ગણાય. ચૂંટણી પંચમાં આવું ભાગ્યે જ થાય છે. હું પણ દેશનો મુખ્ય ચૂંટણી કમિશનર હતો, પરંતુ અમે બધા નિર્ણય સર્વાનુમતે જ લેતા હતા.

તેમણે જણાવ્યું હતું કે ચૂંટણી પંચે બધે સ્પેશલ ઇન્ટેન્સિવ રિવિઝન (સર) દ્વારા મતદારના મનમાં ‘ભસ્માસુર’ જેવા રાક્ષસે ફેલાવેલો ડર જોવા મળે છે. આ સારી બાબત ન ગણાય. દેશની લોકશાહી માટે આ ઘણું કમનસીબ ગણાય.

એક અખબારી અહેવાલમાં દાવો કરાયો હતો કે ચૂંટણી કમિશનર વિવેક જોશીના મત મુજબ ‘સર’ને લગતી સૂચનાને આધારે ફૉર્મ-૬માં ફેરફાર કરી ન શકાય અને તેના માટે ‘રજિસ્ટ્રેશન ઑફ ઇલેક્ટર્સ રુલ્સ, ૧૯૬૦’માં કાયદેસર સુધારા કરવા પડે.

દેશના અન્ય ચૂંટણી કમિશનર સુખબીરસિંહ સંધુએ પણ જોશીના આ નિવેદનને સમર્થન આપ્યું હતું.

નવા મતદારની અરજીને ‘સર’ સાથે જોડવાના ડિક્લેરેશનને ઓનલાઇન ફૉર્મ-૬માં દાખલ કરાયું હતું. ચૂંટણી કમિશનર સુખબીરસિંહ સંધુએ તેને ‘ગેરકાયદે’ ગણાવીને તાત્કાલિક દૂર કરવા જણાવ્યું હોવાનું કહેવાય છે.

ચૂંટણી પંચના ભૂતપૂર્વ મુખ્ય કમિશનર ઓ. પી. રાવતે જણાવ્યું હતું કે કાયદામાં જોગવાઇ ન હોવા છતાં ફૉર્મ-૬ને ખોટી રીતે સુધારવામાં આવ્યું હોવાનો ચૂંટણી કમિશનર્સે આક્ષેપ કર્યો છે. (એજન્સી)■

### ભારતના મિડલ ઈસ્ટના

નહેરવાળા રાતા સમુદ્રના રૂટનો સમાવેશ થતો નથી. આથી પશ્ચિમ એશિયની લડાઈની અનિશ્ચિતતાની પણ તેના પર અસર નહીં થાય. સંયુક્ત આરબ અમિરતાનું ફુજૈરા બંદર હોર્મુઝની સામુદ્રધુની કે ઓમાનના અખાતમાં નથી આવતું. આથી જ ઈરાનના મિસાઈલે તેને લક્ષ્ય બનાવ્યું હતું. જોકે આની ચાવી સઉદી અરેબિયા પાસે છે. પ્રમુખ ટ્રમ્પે સઉદી અબ્રાહમ સંધીમાં સહી કરે તો એના બદલામાં રિયાધને નાગરિક અણુ કરાર અને ૨૪ અબજ અમેરિકન ડૉલરના એફ-૩૫ વેચવાની ઓફર આપી છે. હમાસે સાત ઑક્ટોબર, ૨૦૨૩નો ઈઝરાયલ પર આતંકવાદી હુમલો ન કર્યો હોત તો સઉદી અરેબિયાએ અબ્રાહમ સંધી પર સહી કરી નાખી હોત. હવે સઉદીએ તૂર્કી અને પાકિસ્તાન સાથે સંરક્ષણ સંધી કરી છે અને બન્ને ઈઝરાયલના વિરોધી છે. ટ્રમ્પ વહીવટીતંત્ર પણ મક્કા સંધીથી ચિંતિત છે. જો સઉદી માની જાય તો જ ભારતનો ઈકોનોમિક કોરિડોર વાસ્તવિકતા બનશે. ટ્રમ્પે સઉદીને ભારતના કોરિડોર માટે મનાવવા પડે.

ટ્રમ્પે ઇરાન પર આક્ષેપ કર્યો હતો કે અમેરિકામાં વચગાળાની ચૂંટણી ન થાય ત્યાં સુધી ઇરાન યુદ્ધનો અંત લાવીને હોર્મુઝ સંપૂર્ણપણે ખોલવાનો કરાર કરતું નથી. ■

### ઑઇલ કંપનીઓને

છતાં ક્રૂડ અને ઉત્પાદનોના ઊંચા ભાવ કંપનીઓના નફા અને અને રોકડ પ્રવાહ (કેશ ફ્લો) પર બોજ નાખશે તેવી શક્યતા છે, સાથે જ વર્કિંગ કેપિટલ માટે તેમની ટૂંકા ગાળાની લોનની જરૂરિયાતો પણ વધશે. પશ્ચિમ એશિયામાં પુરવઠામાં અવરોધને પગલે આંતરરાષ્ટ્રીય સ્તરે એલપીજીના ભાવમાં વધારો થતાં ૩૦ જૂન સુધીમાં કુલ નેગેટિવ એલપીજી બફર ૬૧,૯૪૦ કરોડ સુધી પહોંચી ગયું હતું. ■

# વાડજ ફ્લાયઓવર તૈયાર, ગુરુવારે મુખ્ય પ્રધાન ઉદ્ઘાટન કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વાડજ જંકશન પર રૂ. ૧૦૬.૫૨ કરોડના ખર્ચે એક નવો ફોર-લેન ફ્લાયઓવર પૂર્ણ થયો છેઅને તેના ઉદઘાટન પછી દરરોજ આ વિસ્તારમાંથી પસાર થતા એક લાખથી વધુ વાહનચાલકો માટે ટ્રાફિક જામ હળવો થવાની અપેક્ષા છે.

૭૩૫ મીટર લાંબો ફ્લાયઓવર વાડજ અને રાણીપ જંકશનને જોડે છે. તેના કારણે ગાંધી આશ્રમ અને રામાપીર ટેકરા વચ્ચે વાહનવ્યવહાર ઝડપી બનવાની તંત્રને આસા છે. આ પ્રોજેક્ટમાં અંડર-સ્પેસ પાર્કિંગ, ગ્રીન પેચ, ટ્રાફિક આઇલેન્ડ અને સુધારેલ જંકશન ચેનલાઇઝેશન પણ છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર જુલાઈ ૨૦૨૩ માં શરૂ થયેલા ફ્લાયઓવરનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે, અને નાગરિક સંસ્થાએ પુલનું લોડ-બેરિંગ ટેસ્ટ પણ પૂર્ણ કરી લીધું છે.

તેના ઉદઘાટન પહેલા પેઇન્ટિંગ અને લાઇટિંગ ઇન્સ્ટોલેશન સહિતનું ફિનિશિંગ કામ હાલમાં ચાલી રહ્યું છે. ગુરુવારે ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ દ્વારા ફ્લાયઓવરનું લોકાર્પણ કરાશે

આ ફ્લાયઓવર વાડજ જંકશન અને આસપાસના રસ્તાઓ પર, ખાસ કરીને પીક અવર્સ દરમિયાન, વારંવાર થતી લાંબી કતારોથી રાહત આપશે તેવી અપેક્ષા છે. ત્રણ જંકશનને બાયપાસ કરીને પુલ વાહનચાલકો માટે સમય અને ઇંધણની બચત કરશે, તેવું તંત્રનું માનવાનું છે. ■

# નવા ટર્મિનલ માટે અમદાવાદ એરપોર્ટ પર ટી-થ્રી ડિમોલિશન શરૂ

## આ પ્રોજેક્ટનો ખર્ચ ૩,૦૦૦ કરોડથી વધુ હોવાનો અંદાજ છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ટી-થ્રી ઈમારતને તોડી પાડવાથી નવી ઈન્ટિગ્રેટેડ ટર્મિનલ બિલ્ડીંગ માટે માર્ગ મોકળો થયો છે.

એરપોર્ટના વિસ્તરણ માટે આ મહત્વનો તબક્કો માનવામાં આવે છે.

સૂત્રો અને અહેવાલો દ્વારા મળતી વિગતો અનુસાર એનઆઈટીબી એ તબક્કાવાર પુનર્વિકાસ યોજનાનો એક ભાગ છે. જેના દ્વારા એરપોર્ટની મુસાફરોની સંભાળવાની ક્ષમતા વાર્ષિક આશરે ૨ કરોડ મુસાફરો સુધી વધારવામાં આવશે, જ્યારે હાલના ટી-૧ અને ટી-૨ ટર્મિનલ્સ પર આ સંખ્યા લગભગ ૧ કરોડ છે.

નવું ટર્મિનલ ૨૦૨૯-૩૦ સુધીમાં કાર્યરત થવાની અપેક્ષા છે.

પ્રથમ તબક્કો હાલના સ્થાનિક ટર્મિનલને અડીને અને -થ્રી બાજુ સુધી વિસ્તરિત કરવામાં આવી રહ્યો છે. વિકાસ સાથે સંકળાયેલા એક સૂત્રએ મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે -થ્રીનું ડિમોલિશન અને ખોદકામનું કામ ચાલી રહ્યું છે.

એનઆઈટીબી એક જ છત નીચે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય કામગીરી કરશે, જેમાં મોટા ચેક-ઇન વિસ્તારો, વધારાની સુરક્ષા ચોકીઓ, વિસ્તૃત લાઉન્જ અને ડિજીયાત્રા સુવિધાઓ હશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

એરપોર્ટ ઓપરેટર દ્વારા એરપોર્ટ ઇકોનોમિક રેગ્યુલેટરી ઓથોરિટીને રજૂ કરાયેલા અહેવાલો અનુસાર, આ પ્રોજેક્ટનો ખર્ચ ૩,૦૦૦ કરોડથી વધુ હોવાનો અંદાજ છે, જોકે અંતમાં ખર્ચના આંકડામાં ફેરફાર થઈ શકે છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

એરપોર્ટ વિસ્તરણનો ઉદ્દેશ્ય મુસાફરોની સંખ્યા વધારવા અને અમદાવાદની લાંબા ગાળાની આંતરરાષ્ટ્રીય કનેક્ટિવિટી જરૂરિયાતોને પૂર્ણ કરવાનો છે.

કોમનવેલ્થ ગેમની તૈયારી પૂરજશથી ચાલી રહી છે.

શહેર ૨૦૩૦ કોમનવેલ્થની તૈયારી કરી રહ્યું છે ત્યારે પણ આ સુવિધા મહત્વપૂર્ણ બની જાય છે. આ મામલે એરપોર્ટ સંચાલકો સાથે સીધો સંપર્ક થઈ શક્યો ન હતો. તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ડિજિટલ એગ્રીકલ્ચરઃ ગુજરાતમાં ૬૩.૩૫ લાખથી વધુ ખેડૂતોએ ફાર્મર રજિસ્ટ્રીમાં નોંધણી કરાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ખેડૂતો માટે ડિજિટલ વ્યવસ્થાનો મજબૂત પાયો ઊભો કરવામાં આવી રહ્યો છે. આ અંતર્ગત, ફાર્મર રજિસ્ટ્રી પહેલ દ્વારા ખેડૂતોને એક વિશ્વસનીય ડિજિટલ ઓળખ આપવાની સાથે સાથે તેમના જમીનનાં દસ્તાવેજો અને સરકારી કૃષિ સેવાઓની પહોંચને એક સંકલિત ડિજિટલ પ્લેટફોર્મ સાથે જોડવામાં આવી રહી છે.

ગુજરાતમાં અત્યાર સુધીમાં ૬૩.૩૫ લાખથી વધુ ખેડૂતોએ ફાર્મર રજિસ્ટ્રીમાં નોંધણી કરાવી દીધી છે. આ પદ્ધતિ દ્વારા ખેડૂતોનાં જમીનનાં દસ્તાવેજોને ડિજિટલ વ્યવસ્થા સાથે સાંકળવાની પ્રક્રિયા સતત આગળ વધી રહી છે.

મહેસૂલ વિભાગનાં અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતિ એસ. રવિએ જણાવ્યું હતું કે, આ વ્યવસ્થામાં ખેડૂતની આધાર આધારિત ઓળખને જમીનના રેકોર્ડ સાથે જોડવામાં આવે છે.

ફાર્મર રજીસ્ટ્રી થકી ખેડૂતોને યુનિક ફાર્મર આઈડી આપવામાં આવે છે. આ ડિજિટલ ઓળખ દ્વારા ખેડૂતો હવે વિવિધ સરકારી કૃષિ યોજનાઓ અને સેવાઓનો લાભ વધુ સરળતાથી, ઝડપથી અને પારદર્શક રીતે મેળવી શકશે.

તેમણે ઉમેર્યું હતું કે, આ પહેલ માત્ર નોંધણીની પ્રક્રિયા પૂરતી મર્યાદિત નથી. તે ખેડૂતો અને સરકારની વિવિધ યોજનાઓ તથા કૃષિ સેવાઓ વચ્ચેના સંબંધને વધુ સુવ્યવસ્થિત અને અસરકારક બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે. ■

# સાવધાનઃ અમદાવાદમાં ૨૦ દિવસમાં ડેન્ગ્યૂના ૫૦૦ કેસ નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ૧ થી ૨૦ સપ્ટેમ્બર દરમિયાન ૪૯૬ ડેન્ગ્યૂના કેસ નોંધાયા હતા, જે ૧ જાન્યુઆરીથી નોંધાયેલા કુલ ૧,૦૮૪ કેસોના લગભગ ૪૬% છે. ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં થોડા સમય માટે પડેલા વરસાદને કારણે આ તીવ્ર વધારો થયો છે, જેના કારણે મચ્છરોનું પ્રજનન વધી ગયું છે.

મંગળવારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા) દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર, સપ્ટેમ્બરમાં શહેરમાં મેલેરિયાના ૭૦ કેસ, ફાલ્સીપેરમ મેલેરિયાના ૨૨ કેસ અને ચિકનગુનિયાના સાત કેસ નોંધાયા છે. હોસ્પિટલો અને ક્લિનિક્સમાં પણ તાવના દર્દીઓમાં વધારો નોંધાયો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં નવરંગપુરા, નારણપુરા, વાડજ, પાલડી, ઘાટલોડિયા, ગોતા, થલતેજ, બોડકદેવ, ચાંદલોડિયા, સરખેજ, મકતમપુરા, જોધપુર અને વેજલપુરનો સમાવેશ થાય છે. ડોક્ટરોએ જણાવ્યું હતું કે વેક્ટર-જન્ય રોગો ઉપરાંત, એચવનએનવન સહિત ફ્લૂના કેસ પણ વધી રહ્યા છે, જેમાં પહેલાથી જ સ્વાસ્થ્ય સમસ્યાઓ ધરાવતા કેટલાક લોકોને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર પડી રહી છે.

૧ જાન્યુઆરીથી અમદાવાદમાં મેલેરિયાના ૩૮૬ કેસ, ફાલ્સીપેરમ મેલેરિયાના ૬૯ કેસ અને ચિકનગુનિયાના ૧૪ કેસ નોંધાયા છે. આ જ સમયગાળા દરમિયાન, અમદાવાદ શહેરના આરોગ્ય વિભાગે ગેસ્ટ્રોએન્ટેરિટિસના ૪,૦૬૦ કેસ નોંધ્યા છે, જેમાં ઝાડા અને ઉલટીનો સમાવેશ થાય છે, કમળાના ૫૮૦ કેસ અને ટાઇફોઇડના ૧,૫૯૧ કેસ નોંધાયા છે.

મહાનગરપાલિકાના જણાવ્યા અનુસાર, મોટી સંખ્યામાં બાંધકામ સ્થળો ધરાવતા વિસ્તારોમાં મચ્છરોનું સંવર્ધન વધુ જોવા મળ્યું છે. રહેણાંક અને વાણિજ્યિક ઇમારતોના ટેરેસ અને ભોંયરામાં વરસાદી પાણીનો સંચય પણ મચ્છરોનો ઉપદ્રવ વધારી રહ્યો છે. ■

# કેબ ડ્રાઈવર્સની હડતાળને લીધે અમદાવાદના મુસાફરો હેરાન, ભારત ટેક્સી વધારે ભાડું લેતી હોવાનો પણ આક્ષેપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં ટેક્સી અને ઓટોરિક્ષા ચાલકો દ્વારા ઓલા, ઉબેર અને રેપિડોના બહિષ્કાર વચ્ચે મુસાફરોને કેબ બુક કરવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ઘણા અમદાવાદીઓએ સોશિયલ મીડિયા પર આ વાત શેર કરી હતી અને તેમને ભારત ટેક્સી લેવાનું કેબ ડ્રાઈવર દ્વારા કહેવામાં આવતું હોવાનું જમાવ્યું હતું. જ્યારે બીજી બાજુ ભારત ટેક્સી વધારે ભાડું લેતી હોવાની ફરિયાદો-આક્ષેપો પણ મુસાફરો કરી રહ્યા છે.

અહેવાલો અનુસાર ૨૧ સપ્ટેમ્બરથી બહિષ્કાર શરૂ થયો હતો, જેમાં ડ્રાઇવર યુનિયનો દ્વારા સ્થાપિત કેબ એગ્રીગેટર્સ દ્વારા ઓછા ભાડા અને ઊંચા ચાર્જ વસૂલવામાં આવતા હોવાનો વિરોધ કરવામાં આવ્યો હતો. ડ્રાઇવરો મુસાફરોને ભારત ટેક્સીનો ઉપયોગ કરવા માટે કહી રહ્યા છે. ભારત ટેક્સી સહકારી મોડેલ પર ચાલતી નવું રાઇડ-હેલિંગ પ્લેટફોર્મ છે.

આ બહિષ્કાર ડ્રાઇવર યુનિયનો દ્વારા કરવામાં આવી રહ્યો છે, એગ્રેગેટર્સ તેમનું શોષણ કરતા હોવાના આક્ષેપ સાથે તેમણે હડતાળ જાહેર કરી હોવાનું કહેવાય છે. આ મહિનાની શરૂઆતમાં, અમદાવાદમાં ટેક્સી અને ઓટોરિક્ષા ડ્રાઇવરોએ પણ મોંઘવારી અને ભાડા પોસાતા ન હોવાની ફરિયાદો સાથે હડતાળ પાડી હતી.

યુનિયનના અંદાજ મુજબ, અમદાવાદમાં લગભગ એક લાખ ઓટોરિક્ષાઓ અને ૩૦,૦૦૦-૪૦,૦૦૦ ટેક્સીઓ કેબ એગ્રીગેટર્સ પાસે નોંધાયેલી છે. અમદાવાદ ટેક્સી ડ્રાઈવર યુનિયનના સૂત્રોના જણાવ્યા અનુસાર હાલમાં ડ્રાઈવરોને જે ભાડારૂપે પૈસા મળે છે તે પૂરતા નથી. તેમણે કહ્યું કે ભારત ટેક્સી ડ્રાઇવરો પાસેથી ન્યૂનતમ ફી વસૂલ કરે છે અને મુસાફરોને સવારી માટે વીમા કવરેજ પણ મળે છે.

જોકે, આ ફેરફારથી મુસાફરોમાં ભાડા અંગે ચિંતા વધી છે. એક મુસાફરે મીડિયાને જણાવ્યું હતું કે તેણે તાજેતરમાં અમદાવાદથી ગાંધીનગર સુધીની ભારત ટેક્સીની રાઈડ માટે રૂ. ૮૫૦ થી વધુની ચૂકવણી કરી હતી, જ્યારે રેપિડો પર તેની રિટર્ન રાઈડનો ખર્ચ લગભગ રૂ. ૪૨૫ હતો.

ભારત ટેક્સીના ભાડા, જે પહેલા ઓછા હતા, તાજેતરમાં વધ્યા છે. મળતી વિગતો અનુસાર આ નિર્ણય ૧૦ સપ્ટેમ્બરના રોજ ભારત ટેક્સીના પ્રતિનિધિઓની હાજરીમાં યોજાયેલી બેઠકમાં લેવામાં આવ્યો હતો, જોકે આ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.

સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર, એક પ્રીપેડ ટેક્સી ડ્રાઈવરે જણાવ્યું હતું કે બહિષ્કાર વચ્ચે હાલમાં ફક્ત પ્રીપેડ ટેક્સીઓ અને ભારત ટેક્સીઓ જ ચાલી રહી છે. ભારત ટેક્સી સહકારી મોડેલ પર ચાલતી રાઈડિંગ એપ હોવા છતાં જોઈએ તેટલી લોકપ્રિય થઈ નથી. આ વચ્ચે આ પ્રકારે અન્ય ખાનગી એપ ડ્રાયવરની હડતાળે ઘણા સવાલો ઊભા કર્યા હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. આ અંગે સંબંધિતો સાથે સીધી વાતચીત થઈ શકી ન હતી. ■



**બોલ મારી અંબેઃ** હજારો લોકોના શ્રદ્ધાસ્થાન એવા અંબાજી મંદિરે ભાદરવી પૂનમ નિમિત્તે ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું છે. ઘણા ભક્તો હાથમાં ધજા, ફૂલમાળા લઈ આવે છે તો ઘણા પદયાત્રીઓ માઈલો ચાલી માતાના દર્શને આવે છે. તસવીરમાં જોઈ રહ્યા છો તે ભક્ત માતાને દંડવત કે સાષ્ટાંગ પ્રણામ કરતો કરતો આવી રહ્યો છે. (જીગર પંડ્યા)

# વાદળો વિખેરાયાં અને અમદાવાદ ફરી તપ્યું ૩૫ ડિગ્રીએ, ભુજમાં ૩૮ ડિગ્રી તાપમાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ શહેરમાં લાંબા સમય બાદ નોંધપાત્ર વરસાદ નોંધાયો હતો. સિઝનનો ૧૦૦ ટકા વરસાદ શહેરમાં વરસી ગયો છે. વરસાદ વરસ્યો ત્યારે શહેર પાણી પાણી થઈ ગયું હતું અને એકાદ બે દિવસ માટે લોકોને ગરમીથી રાહત મળી હતી. ત્યારબાદ વાદળછાયું વાતાવરણ રહેતા તાપમાનનો પારો સહ્ય રહેતો હતો, પરંતુ છેલ્લા બે દિવસથી શહેરમાં ફરી આકરો તાપ શરૂ ગયો છે. જોકે માત્ર અમદાવાદમાં જ નહીં રાજ્યના મોટાભાગના શહેરોમાં ગરમી અનુભવાઈ રહી છે.

રાજ્યભરમાં સૌથી વધારે મહત્તમ તાપમાન ૩૮.૬ ડિગ્રી નોંધાયું હતું અને સુરેન્દ્રનગરમાં ૩૬.૩ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. રાજકોટમાં ૩૫.૯, અમદાવાદમાં ૩૫.૮, વડોદરામાં ૩૫.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આ ઉપરાંત મોટાભાગના જિલ્લા-તાલુકાઓમાં ૩૨થી ૩૫ ડિગ્રી વચ્ચે તાપમાન નોંધાયું હતું.

રાજ્યભરમાં બુધવારે વરસાદનું જોર સાવ ઘટ્યું હતું. મંગળવારે સૌરાષ્ટ્રના અમુક ભાગોમાં વરસાદ નોંધાયો હતો. ગીર-સોમનાથ, પોરબંદર અને અમરેલી જિલ્લામાં એકથી બે ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો. રાજ્યનો કુલ વરસાદ ૮૯.૧૪ ટકા નોંધાયો છે. દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં સંતોષકારક વરસાદ થયો છે જ્યારે કચ્છ-સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં વરસાદની સારી એવી ઘટ જણાઈ રહી છે. હવામાન ખાતાના જણાવ્યા અનુસાર વરસાદ હવે વિદાય લેવાની તૈયારીમાં છે ત્યારે રાજ્યના ઘણા જિલ્લા અને તાલુકામાં ખેડૂતો અને સામાન્ય જનતા માટે વરસાદની ઘટ ચિંતા જગાવનારી છે. ■



**વિકાસના રસ્તેઃ** ગુજરાતને વિકાસનું મોડેલ કહેવામાં આવે છે. જોકે ભલે અમુક ક્ષેત્રોમાં ગુજરાતે હરણફાળ ભરી હોય, લોકોના જીવન સાથે વણાયેલા પ્રશ્નો એમના એમજ છે. વરસાદ બાદ રસ્તા પર પડેલા ખાડા આ વાતની સાક્ષી પુરે છે. રોજના હજારો વાહનચાલકો દિવસ રાત અહીંથી પસાર થાય છે. એવા ઘણા કિસ્સા બને છે જેમાં ખાડાને લીધે થતા અકસ્માતો જીવલેણ સાબિત થાય છે. ત્યારે રાજ્ય આખું વિકાસના રસ્તે ચાલે પણ રસ્તાનો વિકાસ કેમ નથી થતો તે સમજવું અઘરું છે. (કેદાર દવે)

# ગુજરાત યુનિવર્સિટીનાં પૂર્વ કુલપતિએ ૧૪ કરોડ પાછા આપી રાજીનામું આપ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત યુનિવર્સિટી પૂર્વ કુલપતિ અને ભાજપના માનીતા નીરજા ગુપ્તાએ કરેલા કરોડોના કૌભાંડ મુદ્દે આજે ચોંકાવનારો વળાંક આવ્યો હતો. ભાજપના માનીતા કુલપતિ નીરજા ગુપ્તાએ ૧૪ કરોડ પાછા આપ્યા હતા. તેમજ પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમ (પીએમજીવીકે) પ્રોજેક્ટ પર પોતાના પ્રિન્સિપાલ ઈન્વેન્સિગેટર તરીકેના હોદ્દા પરથી રજીનામું આપ્યું હતું. ૧૬ કરોડથી વધુની રકમ પોતાના જ નામથી ખાતું ખોલાવ્યું હતું તેમાં જમા થઈ હતી, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

જોકે તેમણે રાજીનામું આપ્યું હોવા છતાં આઈડીએસઆરના 'બ્રેન મેપિંગ લેબ' અને 'બહુરત્ન વસુંધરા' પ્રોજેક્ટમાં પ્રિન્સિપાલ ઈન્વેન્સિગેટર છે, જ્યારે યુનિવર્સિટીના રજિસ્ટ્રાર પિયુષ પટેલ કો-પ્રિન્સિપાલ ઈન્વેન્સિગેટર તરીકે કાર્યરત છે. પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમ પ્રોજેક્ટની જેમ આ બંને પ્રોજેક્ટ્સમાં પણ નીરજા ગુપ્તાએ પોતાની જાતે જ નિમણૂક કરી હોવાનો ઘટસ્ફોટ થયો છે. બ્રેન મેપિંગ લેબ પ્રોજેક્ટમાંથી ડૉ. નીરજા ગુપ્તાએ રૂ. ૨૪.૯૮ લાખ અને પિયુષ પટેલે રૂ. ૩.૨૦ લાખ મેળવ્યા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, યુનિવર્સિટીમાં પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમ નામથી ઓળખાતા પ્રતિષ્ઠિત પ્રોજેક્ટ માટે રૂ. ૪૦ કરોડની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટના પ્રથમ હપ્તા પેટે રૂ. ૧૬ કરોડથી વધુની રકમ મળી હતી, જે તત્કાલીન પ્રિન્સિપાલ ઈન્વેન્સિગેટરના ખાતામાં જમા થઈ હતી.

ડૉ. નીરજા ગુપ્તાએ ૧૧ ઓગસ્ટના રોજ રજિસ્ટ્રારને ઈ-મેઇલ કરીને માત્ર આ પ્રોજેક્ટના પ્રિન્સિપાલ ઈન્વેન્સિગેટર પદેથી રાજીનામું મોકલી આપ્યું હતું. સાથે જ, બાકી રહેતી રૂ. ૧૪ કરોડથી વધુની રકમ ડિમાન્ડ ડ્રાફ્ટ બનાવીને યુનિવર્સિટીને પરત મોકલી આપી હતી. આ રકમ જમા કરાવવા માટે પ્રોજેક્ટનું નવું બેંક એકાઉન્ટ ખોલાવવામાં આવ્યું હોવાનું પણ સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, પ્રોજેક્ટ હેઠળ ફાળવાયેલી રકમમાંથી આશરે રૂ. બે કરોડનો ખર્ચ થયો છે. નાણાકીય વર્ષ પૂરું થયા છતાં આ ખર્ચનો કોઈ સત્તાવાર હિસાબ રજૂ કરવામાં આવ્યો નહોતો. આથી સંબંધિત એકાઉન્ટન્ટને તાત્કાલિક ઓડિટ સ્ટેટમેન્ટ જમા કરાવવા અને આ રકમ ક્યાં વપરાઈ તેનો વિગતવાર હિસાબ આપવા કડક સૂચના આપવામાં આવી હતી.

અત્રે ઉલ્લખનીય છે કે એનએસઆઈયુએ આ મામલે થોડા દિવસો પહેલા યુનિવર્સિટીમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું અને આ કૌભાંડ ખૂબ જ મોટું હોવાનો આક્ષેપ પણ કર્યો હતો. ■

# આરોગ્ય પ્રધાને ગરુડેશ્વરની હૉસ્પિટલની સરપ્રાઈઝ વિઝિટ કરી, ખામીઓ જોયા બાદ આપ્યા કડક નિર્દેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નેશનલ ફિલ્મ એવોર્ડ સેરેમોનીમાં હાજરી આપવા ગયેલા આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનસેરિયાએ નર્મદા જિલ્લાના ગરુડેશ્વરની એસડીએચ હૉસ્પિટલની ઓચિંતી મુલાકાત લેતા અહીંની ઘણી અવ્યવસ્થાઓની પોલ ખૂલી હતી. પ્રધાને આ જાણ્યા બાદ કડક નિર્દેશો આપ્યા છે ત્યારે હવે તેનું પાલન કેવું થાય છે તે જોવાનું છે. મુલાકાત દરમિયાન પાનશેરિયાએ હોસ્પિટલના વિવિધ વિભાગોનું નિરીક્ષણ કરી દર્દીઓને આપવામાં આવતી સારવાર, દવાઓની ઉપલબ્ધતા, સ્વચ્છતા, ઇમરજન્સી સેવાઓ, લેબોરેટરી વ્યવસ્થા તેમજ હોસ્પિટલના સર્વાંગી કાર્યની સમીક્ષા કરી હતી. તેમણે સારવાર હેઠળના દર્દીઓ અને તેમના પરિવારજનો સાથે સીધો સંવાદ કરી હોસ્પિટલમાં ઉપલબ્ધ સુવિધાઓ અંગે પ્રતિસાદ પણ મેળવ્યો હતો. મુલાકાત દરમિયાન તેમના ધ્યાનમાં આવ્યું હતું કે ગરૂડેશ્વર



એસડીએચ હોસ્પિટલમાં મોટી સંખ્યામાં દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે, જેના કારણે હાલની માળખાકીય સુવિધાઓ અને વ્યવસ્થાઓ પર ભાર વધી રહ્યો છે. વધુમાં, વિસ્તારમાં જરૂરી હોવા છતાં હોસ્પિટલમાં ડાયાલિસિસ જેવી મહત્વપૂર્ણ સેવા ઉપલબ્ધ ન હોવાનું પણ ધ્યાનમાં આવ્યું હતું. આ બાબતને ગંભીરતાથી લઈ પાનશેરિયાએ સ્થળ પરથી જ પ્રોજેક્ટ ઇમ્પ્લિમેન્ટેશન યુનિટ વિભાગના ઉચ્ચ અધિકારી સાથે ટેલિફોનિક ચર્ચા કરી હોસ્પિટલમાં વધારાની માળખાકીય સુવિધાઓ, દર્દીઓ માટે જરૂરી વ્યવસ્થાઓ તેમજ ડાયાલિસિસ સેવા શરૂ કરવા માટે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવા સ્પષ્ટ સૂચના આપી હતી. આ સાથે હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓના સ્વજનો માટે રહેવાની પૂરતી સુવિધા ઉપલબ્ધ નથી. આથી તેમણે દર્દીઓના પરિવારજનોને સુવિધાજનક રીતે રોકાઈ શકે તે માટે નવા ભવનના નિર્માણની પ્રક્રિયા તાત્કાલિક શરૂ કરવા સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. ■

# ગુજરાતમાં જાપાનની સહાયથી કોમ્પ્રેસ્ડ બાયો ગેસ પ્લાન્ટનો વ્યાપ વધારાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સહકારી ક્ષેત્રને વધુ સુદ્રઢ બનાવવા અને ઉર્જા ઉત્પાદનને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે સહકારી ડેરીઓ દ્વારા સરકારની સહાયથી કોમ્પ્રેસ્ડ બાયો ગેસ પ્લાન્ટ સ્થાપવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે.

આ સંદર્ભે ગાંધીનગર ખાતે નાણા પ્રધાન કનુ દેસાઈ, કૃષિ પ્રધાન જીતુભાઈ વાઘાણી તેમજ મહેસૂલ રાજ્ય પ્રધાન સંજયસિંહ મહીડા અને જાપાનના પ્રતિનિધિમંડળ વચ્ચે એક અત્યંત મહત્વપૂર્ણ સંયુક્ત બેઠક યોજાઈ હતી.

જાપાનના વિશિષ્ટ ડેલિગેશનમાં જાપાન સરકારના વેપાર અને ઉદ્યોગ મંત્રાલયના પ્રાદેશિક પ્રતિનિધિ ટોયોકાઝુ નાગામુને, સુઝુકી મોટર કોર્પોરેશનના મેનેજિંગ ઓફિસર કેનિચિરો ટોયોફુકુ, જીઆઈસીએ ઇન્ડિયાના ચીફ રિપ્રેઝન્ટેટિવ ટાકુરો



તાકેઉચી તથા સીનિયર રિપ્રેઝન્ટેટિવ સોટા કોઇડે ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતમાં બાયો ગેસ પ્લાન્ટનો વ્યાપ વધારવા તેમજ બાયોગેસની સાથે-સાથે ગુણવત્તાયુક્ત ઓર્ગેનિક ફર્ટિલાઇઝરનું ઉત્પાદન વધારવાના હેતુથી સુઝુકી અને જીકાના પ્રતિનિધિઓ દ્વારા નાણાકીય અને ટેકનિકલ સહાય પૂરી પાડવા અંગેનો એક વિસ્તૃત પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો.

બેઠક દરમિયાન આ પ્રસ્તાવ પર પ્રાથમિક અને સકારાત્મક ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

પ્રાપ્ત થયેલા પ્રસ્તાવ અંગે થયેલી ચર્ચાના આધારે આગામી સમયમાં ગુજરાત સરકાર, સુઝુકી અને જીકા વચ્ચે વિધિવત રીતે સમજૂતી કરાર કરવામાં આવશે, જે રાજ્યના હરિયાળા ભવિષ્ય માટે એક મોટું કદમ સાબિત થશે. ■

# ભાજપે ગુજરાત માટે બે સહ-પ્રભારી નિયુક્ત કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતીય જનતા પાર્ટી એ બુધવારે ૩૬ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે નવા રાજ્ય પ્રભારીઓ અને સહ-પ્રભારીઓની જાહેરાત કરી હતી.

ગુજરાત માટે, પાર્ટીએ તરુણ ચુગને રાજ્ય પ્રભારી તરીકે જાળવી રાખ્યા છે, જ્યારે દિલ્હીના ધારાસભ્ય અજય મહાવર અને છત્તીસગઢના ધારાસભ્ય ગોમતી સાઈને ગુજરાત માટે સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

દિલ્હીના ઘોંડા વિધાનસભા મતવિસ્તારના ભાજપના ધારાસભ્ય મહાવર, પહેલી વાર ૨૦૨૦ માં ચૂંટાયા હતા અને ૨૦૨૫ ની વિધાનસભા ચૂંટણીમાં તેમણે આ બેઠક જાળવી રાખી હતી.

છત્તીસગઢના પથલગાંવ (એસટી) મતવિસ્તારના ધારાસભ્ય સાઈ, અગાઉ ૨૦૧૯ થી ૨૦૨૪ સુધી રાયગઢ (એસટી) લોકસભા મતવિસ્તારના સંસદ સભ્ય તરીકે સેવા આપી ચૂક્યા છે. ■

# ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદેની નિર્દોષ મુક્તિ

## ૧૭ વર્ષ જુના દિવંગત નેતાના સીડી મામલામાં કોર્ટે આપ્યો ચુકાદો

મુંબઈઃ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના દિવંગત નેતા વસંત ડાવખરે દ્વારા ૨૦૦૯માં દાખલ કરવામાં આવેલા માનહાનિના કેસમાં કલ્યાણની કોર્ટે ૧૭ વર્ષ બાદ શિવસેના (યુબીટી)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે, મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને આ કેસમાંથી નિર્દોષ મુક્ત કર્યા છે. કલ્યાણની કોર્ટે પૂરતા પુરાવાના અભાવે ઉદ્ધવ ઠાકરે, એકનાથ શિંદે ઉપરાંત ભૂતપૂર્વ સાંસદ આનંદ પરાંજપે અને દિવંગત ભૂતપૂર્વ નગરસેવક રાજેન્દ્ર દેવળેકરને નિર્દોષ જાહેર કર્યા છે. આ કેસ ૨૦૦૯ની લોકસભા ચૂંટણીના પ્રચાર દરમિયાન કથિત સીડી (વીડિયો) જાહેરમાં બતાવવાના મામલાને લઈને હતો. ૨૦૦૯માં કલ્યાણ લોકસભા બેઠક પરથી અવિભાજિત એનસીપી તરફથી વસંત ડાવખરે અને તે સમયની અવિભાજિત શિવસેના તરફથી આનંદ પરાંજપે ચૂંટણી મેદાનમાં હતા. ચૂંટણી પ્રચાર દરમિયાન એક સભામાં ડાવખરે સાથે સંબંધિત કથિત વીડિયો સીડી જાહેરમાં બતાવવામાં આવી હોવાનો આરોપ હતો. ત્યારબાદ ડાવખરેએ આ વીડિયોને પોતાની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડનારો ગણાવી માનહાનિનો કેસ દાખલ કર્યો હતો. તે સમયે ઉદ્ધવ ઠાકરે અવિભાજિત શિવસેનાના કાર્યકારી અધ્યક્ષ હતા. આ કેસમાં એકનાથ શિંદે, આનંદ પરાંજપે અને સભાના આયોજક રાજેન્દ્ર દેવળેકરને પણ આરોપી બનાવવામાં આવ્યા હતા. આ ચૂંટણીમાં આનંદ પરાંજપે વિજેતા બન્યા હતા.

ડાવખરેનો આરોપ હતો કે તેમના સંબંધિત વીડિયો સીડીમાં કથિત રીતે એડિટિંગ અથવા ફેરફાર કરીને તેમની જાહેર છબીને નુકસાન પહોંચાડવા માટે તેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

લગભગ ૧૭ વર્ષ સુધી ચાલેલા આ કેસમાં ૨૦થી વધુ સાક્ષીઓના નિવેદન નોંધવામાં આવ્યા હતા. તેમાં રાજકીય કાર્યકરો, પક્ષના હોદ્દેદારો, સભાસ્થળે તૈનાત પોલીસકર્મીઓ, આયોજકો અને તપાસ અધિકારીઓનો સમાવેશ થાય છે. ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદેનાં નિવેદનો પણ કોર્ટમાં નોંધવામાં આવ્યા હતા. ઉદ્ધવ ઠાકરેએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પોતાનું નિવેદન નોંધાવ્યું હતું અને તેમના પર લાગેલા આરોપોને નકારી કાઢ્યા હતા.

### બચાવ પક્ષે સીડીની વિશ્વસનીયતા પર સવાલ ઉઠાવ્યા

સુનાવણી દરમિયાન બચાવ પક્ષે કથિત સીડી, તેના રેકોર્ડિંગ, ફોરેન્સિક રિપોર્ટ તેમજ તપાસની પ્રક્રિયાને લઈને સવાલો ઉઠાવ્યા હતા. બચાવ પક્ષનો દાવો હતો કે આરોપીઓને કથિત સીડી સાથે જોડતો કોઈ નક્કર અને સીધો પુરાવો સામે આવ્યો નથી. કોર્ટે કેસમાં રજૂ થયેલા પુરાવા અને સાક્ષીઓના નિવેદનોની સમીક્ષા કર્યા બાદ જણાવ્યું કે આરોપ સાબિત કરવા માટે પૂરતા પુરાવા ઉપલબ્ધ નથી. ત્યારબાદ કોર્ટે તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા

### શરદ પવારના નજીકના સાથી હતા વસંત ડાવખરે

વસંત ડાવખરે એનસીપીના દિગ્ગજ નેતા હતા અને મહારાષ્ટ્ર વિધાન પરિષદના ઉપસભાપતિ તરીકે પણ સેવા આપી ચૂક્યા હતા. તેમને એનસીપીના વડા શરદ પવારના નજીકના અને વિશ્વાસુ સાથીદાર માનવામાં આવતા હતા. જાન્યુઆરી ૨૦૧૮માં મુંબઈની બોમ્બે હોસ્પિટલમાં ૬૮ વર્ષની વયે તેમનું નિધન થયું હતું. તેઓ કિડનીની બીમારીથી પીડાતા હતા. તેમના નિધન બાદ પણ આ કેસ કોર્ટમાં વિચારાધીન રહ્યો હતો. હવે ૧૭ વર્ષ બાદ આ કેસમાં ચુકાદો આવ્યો છે.■

# ડીજે અને ફટાકડાના ઉપયોગ બાબતે મુંબઈ હાઈ કોર્ટના આદેશનું પાલન કરવામાં આવશેઃ મેયર

## ગણેશોત્સવ બાદ ફ્લાયઓવર, મોનોરેલના થાંભલા પર ગેરકાયદે લગાવેલા પોસ્ટરો, હૉર્ડિંગ્સ અને બેનરો સામે બીએમસીની કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગણેશવિસર્જન દરમ્યાન મુંબઈમાં ડીજે, લેઝર અને ફટાકડા ફોડવા બાબતે મુંબઈ હાઈ કોર્ટે આપેલા આદેશનું પાલન કરવા માટે પાલિકા પ્રશાસન પ્રતિબદ્ધ હોવાનું મુંબઈના મેયર રીતુ તાવડેએ કહ્યું હતું. ગણેશોત્સવનું સમાપાન ૨૫ સપ્ટેમ્બરના શુક્રવારે થશે, જ્યાં મુંબઈમાં મોટા પાયા પર ગણેશમૂર્તિનું વિસર્જન કરવામાં આવતું હોય છે. મુંબઈ હાઈ કોર્ટે ડીજે, ફટાકડા ફોડવા અને અને લેઝર લાઈટને લઈને જે આદેશ આપ્યા છે તેનું પાલન કરવાની મુંબઈના નાગરિકોની પણ એટલી જવાબદારી હોવાનું બુધવારે મુંબઈના મેયર રીતુ તાવડેએ એક પત્રકાર પરિષદ દરમ્યાન કહ્યું હતું. તેમ જ પાલિકા દ્વારા હાઈ કોર્ટના આદેશનું પાલન યોગ્ય રીતે થાય તેની કાળજી લેવામાં આવશે.

હાલ ગણેશોત્સવ ચાલી રહ્યો છે ત્યારે મુંબઈના સાર્વજનિક રસ્તાઓ, ચોક તો ઠીક મુંબઈના પુલ, ફલાયઓવર તથા મોનો, મેટ્રોરેલના થાંભલાઓ પણ હૉર્ડિંગ અને પોસ્ટરોથી મુક્ત રહ્યા નથી. તેથી બહુ જલદી મુંબઈ મહાનગરપાલિકા સમગ્ર મુંબઈમાં આવેલા બ્રિજ, ફ્લાયઓવર અને મોનોરેલના થાંભલાઓને કદરૂપું બનાવતા ગેરકાયદેસ પોસ્ટરો, બેનરો, હોર્ડિંગ્સ અને પ્રમોશનલ સ્ટીકરો સામે ઝુંબેશ શરૂ કરવા જઈ રહ્યું છે.

પાલિકા પ્રશાસને બુધવારે જાહેર કર્યું હતું કે ગણેશોત્સવ બાદ ૨૫ સપ્ટેમ્બરથી આ કાર્યવાહી શરૂ કરવામાં આવશે. મુંબઈના મેયર રીતુ તાવડેએ બુધવારે જણાવ્યું હતું કે તેઓ પાલિકા કમિશનરને પત્ર લખીને એવી વ્યક્તિઓ અને સંસ્થાઓ સામે કાયદેસરની કાર્યવાહી અને ભારે દંડની માગણી કરશે, જેમની તસવીરો અથવા પ્રમોશનલ સામગ્રી અનધિકૃત પ્રચાર સામગ્રી પર જોવા મળે છે.

ગેરકાયદે હોર્ડિંગ્સ અને બેનરો સામે બોમ્બે હાઈ કોર્ટના નિર્દેશો હોવા છતાં જાહેર માળખાગત સુવિધાઓને સતત કદરૂપા કરવામાં આવતી હોવાની ચિંતાઓ વચ્ચે આ મુદ્દો સામે આવ્યો છે. મેયરે બુધવારે કહ્યું હતું કે આ સમસ્યા માત્ર પરંપરાગત બેનરો અને પોસ્ટરો પૂરતી સીમિત નથી પણ મોનોરેલના થાંભલા અને ફ્લાયઓવરના પીલર પર પણ પ્રમોશનલ સ્ટીકરો પણ ચોંટાડવામાં આવે છે. આ સ્ટીકરોને દૂર કરવામાં ભારે મુશ્કેલી આવે છે.

# તહેવારો દરમિયાન ધ્વનિ અને વાયુ પ્રદૂષણ બાબત હાઇ કોર્ટનું સખત વલણ

## રાજ્ય સરકારની ઝાટકણી કાઢી

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે તહેવારો દરમિયાન રસ્તાઓ પર ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મુક્યો છે. કોર્ટે નોંધ્યું હતું કે અવાજના પ્રદૂષણ અંગેના નિયમોનો અમલ કરવામાં આવતો નથી, છતાં સરકાર બધું બરાબર છે નો રાગ આલાપી રહી છે. હાઈ કોર્ટે મોટેથી વાગતા સંગીત પર 'સંયમ' રાખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો અને તહેવારોની ઉજવણી માટે વધુ ગરિમાપૂર્ણ અને સુસંસ્કૃત રીત અપનાવવાનું આહ્‌વાન કર્યું હતું.

ન્યાયમૂર્તિ ગિરીશ કુલકર્ણી અને નીલા ગોખલેની ખંડપીઠે અવલોકન કર્યું હતું કે, ધ્વનિ પ્રદૂષણના નિયમોના અમલીકરણમાં તંત્ર તરફથી 'બેદરકારી' દાખવવામાં આવી રહી છે.

અદાલતે નોંધ્યું કે ઘોંઘાટ તથા વાયુ પ્રદૂષણ ફેલાવ્યા વિના પણ તહેવારોની ઉજવણી કરી શકાય છે; સાથે જ, વર્તમાન સમયમાં આવા સરઘસો અને ઉજવણીઓ માટે વધુ ગરિમાપૂર્ણ અને સુસંસ્કૃત રીત અપનાવવી અત્યંત આવશ્યક છે તેમ પણ તેણે જણાવ્યું હતું. બુધવારે ઉપલબ્ધ કરાવવામાં આવેલા આદેશમાં અદાલતે કહ્યું કે, રાજ્ય સરકાર બધું ઠીકઠાક છે એમ દર્શાવીને જે ગુલાબી ચિત્ર રજૂ કરે છે તે અસ્વીકાર્ય છે.

ફટાકડા અને લાઉડસ્પીકર પરના પ્રતિબંધ ઉપરાંત, હાઈ કોર્ટે સત્તાવાળાઓને સરઘસો દરમિયાન અવાજની તીવ્રતા (ડિસિબલ સ્તર) નિયંત્રિત કરવા માટે તમામ પગલાં લેવા અને નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે કાર્યવાહી કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો. તેમાં એવું પણ સૂચન કરવામાં આવ્યું હતું કે સરઘસો માટે પરવાનગી આપતી વખતે સરકાર મોટી રકમની સુરક્ષા થાપણ (સિક્યોરિટી ડિપોઝિટ)ની માગ કરી શકે છે. (પીટીઆઈ)

# અનધિકૃત બાંધકામો બચાવવા સત્તાધારી-વિપક્ષી નગરસેવકો એક

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં ૧૪ ફૂટથી વધુ ઊંચા ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં અનધિકૃત બાંધકામો સામે મુંબઈ મહાનગરપાલિકાએ પહેલી ઑક્ટોબરથી ડિસેમ્બર, ૨૬ સુધી કાર્યવાહી કરવાની જાહેરાત સામે સર્વપક્ષીય નગરસેવકોએ વિરોધ કર્યો છે. પાલિકા પ્રશાસન અનધિકૃત બાંધકામો સામે કાર્યવાહી કરવા માગે છે, ત્યારે ચૂંટાયેલા પ્રતિનિધિઓ પોતાના રાજકીય મતભેદોને એકબાજુએ રાખીને પ્રશાસનની પ્રસ્તાવિત કાર્યવાહી પાછી ખેંચવાની માગ સાથે એક થઈ ગયા છે. બુધવારે પાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં ચર્ચા દરમ્મયાન નગરસેવકોએ આગ્રહ કર્યો હતો કે પ્રશાસન દ્વારા કોઈપણ પગલાંને અમલમાં મૂકવામાં આવે તે પહેલાં પ્રસ્તાવને ચર્ચા માટે જૂથ નેતાઓની બેઠક સમક્ષ મૂકવામાં આવે. સ્થાયી સમિતિના ચેરમેન પ્રભાકર શિંદેએ આગામી બેઠકમાં તેમનું વલણ સમજાવવા માટે પાલિકા પ્રશાસનને નિર્દેશ આપ્યો હતો.

શિવસેના (યુબીટી)ના નગરસેવક યશોધર ફણસેએ જણાવ્યું હતું કે વર્સોવાના ગાવઠણ વિસ્તારના રહેવાસીઓએ આ પગલા વિશે સાંભળ્યા પછી તેમનો સંપર્ક કર્યો હતો. એઆઈએમઆઈએમના નગરસેવક જમીર કુરેશીએ ચેતવણી આપી હતી કે નગરસેવકો મતદારોના આશીર્વાદથી ચૂંટાઈને આવ્યા છે અને જો તેઓ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે, તો નગરસેવકો તેને સહન કરશે નહીં એવી પ્રશાસનને ચેતવણી આપવાની સાથે જ તેમણે ૨૪ ફૂટ સુધી ઝૂંપડપટ્ટી બાંધકામોને મંજૂરી આપવાની માગણી કરી હતી.

કૉંગ્રેસના જૂથ નેતા અશરફ આઝમીએ ભાજપ પર ૪૦ લાખ ઘરોના ચૂંટણી ઢંઢેરાના વચન પર પ્રહાર કરતા કહ્યું કે સત્તાધારીએ પોતાનું વચન પાળવું જોઈએ.

શિવસેના (શિંદે જૂથ) જૂથના નેતા અમેય ઘોલેએ સાવધાનીપૂર્વક ટિપ્પણી કરતા કહ્યું હતું કે પાલિકાએ ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં મહત્તમ માન્ય બાંધકામ ઊંચાઈ અંગે સ્પષ્ટ એસઓપી બનાવવી જોઈએ. એ સાથે જ તેમણે મુંબઈના કેટલાક વિસ્તારોમાં બાંધકામો પહેલાથી જ ૨૪ ફૂટથી વધુ થઈ ગયા હોવા બાબતે પ્રશાસનનું ધ્યાન દોરતા કહ્યું હતું કે આવા બાંધકામોમાં બિનદસ્તાવેજીકૃત બાંગ્લાદેશી સ્થળાંતર કરનારાઓને આશ્રય આપવામાં આવે તેવી શક્યતાને નકારી શકાય નહીં અને વધુ બાંધકામને મંજૂરી આપતા પહેલા યોગ્ય ચકાસણી કરવાની પણ તેમણે માગણી કરી હતી.

# ૧૦૦ દેશોએ ભારતની ચૂંટણી પ્રક્રિયાની પ્રશંસા કરી હતીઃ ફડણવીસ

સોલાપુરઃ ચૂંટણી પંચમાં નિર્ણય લેવાની પ્રક્રિયા અંગે ચૂંટણી કમિશનરો દ્વારા વારંવાર ઉઠાવવામાં આવેલા વાંધાઓને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે, મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતીય ચૂંટણી પંચ નિષ્પક્ષ રીતે કામ કરી રહ્યું છે અને ૧૦૦ દેશોના પ્રતિનિધિઓએ ભારતની ચૂંટણી પ્રક્રિયાની પ્રશંસા કરી હતી.

ચૂંટણી પંચ નિષ્પક્ષ રીતે કામ કરી રહ્યું હોવા પર ભાર મૂકતા તેમણે કહ્યું કે વિરોધ પક્ષો ચૂંટણીમાં પોતાની હાર માટે ચૂંટણી પંચ જેવી બંધારણીય સંસ્થાઓને દોષી ઠેરવી રહ્યા છે. એક પ્રશ્નના જવાબમાં ફડણવીસે આક્ષેપ કર્યો હતો કે વિરોધ પક્ષોએ અગાઉ પણ વાંધા ઉઠાવ્યા હતા, ફરિયાદો કરી હતી અને કોર્ટના દ્વાર પણ ખખડાવ્યા હતા, પરંતુ તેઓ દરેક જગ્યાએ હારી ગયા છે.

'ચૂંટણી પંચ નિષ્પક્ષ રીતે કામ કરી રહ્યું છે. ૧૦૦ દેશોના પ્રતિનિધિઓએ દેશની ચૂંટણી પ્રક્રિયાનું નિરીક્ષણ કરવા માટે ભારતની મુલાકાત લીધી હતી.

# આદિવાસી પ્રોજેક્ટ ઓફિસમાં ૧૬.૩૭ કરોડની ઠગાઇઃ ફરાર ક્લર્ક વિરુદ્ધ ગુનો

નાંદેડઃ રાજ્યના નાંદેડ જિલ્લામાં આવેલી આદિવાસી ડેવલપમેન્ટ પ્રોજેક્ટની ઓફિસમાં સરકારી ભંડોળમાંથી ૧૬.૩૭ કરોડ રૂપિયાની ઉચાપતનો મામલો પ્રકાશમાં આવ્યા બાદ પોલીસે ક્લર્ક સામે ગુનો દાખલ કર્યો હતો, જે ફરાર હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. નાંદેડના કિનવટ સ્થિત એકાત્મિક આદિવાસી વિકાસ પ્રકલ્પની ઓફિસમાંથી સરકારી નાણાં ખાનગી વ્યક્તિઓ, વ્યાવસાયિક આસ્થાપના તેમ જ અન્ય બિન-સરકારી સંસ્થામાં ટ્રાન્સફર કરવા માટે ૨૮૦ સરકારી ચેકનો કથિત રીતે ઉપયોગ કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ)

# બેસ્ટે ૩૯ કરોડ રૂપિયા વસૂલવાના બાકી

## ડિફોલ્ટરો પાસેથી પૈસા વસૂલ માટે એમનેસ્ટી સ્કીમની જાહેરાત

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં ૧૦લાખથી પણ વધુ વીજગ્રાહકો ધરાવતી બૃહનમુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય ઍન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ) પ્રશાસનને વર્ષોથી અનેક ગ્રાહકોએ વીજળીના બિલ ચૂકવ્યા નથી. તેથી આવા ડિફોલ્ટરો પાસેથી બાકી રહેલી રકમ વસૂલ કરી શકાય તે માટે બેસ્ટ ઉપક્રમ 'એમનેસ્ટી સ્કીમ -૨૦૨૬' ફરી લાવવાની છે.

બેસ્ટ ઉપક્રમ દ્વારા બુધવારે બેસ્ટ સમિતિ સમક્ષ 'એમનેસ્ટી સ્કીમ - ૨૦૨૬' નો પ્રસ્તાવ ફરીથી રજૂ કરવામાં આવ્યો હતો, જેથી જે બેસ્ટ ગ્રાહકોનો વીજપુરવઠો કાયમ માટે બંધ થઈ ગયો છે તેમના પાસેથી બાકી રહેલી બિલોની રકમ વસૂલ કરી શકાય, જેને ચર્ચા બાદ મંજૂરી આપવામાં આવી હતી.

આ દરમ્યાન ૨૦૦૯ થી ચાલી રહેલી અભય યોજના હેઠળ ૧૬ હજાર ગ્રાહકોએ બેસ્ટને લગભગ ૩૯ કરોડ રૂપિયા ચૂકવવાના બાકી છે. તેમાંથી વહીવટીતંત્ર માત્ર ૧૦.૬૨ કરોડ રૂપિયા જ વસૂલ કરી શકયું છે. બેસ્ટના વીજગ્રાહકોની અરજીઓની પ્રક્રિયામાં વહીવટી વિલંબ ટાળવા અને બિલની બાકી રહેલી રકમ વસૂલવાની પ્રક્રિયાને સરળ બનાવવા માટે, બેસ્ટ વહીવટીતંત્રે ૨૦૦૯, ૨૦૧૮, ૨૦૧૯, ૨૦૧૩ અને ૨૦૨૪ માં અભય યોજનાઓ લાગુ કરી હતી, જેમાંથી ૨૦૧૮ માં સૌથી વધુ ૨,૪૧૫ કેસ પ્રકાશમાં આવ્યા હતા. આમાંથી ફક્ત ૪.૯૯ કરોડ રૂપિયા જ વસૂલ કરવામાં સફળતા મળી છે અને ૨૦૧૮ થી ૨૦૧૪ દરમિયાન ૩,૯૦૨ કેસોમાંથી ફક્ત ૧૦.૬૨ કરોડ રૂપિયા વસૂલવામાં આવ્યા હોવાની માહિતી બેસ્ટ સમિતિના સભ્યએ બેસ્ટ પ્રશાસન સમક્ષ રાખી હતી.

# ૧૧ કરોડથી વધુ ચૂંટણી સંબંધિત કામના ખર્ચાને ચર્ચા વગર સ્થાયી સમિતિની મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાના ઈલેકશન ડિપાર્ટમેન્ટે તાકીદ અને સમયના અભાવને ટાંકીને, ચૂંટણી સંબંધિત કામોની શ્રેણી માટે નિર્ધારિત ટેન્ડર પ્રક્રિયાને અનુસર્યા વિના કામો સોંપવા બદલ સ્થાયી સમિતિ પાસેથી 'પોસ્ટ-ફેક્ટો' (કામ થયા પછીની) મંજૂરી માગી હતી, જેને વગર કોઈ ચર્ચાએ મંજૂરી આપી દેવામાં આવી હતી.

બુધવારે સ્થાયી સમિતિ સમક્ષ ચાર પ્રસ્તાવો રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રસ્તાવોમાં મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૮૮૮ની કલમ ૭૨(૩) હેઠળ ટેન્ડરના નિયમોમાં છૂટછાટની માગ કરવામાં આવી હતી. આ કામોમાં ચૂંટણી સામગ્રીની હેરફેર, ઈવીએમ વેરહાઉસનું સમારકામ અને ઈવીએમની તપાસ દરમિયાન માનવબળ તથા ભોજન પૂરું પાડવા જેવી બાબતોનો સમાવેશ થાય છે.

સૌથી મોટો પ્રસ્તાવ મુંબઈ શહેર અને ઉપનગરોમાં મતદાર યાદીની 'સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન' (એસઆઈઆર) માટે ડેટા એન્ટ્રી ઓપરેટરોની નિમણૂક પાછળ ખર્ચાયેલા ૧૦.૮૧ કરોડ રૂપિયાને લગતો હતો. એસઆઈઆરએ ભારતના ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવતી મતદાર યાદીની ચકાસણી અને અદ્યતન કરવાની એક સઘન પ્રક્રિયા છે.

# મીરા રોડમાં મેટ્રોના કામના સ્થળે લાકડાનું પાટિયું પડતાં યુવક ઘાયલઃ ગુનો નોંધાયો

થાણેઃ મીરા રોડમાં નિર્માણાધીન મેટ્રો બ્રિજની સાઇટ પર લાકડાનું પાટિયું પડવાથી ૨૩ વર્ષના યુવકને માથામાં ઇજા થઇ હતી. આ ઘટના બાદ પોલીસે ખાનગી કોન્ટ્રેક્ટરના સ્ટોરકીપર સામે ગુનો નોંધ્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.કાશીમીરા નાકા ઓવરબ્રિજ નજીક ૨૦ સપ્ટેમ્બરે આ ઘટના બની હતી, જ્યાં મેટ્રોનું કામ ચાલી રહ્યું છે, એમ પોલીસે કહ્યું હતું. શાદાબ મન્સુરી (૨૩) ઘટનાસ્થળેથી પસાર થઇ રહ્યો હતો ત્યારે એલિવેટેડ બ્રિજ સ્ટ્રક્ચરમાં રહેલી જગ્યામાંથી લાકડાનું પાટિયું સરકીને તેના માથા પર પડ્યું હતું. માથામાં ઇજા થવાથી શાદાબને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં લઇ જવાયો હતો.

# મતદાર યાદીમાં નામ નોંધવા અથવા સુધારો કરવા ૨૬ અને ૨૭ના સ્પેશિયલ શિબિર

મુંબઈઃ 'સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન' (એસઆઈઆર) અંતર્ગત મતદાર યાદીના મુસદ્દા (ડ્રાફ્ટ રોલ) પર દાવા અને વાંધાઓ રજૂ કરવાની અંતિમ તારીખ નજીક આવી રહી છે, ત્યારે પાલિકા દ્વારા ૨૬ અને ૨૭ સપ્ટેમ્બરના રોજ સમગ્ર મુંબઈમાં વિશેષ મતદાર નોંધણી શિબિરોનું આયોજન કરવામાં આવશે. આ શિબિરો મુંબઈ શહેર અને ઉપનગરોના તમામ ૩૬ વિધાનસભા મતવિસ્તારોમાં નિર્ધારિત સ્થળોએ યોજવામાં આવશે. પાલિકાએ બુધવારે જણાવ્યું હતું કે નવા મતદારો, પાત્ર મતદારો કે જેમનાં નામ ડ્રાફ્ટ યાદીમાં નથી અને જેઓ વિગતોમાં સુધારા કે નામ કઢાવવા માગે છે, તેઓ આ શિબિરોનો સંપર્ક કરી શકે છે.

# થાણેમાં બિલ્ડિંગમાં લાગેલી આગમાં ૧૪ ઈલેક્ટ્રિક મીટર બળીને ખાખ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણે શહેરમાં બુધવારે મધ્યરાત્રિ બાદ એક ત્રણ માળની રહેણાક ઈમારતના મીટર બોક્સ રૂમમાં આગ ફાટી નીકળી હતી, જેમાં ૧૪ મીટર બળીને ખાક થઈ ગયા હતા.કોપરી વિસ્તારમાં આવેલી ત્રણ માળની પત્રકાર સોસાયટીના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલા મીટર બોક્સ રૂમમાં આગ લાગી હતી. આ ઘટનામાં કોઈને ઈજા થઈ ન હોવાનું ડિઝાસ્ટર કંટ્રોલે જણાવ્યું હતું.

આગની જાણ રાત્રે ૧૨:૨૦ વાગ્યે થઈ હતી, ત્યારબાદ ફાયર બ્રિગેડ, ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ અને વીજ પુરવઠા કંપનીના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આગમાં કુલ ૧૪ વીજ મીટર સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયા હતા.ફાયર ફાઈટરોએ રાત્રે એક વાગ્યા સુધીમાં આગ પર કાબૂ મેળવી લીધો હતો અને તેને ઉપરના રહેણાક માળ સુધી ફેલાતી અટકાવી હતી.

# પારસી મરણ

અદી ફ્રામરોઝ કુપર તે જરુના ધણી. તે મરહુમો જરબાનું ફ્રામરોઝ કુપરના દીકરા. તે હતૌક્શી ને રેનુકાના પપ્પા. તે જમશેદ ને પ્રવીણના સસરા. તે ફ્રેની ને મરહુમ હીલ્લાના ભાઈ. તે દરાયસ, નોઝર, અસ્પી ને હોમિયારના મામા. તે મરહુમો પીરોજા ધનજીશા કાસદના જમાઈ. (ઉ.વ. ૮૬). રહેવાનું ઠેકાણું: કુપર બિલ્ડીંગ, બીજે માળે, ૨૨૯ પ્રિન્સેસ સ્ટ્રીટ, કાલબાદેવી, મુંબઈ-૪૦૦૦૦૨. ઉઠમણાંની ક્રિયા તા. ૨૫-૯-૨૬ને દિને બપોરે ૩.૪૫ વાગે ઉપરની ભાભા નં.-૧માં ડુંગરવાડી પર.

# જૈન મરણ

**ઝાલાવાડી વિશા શ્રીમાળી મૂર્તિપૂજક જૈન**

વઢવાણ નિવાસી હાલ કાંદીવલી મધુકાંત વાડીલાલ શાહ (ઉં. વ. ૮૭), વસુમતીબેનના સહધર્મચારી. જયેશ, દીપક, આરતીના પિતાશ્રી. જલપા, હેતલ, અમીતભાઈના સસરા, રીયા મીતકુમાર દેસાઈ તથા રીકેનના દાદા. સ્વ. હરેન્દ્રભાઈ, ઉર્મિલાબેન તથા સરલાબેનના ભાઈ. ધ્રાંગધ્રા નિવાસી લવજીભાઈ ફુલચંદ શાહના જમાઈ. તા. ૨૩-૯-૨૦૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્ય. બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભાવનગર નિવાસી હાલ ઘાટકોપર વિમલકાંત અમૃતલાલ શાહ (ઉં. વ. ૯૩), હંસાબેનના પતિ. વિપુલ, સોનલના પિતાશ્રી. અમિતા, ધર્મેનના સસરાજી. અવિશા, રોનકના દાદાજી. નીલ, અનુજના નાનાજી તા. ૨૩-૯-૨૦૨૬ના રોજ અરિહંતશરણ થયેલ છે.લૌકિક વ્ય. બંધ છે.

ઝાલાવાડી વિશા શ્રીમાળી શ્વે. મૂ. પૂ. જૈન

ધંધુકા નિવાસી હાલ સાયન તારાબેન દલીચંદભાઈ દોશીના પુત્ર અરવિંદભાઈ (ઉં.વ. ૭૨) તે માયાબેનના પતિ. પ્રાચી હિતેનકુમાર શેઠ, સાર્થકના પિતાશ્રી. ભાવનાબેન દિપકકુમાર બગડીયા, પારૂલ હેમાંશકુમાર શાહ, નીપા નીતિનકુમાર વોરાના ભાઈ. બોટાદ નિવાસી ચંદુલાલ ઝવેરચંદ કોઠારીના જમાઈ. કીર્તિભાઈ, બકુલભાઈ, અતુલભાઈ, જીજ્ઞાબેન સંજયકુમાર ગોપાણીના બનેવી મંગળવાર, તા. ૨૨-૯-૨૬ના દિને અરિહંતશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોડાયના સરોજ ભુપેન્દ્ર માલદે (ઉં.વ. ૬૨) ૨૨-૯-૨૬નાં અરિહંતશરણ થયેલ છે. ગં.સ્વ. ખેતબાઇ લાલજી વીરજીના પુત્રવધૂ. ભુપેન્દ્રના પત્ની. પુજા, ચિંતનના માતુશ્રી. બિદડાના લક્ષ્મીબેન પ્રેમજીના સુપુત્રી. રેવંતી, સ્વ. કેતના, સ્વ. રાજેશના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ભુપેન્દ્ર માલદે, એ-૬૦૧, નવનીત નગર, દેશલેપાડા, ડોંબીવલી (ઇ.).

ગઢશીશાના પ્રેમજી ભાણજી ખીંયશી ગડા (ઉં.વ. ૭૧) ૨૨-૯-૨૬નાં અવસાન પામ્યા છે. મીનાના પતિ. પાનબાઇ ભાણજીના પુત્ર. કાજલના પિતા. રાઘવજી, નવિન, ગુણવંતી, જ્યોતિ, રમેશ, કલ્પનાના ભાઇ. નાના રતડીયા કેસરબેન ઠાકરશી ડાહ્યાભાઇ ગાલાના જમાઇ. પ્રા. શુભ મંગલ હોલ, ૨જે માળે, એવરેસ્ટ શોપીંગ સેન્ટર, ડોંબીવલી (ઇસ્ટ) ૨.૩૦ થી ૪. ચક્ષુદાન કરેલ છે. નિ. પ્રેમજી ગડા, ૧-સાઇધામ, કોપર ક્રોસ રોડ, ડોંબીવલી (વેસ્ટ).

રામાણીયાના વિભાબેન વિનોદ સાવલા (ઉં.વ. ૭૨) તા. ૨૧/૯ના અરિહંતશરણ પામ્યા છે. મેઘબાઈ ખીમજી નથુના પુત્રવધૂ. વિનોદના પત્ની. પૂર્વી, પલ્લવીના મમ્મી. દિવ્યાબેન મુલચંદના સુપુત્રી. નયન, ચેતના નિતીન, હિના રાજ, રીટા રાજેશના બેન. ભાવ ભક્તિનું સ્થળ : ઈમ્પીરીયલ હોલ, ધ પેલેસ બેંકવેટ (બીજે માળે), વિકાસ સેન્ટર, એન.એસ. રોડ/એસ.એલ. રોડ જંકશન, મુલુંડ-વે., ટા. ૨.૩૦ થી ૪.૩૦. નિ. વિનોદ સાવલા : બી-૭૦૪, સ્વપ્ન મહલ, સ્વપ્ન નગરી, મુલુંડ-વે.

કોટડી મહા.ના માતુશ્રી કસ્તુરબેન છેડા (ઉં.વ. ૮૦) તા. ૨૨-૯-૨૬ના અવસાન પામેલ છે. જેતબાઇ આશુભાઇના પુત્રવધૂ. બુધ્ધીચંદભાઇના પત્ની. મનોજ, કમલેશ, જાગૃતિ, ઉર્મિલા, સુનીતાના માતુશ્રી. સાભરાઇ પાનબાઇ નેણશી ગોસરના સુપુત્રી. લક્ષ્મીચંદ, મણીબેન, વિમલા, નિર્મલાના બેન. ત્વચાદાન અને ચક્ષુદાન કરેલ છે. પ્રા. : શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રા.સં.સં કરસન લધુ નિસર હોલ, દાદર (વે), ટા. : ૨ થી ૩.૩૦. નિ. : કમલેશ છેડા, ૧૩૦૩, આનંદી હાઈટ્સ, ગણેશ ગાવડે રોડ, મુલુંડ (વે.).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ટાણા નિવાસી હાલ દહિસર, હિંમતલાલ ન્યાલચંદ શાહના ધર્મપત્ની ગુણવંતીબેન (ઉં.વ. ૮૯) તે મંગળવાર, તા. ૨૨/૯/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ભરત-સુરેખા, સમીર-ભાવિની, અમિત-પરિતા તથા શીલા દિપકકુમારના માતુશ્રી. સ્વ. હીરાભાઈ, સ્વ. અનંતરાય, સ્વ. શાંતિભાઈ, સ્વ. ચંદુભાઈ, સ્વ. પરસનબેન તથા સ્વ. ખીમીબેનના ભાઈના પત્ની. પિયર પક્ષે સ્વ. બાબુલાલ અમૃતલાલ ત્રિભોવન શાહના દીકરી. માનસી પિયુષકુમાર, દર્શિત કિંજલ, ધ્રુવી ઋષભકુમાર, ધીર, ધ્વનિ, શાલીન, વિધિ જીગરકુમાર, મનન, રિદ્ધિ, કાયરાના બા. તેમની માતૃવંદના ૨૭/૯/૨૬ રવિવારના સવારે ૧૦ થી ૧૨ ક. ફ્રેન્ડ્સ બેન્કવેટ, હેપ્પી હોમ સોસાયટીની બાજુમાં, જયવંત સાવંત માર્ગ, દહિસર વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# હિન્દુ મરણ

**વિસાનાગર વણિક**

વડનગર નિવાસી હાલ મુંબઈ નરેનભાઈ વલ્લભદાસ શેઠ તે કમળાબેન વલ્લભદાસ શેઠના પુત્ર. દર્શનાબેનના પતિ. પાયલ, સ્મિત (ગોપાલ)ના પિતાશ્રી. રાજવીના સસરા. કેશવીના દાદા. રંજનબેન - સ્વ. દિનેશચંદ્ર ઈશ્વરલાલ શેઠના જમાઈ તા. ૨૧-૯-૨૬ના સોમવારે ગોલોક પામ્યા છે. પ્રાર્થનાસભા ૨૪-૯-૨૬ને ગુરુવારે સાંજે ૫ થી ૭ માતૃ મંદિર, ૨૭૮ તાડદેવ રોડ, નાના ચોક, ગ્રાન્ટ રોડ (વેસ્ટ) (લેન્ડ માર્ક - ભાટિયા હોસ્પિટલની સામે). પિયર પક્ષની પ્રાર્થનાસભા સાથે જ રાખેલ છે.

**પાવરાઈ ભાટિયા**

ગામ દેવીસર હાલ ઘાટકોપર (વે) પરાગ ચંદુલાલ ભાટિયા (ઉં. વ. ૫૩) સ્વ. ધનલક્ષ્મી ચંદુલાલ ભાટિયાના સુપુત્ર. સ્વ. દામજી રામજી, તારાબેનના પૌત્ર. હંસરાજ લાલજી બાલાઈના દોહિત્ર. મનીષ અને હેમાલીના મોટાભાઈ બુધવાર, તા. ૨૩-૯-૨૦૨૬ના શ્રીજી ચરણ પામ્યા છે. લૌકિક વ્ય. બંધ છે.

**હાલાઈ ભાટિયા**

હંસરાજ કરણસિંહ સંપટ (ઉં. વ. ૭૯) મંગળવાર, તા. ૨૨-૯-૨૦૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ઉષા હંસરાજના પતિ. ચિ. ચિરણ, અ.સૌ. અવંતિકાના પિતા. અ.સૌ. જીજ્ઞાના સસરા. સ્વ. લલિતા રણજીત, સ્વ. વિરમતી કરસનદાસ, ગં.સ્વ. કાન્તા હરિદાસ, ગં.સ્વ. જયા અનિલકુમાર, ગં.સ્વ. ચંદ્રા મહેન્દ્ર, ગં.સ્વ. વીણા અજીત, સ્વ. ધૈર્યબાળા પ્રવિણ તથા અ.સૌ. કાલિન્દી કિશોરકુમારના ભાઈ. તનિશી, કશિશના દાદા અને જશના નાના. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૬-૯-૨૦૨૬ના સાંજે ૪.૩૦ થી ૬ જુની હાલાઈ ભાટિયા મહાજનવાડી (કાલબાદેવી રોડ, મુંબઈ-૨).

**કપોળ**

ડુંગરવાળા સ્વ. સવિતાબેન જેઠાલાલ વ્રજલાલ સંઘવીના પુત્ર જયેશ (ઉં.વ. ૬૯) સોમવાર, તા. ૨૧-૯-૨૬ના અમરેલી મુકામે શ્રીજીચરણ પામ્યા છે. તે ઉષાબેનના પતિ. જીગર તથા જયના પિતા. ભાવિ તથા કૃતિના સસરા. સુધીરભાઈ, સ્વ. પ્રવિણાબેન ભરતકુમાર પારેખ, કલ્પનાબેન પ્રદીપકુમાર વ્યાસના ભાઈ. મોતીલાલભાઈ, મહેન્દ્રભાઈ, ભાસ્કરભાઈ ગોકળદાસ મહેતાના ભાણેજ. સર્વ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. હીરજી માવજી દાવડા કચ્છ ગામ કોટડા જડોધરના પુત્ર કેતન (ઉં.વ. ૫૪) તે ગં. સ્વ. જયાલક્ષ્મી હીરજી દાવડાના પુત્ર. મેઘનાબેનના પતિ. જયોતિબેન વસંત સચદેના જમાઈ. યશના પિતાશ્રી. ભરત, સ્વ. વિલેશના મોટા ભાઈ તા. ૨૨-૯-૨૬ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૪-૯-૨૬ના સાંજે ૫ થી ૭ ગોપૂરમ હોલ, પુરુષોત્તમ ખેરાજ ઈન્ડસ્ટ્રિઅલ એસ્ટેટ, આર. પી. રોડ, જ્ઞાનસરિતા સ્કૂલની પાસે, મુલુન્ડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર સુથાર**

ગામ મોટા જાદરાવાળા હાલ બોરીવલી હર્ષદભાઈ પરષોત્તમભાઈ રાઠોડ (ઉં.વ. ૭૭) તા. ૨૧-૯-૨૬, સોમવારના શ્રીજીચરણ પામ્યા છે. તે પરષોત્તમભાઈ રામજીભાઈના પુત્ર. શારદાબેનના પતિ. હેમરાજભાઈ અંબાભાઈ મકવાણાના જમાઈ. સ્વ. વજુભાઈ, રમેશભાઈ, સ્વ. ગુણવંતભાઈ, જયેશભાઈના ભાઈ. ભાવેશ, શૈલેષ, રાજેશ, સમીર, પ્રફુલ્લા હિતેન પરમારના પિતાશ્રી. દર્શના, નિશા, આશિતા, રચનાના સસરા. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૪-૯-૨૬ના સાંજે ૫ થી ૭. સ્થળઃ લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, અંબાજી મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**દશા મોઢ માંડલિયા**

જેતપુર નિવાસી સ્વ. કમળાબેન અમૃતલાલ કપૂરચંદ મારડિયાના સુપુત્ર સ્વ. જિતેન્દ્ર (ઉં.વ. ૮૩) તા. ૨૩-૯-૨૬, બુધવારે શ્રીજીચરણ પામ્યા છે. તે સર્મિષ્ઠાબેનના પતિ. ભાવિનભાઈના પિતાશ્રી અને સોનાલીબેનના સસરા. ચિ. ધૈર્યના દાદા. સ્વ. પ્રફુલભાઈ, સ્વ. પ્રવિણભાઈ, સ્વ. નરેન્દ્રભાઈ તથા દિલીપભાઈના ભાઈ. સ્વ. સુશીલાબેન પ્રવિણચંદ્ર શાહ, અ.સૌ. ગીતાબેન જેસુખલાલ શાહ, અ.સૌ. પન્નાબેન બિપિનચંદ્ર વોરાના ભાઈ. અ.સૌ. નિલમ અતુલ ઝવેરી, અ.સૌ. મનિષા મિતેશ મહેતા, અ.સૌ. નિલાક્ષી કેતન શાહના પિતાશ્રી. સ્વ. હરખલાલ પ્રભુદાસ શાહ (કોડિનાર)ના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠિયા વણિક સમાજ**

સરંભડા નિવાસી, સ્વ. રુક્ષ્મણી ગોવિંદજી કાઢીના પુત્રવધૂ, હાલ ઘાટકોપર, અ.સૌ. શ્રીમતી સોનાલીબેન (ઉં.વ. ૬૦) બાલકૃષ્ણ ગોવિંદજી સંઘાણીનાં ધર્મપત્ની. વિવેકનાં માતુશ્રી. સાન્વીનાં સાસુમા તથા રિત્વિકનાં દાદીમા. સ્વ. શોભાબેન રમેશચંદ્ર શાહ, તરુબેન વસંતલાલ શેઠ, પ્રફુલ્લાબેન હસમુખરાય ધ્રુવ, નયનાબેન દિનેશકુમાર માલવિયા, છાયાબેન કૃષ્ણકાન્ત ભુપતાની, પારુબેન ભરતકુમાર સેલારકાનાં ભાભી. સ્વ. મંગળાબેન ભીખાલાલ સેલારકાની દીકરી. સ્વ. કમલેશભાઈ, સ્વ. વિમલભાઈ યોગેશનાં બહેન. તા. ૨૨-૯-૨૬ના શ્રીજીનાં ચરણોમાં લીન થયેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર પ્રથા બંધ રાખેલ છે.

**કચ્છી (વાગડ) લોહાણા**

ગામ ભદ્રેશ્વરના હાલે થાણે સ્વ. સૌ. ભારતીબેન(કંકુબેન) કાંતિલાલ આડઠક્કર (ઉં.વ. ૬૪) તે સ્વ. ગૌરીબેન જમનાદાસ વલ્લભજી આડઠક્કરના પુત્રવધૂ. કાંતિલાલના ધર્મપત્ની. હેતલ સત્રા તથા કપિલના માતુશ્રી. સ્વ. નિર્મળાબેન દયાળજી ઝવેર પોપટ (પનવેલ)ના પુત્રી. પંકજ હંસરાજ સત્રાના સાસુ. હર્ષના નાની. રમેશભાઈના ભાભી. ૨૧/૯/૨૬ના સોમવારે રામશરણ થયેલ છે તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા ૨૪/૯/૨૬ના ગુરુવારે સાંજે ૪.૩૦ થી ૬.૦૦. શ્રી મુલુંડ કચ્છી લોહાણા મહાજન વાડી, ગ્રાઉન્ડ ફ્લોર, મુલુંડ વેસ્ટ. લૌકીક વ્યવહાર સદંતર બંધ છે.

**હાલાઇ લોહાણા**

સ્વ. કલ્યાણદાસ મોરઝરિયા તથા સ્વ. વ્રજકુંવરબેનના પુત્ર. ગાંધી તથા ખાખરીયા પરિવારના જમાઈ ચંદ્રકાંત મોરઝરિયા (ઉં.વ. ૮૭) જે સ્વ. દુર્ગાદાસભાઈ, સ્વ. કિશોરભાઈ, સ્વ. ભરતભાઈ, સ્વ. સુભાષભાઈ, સ્વ. ભાનુબેન વિજયભાઈ વસાણી તથા ચંદ્રિકાબેન દેવીદાસભાઇ કાપડીયાના ભાઈ. ગં.સ્વ. મીનાક્ષીબેન (માનોરમા બેન)ના પતિ. હિતેનભાઈ, જીતેનભાઇના પિતા. મનિષાબેન, તેજલબેનના સસરા. તે જય તથા વ્રજના દાદા. ૨૧-૯-૨૬ સોમવારના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# પુરુષ


feedback@bombaysamachar.com
મેલ મેટર્સ
અંકિત દેસાઈ

## જો પુરુષોને પણ પિરિયડ્સ આવતા હોત તો...?

હમણાં જાણીતી અભિનેત્રી શ્રુતિ હાસને એક પૉડકાસ્ટ દરમિયાન એક ગંભીર છતાં રમૂજી નિવેદન આપ્યું કે તેમણે હજારો વાર એવી પ્રાર્થના કરી છે કે પુરુષોને પણ પિરિયડ્સ આવવા જોઈએ. તેમનો તર્ક એવો હતો કે જો પુરુષોને માસિક ધર્મ આવતો હોત તો કદાચ કૉર્પોરેટ જગતમાં 'પિરિયડ લીવ' કે રજાઓ આપવાના નિયમો વધુ સહજ, સંવેદનશીલ અને ઝડપી બની ગયા હોત, કારણ કે પુરુષકેન્દ્રી સમાજમાં જે પીડા દેખાય છે તેની જ ગંભીરતાથી નોંધ લેવાય છે.

આ નિવેદન સાંભળીને પ્રથમ દૃષ્ટિએ કોઈ પણ પુરુષને નારાજગી થઈ શકે અથવા તો આ વાતને માત્ર એક ભ્રમ કે કટાક્ષ ગણીને નકારી દેવાનું મન થાય, પરંતુ જ્યારે આપણે આ વિષયને આવેગ કે પક્ષપાત વગર, કેવળ તર્ક અને માનવ સહજ વાસ્તવિકતાના ચશ્માંમાંથી જોઈએ છીએ ત્યારે આ નિવેદન પાછળ છુપાયેલી સામાજિક કડવાશ અને જૈવિક સત્ય વચ્ચેનો તફાવત સ્પષ્ટ થવા લાગે છે.

સૌપ્રથમ તો જૈવિક અને વૈજ્ઞાનિક વાસ્તવિકતા એ છે કે પ્રકૃતિએ સ્ત્રી અને પુરુષના શારીરિક બંધારણ, હૉર્મોનલ ચક્ર અને પ્રજનન ક્ષમતાની વહેંચણી ચોક્કસ હેતુથી કરી છે. પ્રકૃતિનો આ નિયમ કાલ્પનિક ઇચ્છાઓથી બદલાવાનો નથી. તેથી 'જો પુરુષોને પિરિયડ્સ આવે તો શું થાય' એ પ્રશ્ન વૈજ્ઞાનિક રીતે અર્થહીન છે, પણ સામાજિક અને માનસિક રીતે તે અત્યંત વિચારણીય છે. પ્રશ્ન એ નથી કે પુરુષે શારીરિક રીતે એ લોહી અને અસહ્ય ખેંચાણની પીડા ભોગવવી પડે, પરંતુ પ્રશ્ન એ છે કે શું કોઈ પીડાને સમજવા માટે એ પીડામાંથી પોતે પસાર થવું ફરજિયાત છે? જો એવું જ હોય તો કૅન્સરના દર્દીની સારવાર કરતો ડૉક્ટર કે સરહદ પર ઘવાયેલા સૈનિકની સારવાર કરતો માનવી ક્યારેય એમની તકલીફ સમજી જ ન શકે. પુરુષત્વની ખરી કસોટી પીડા અનુભવવામાં નહીં, પરંતુ સ્વજનની પીડાને આત્મસાત કરીને તેની સપોર્ટ સિસ્ટમ બનવામાં છે.


AI


આપણા સમાજમાં દાયકાઓથી પિરિયડ્સને એક એવો ગુપ્ત વિષય બનાવી દેવામાં આવ્યો છે. જેના વિશે ઘરમાં પણ ધ્રૂજતા અવાજે કે ઇશારામાં વાત થાય છે. બાળપણથી જ છોકરાઓને બહેન કે માતાના આ દિવસોથી દૂર રાખવામાં આવે છે, પિરિયડ્સના પૅડ કાળા ઝબલાં-પ્લાસ્ટિકને થેલી કે છાપામાં વીંટાળીને લાવવામાં આવે છે અને આ પ્રક્રિયાને માત્ર 'સ્ત્રીઓની ખાનગી વાત' કહીને પુરુષોની સમજણનો દરવાજો જ બંધ કરી દેવામાં આવે છે. પરિણામે મોટાભાગના પુરુષો પિરિયડ્સ પ્રત્યે કઠોર કે સંવેદનહીન નથી હોતા, પણ તે આને લઈને કેવળ અજ્ઞાની હોય છે. તેમને એ વાતનો ખ્યાલ જ નથી હોતો કે આ માત્ર લોહી વહેવાની સામાન્ય પ્રક્રિયા નથી, પરંતુ તેની સાથે ડિપ્રેશન, હૉર્મોનલ ફેરફારો, અસહ્ય કમર અને પેટનો દુખાવો, પીસીઓએસ અને મૂડ સ્વિંગ્સ જેવી જટિલ શારીરિક-માનસિક સ્થિતિઓ જોડાયેલી હોય છે. પુરુષ જ્યારે આ પ્રક્રિયાના વિજ્ઞાનથી વંચિત રહે છે ત્યારે તે વર્કપ્લેસ પર કે ઘરમાં તેને 'નાટક' કે 'મૂડ સ્વિંગ્સ' ગણી લેવાની ભૂલ કરી બેસે છે.

શ્રુતિ હાસનના નિવેદનમાં વર્કપ્લેસ કલ્ચરને લઈને જે આક્ષેપ છે તેનો એક તાર્કિક પક્ષ એ પણ છે કે પુરુષસત્તાક કે કૉર્પોરેટ માનસિકતામાં 'દેખાતી ઈજા'ને તરત જ સ્વીકારવામાં આવે છે, જ્યારે 'અદૃશ્ય પીડા'ને નકારવામાં આવે છે. જો કોઈ પુરુષ કર્મચારીને અકસ્માત થાય, ફ્રેક્ચર થાય કે સર્જરી કરાવવી પડે તો કંપનીઓ તેને મહિનાઓની મેડિકલ લીવ સહજતાથી આપે છે, પરંતુ જે પીડા શરીરમાં અંદરથી થઈ રહી છે અને જેનું કોઈ બાહ્ય પટ્ટી કે પ્લાસ્ટર દેખાતું નથી તેને ઘણીવાર ગંભીરતાથી લેવામાં આવતી નથી. જોકે આ માનસિકતા માત્ર સ્ત્રીઓ પૂરતી સીમિત નથી. પુરુષો પણ આ જ ટાસ્ક-ઓરિએન્ટેડ અને કઠોર વર્ક કલ્ચરના ભોગ બને છે. પુરુષો જ્યારે માનસિક તણાવ, બર્નઆઉટ કે ડિપ્રેશનમાંથી પસાર થાય છે ત્યારે તેમને પણ 'પુરુષ થઈને રડે છે?' કે 'આટલામાં થાકી ગયો?' કહીને તેમની અદૃશ્ય પીડાને નકારી દેવાય છે એટલે કે વર્કપ્લેસ પર અદૃશ્ય પીડા પ્રત્યેની સંવેદનહીનતા એ માત્ર સ્ત્રી-પુરુષનો ભેદભાવ નથી, પણ સમગ્ર કૉર્પોરેટ માનસિકતાની ખામી છે.

આ સ્થિતિમાં જો પુરુષ પોતાનો દૃષ્ટિકોણ સ્પષ્ટ કરે તો તેણે એ સમજવું પડે કે સ્ત્રી જ્યારે આવી આકરી માગણીઓ કે આક્રોશ વ્યક્ત કરે છે ત્યારે તેની પાછળ વર્ષોની અણસમજ અને તિરસ્કારનો અનુભવ હોય છે. જ્યારે કોઈ મહિલા ઑફિસમાં પીડાથી તરફડતી હોય અને તેને એમ કહેવામાં આવે કે 'આ તો દર મહિનાનું છે... એમાં આટલો ડ્રામા કરવાની શું જરૂર છે?' ત્યારે જ એ સ્ત્રીના મનમાં એવો વિચાર જન્મે છે કે જો આ પુરુષને પણ આ પીડા થતી હોત તો કદાચ એ આ શબ્દો ન બોલ્યો હોત. તેથી પુરુષોએ આવી ટિપ્પણીઓથી નારાજ થવાને બદલે એ વિચારવાની જરૂર છે કે આપણે એક સમાજ તરીકે ક્યાં ઊણા ઊતર્યા છીએ.

વાસ્તવિક અને લૉજિકલ ઉકેલ એ નથી કે પુરુષો પ્રકૃતિ સામે લડીને પિરિયડ્સની રાહ જુએ. સાચો ઉકેલ એ છે કે પુરુષ પોતાના પુરુષત્વને વધુ પરિપક્વ અને સંવેદનશીલ બનાવે. એક પિતા તરીકે પોતાના પુત્રને નાનપણથી જ પિરિયડ્સનું સાચું વિજ્ઞાન સમજાવવું, એક પતિ તરીકે ઘરમાં પિરિયડ્સના દિવસોમાં પત્નીને શારીરિક કામમાંથી મુક્તિ આપીને હૉટ વૉટર બૅગ કે દવા આપવાની સહજતા કેળવવી અને એક બૉસ કે કો-વર્કર તરીકે ઑફિસમાં કામ કરતી મહિલા સહકર્મીની તકલીફને સમજીને તેને જરૂરી સ્પેસ આપવી એ જ ખરી મૅચ્યોરિટી છે.

આખરે કુદરતે સ્ત્રી અને પુરુષને એકબીજાનાં પૂરક બનાવ્યાં છે, હરીફ નહીં. સ્ત્રીની જૈવિક પીડાને પુરુષ અનુભવી શકતો નથી, પણ એ પીડાને સમજીને તેની પડખે ઊભા રહેવાની ક્ષમતા તો ઈશ્વરે પુરુષને આપી જ છે. શ્રુતિ હાસનના નિવેદનનો સકારાત્મક સાર એ જ હોવો જોઈએ કે પુરુષોને પિરિયડ્સ આવવાની કોઈ જ જરૂર નથી, બસ પુરુષોમાં પિરિયડ્સ અને સ્ત્રી સહજ પીડા પ્રત્યે માનસિક મૅચ્યોરિટી અને સંવેદના આવવી અત્યંત જરૂરી છે. જો આ સંવેદના આવી જશે તો કોઈ પણ કાયદા કે 'પિરિયડ લીવ'ના નિયમો વગર પણ સમાજ અને વર્કપ્લેસ વધુ માનવીય અને સુંદર બની જશે. ■



# ડિયર હની... તારો બન્ની

### પત્નીને પત્ર

કૌશિક મહેતા feedback@bombaysamachar.com

## તને કદી એકલા ફરવા જવાનું મન થાય?

*ડિયર હની,*

*એક સવાલ પૂછું? તને કદી એકલા ફરવા જવાનું મન થાય ખરું? ક્યારેય આવી ઇચ્છા થઈ હતી અને થઈ હોય તો તું ક્યારેય એકલી ફરવા ગઈ હતી ખરી? તને થશે કે આ પ્રશ્ન મને થયો કેમ? કેમ ના થાય? યુવકો એકલા ફરવા જાય છે એના અનેક દાખલા પણ છે, પણ યુવતીઓમાં આવા દાખલા કેટલા?*

*યુવતીએ એકલા જવું હોય તો ઘરેથી પરમિશન લેવી પડે છે, જે સરળતાથી મળતી નથી, જ્યારે યુવકોને મળી જાય છે.*

*ફરી અહીં વાત લિંગ અસમાનતાની આવી જાય છે, પણ આ આપણા સમાજની વાસ્તવિકતા છે. હજુય છોકરીઓને ક્યાંય એકલા ફરવા જવું હોય તો મા-બાપ સરળતાથી મંજૂરી આપતાં નથી. અપરિણીત હોય કે પરિણીત... યુવતીઓ માટે આવી મંજૂરી મળવી આસાન નથી. આમ છતાં કેટલાકે આ બંધનો તોડ્યાં છે, જે જાણવા માટે ઇતિહાસમાં જવું પડે. ઇતિહાસમાં એવી ઘણી સાહસિક મહિલાઓ થઈ છે જેમણે રૂઢિચુસ્ત સમાજ અને જોખમો સામે લડીને દુનિયામાં એકલા ફરવાની શરૂઆત કરી હતી અને માર્ગ બનાવ્યો હતો.*

*અઈદા પફેઇફર... ઑસ્ટ્રિયાની આ મહિલાને વિશ્વની પ્રથમ સોલો મહિલા ટ્રાવેલર અને ટ્રાવેલ રાઇટર માનવામાં આવે છે, જ્યારે સ્ત્રીઓ ઘરની ચાર દીવાલોમાં કેદ હતી ત્યારે તેમણે ૪૦ વર્ષની ઉંમર પછી એકલાં જ મધ્ય પૂર્વ, ભારત, ઇન્ડોનેશિયા અને ઉત્તર ધ્રુવ પ્રદેશોની સફર ખેડી હતી અને પોતાના પ્રવાસો વિશે પુસ્તકો પણ લખ્યાં હતાં. અઇદાનું બાળપણથી જ દુનિયા જોવાનું અને મુસાફરી કરવાનું સ્વપ્ન હતું, પરંતુ લગ્ન એક સરકારી અધિકારી સાથે થયાં અને બે સંતાનોની માતા બન્યાં. જ્યાં સુધી બાળકો મોટાં ન થયાં અને પતિનું અવસાન ન થયું ત્યાં સુધી તેમણે પોતાની જવાબદારીઓ નિભાવી. ૪૨ વર્ષનાં થયાં (એટલે કે ૧૮૪૨માં), ત્યારે તેમણે પોતાના બાળપણના સપનાને પૂરું કરવાનું નક્કી કર્યું અને સોલો ટ્રાવેલિંગની શરૂઆત કરી.*

*પહેલી મોટી સફર ૧૮૪૨માં પેલેસ્ટાઈન, ઇજિપ્ત અને મિડલ ઈસ્ટના દેશોની કરી. આ પ્રવાસ દરમિયાન તેમને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો, ચોરો-લૂંટારાઓનો ભય હતો, છતાં તે હિંમત ન હાર્યાં . આ પ્રવાસ પરથી તેમણે પોતાનું પહેલું પુસ્તક લખ્યું, જે ખૂબ લોકપ્રિય થયું અને તેમને આર્થિક રીતે પણ મદદ મળી.*

*અઈદાએ બે વાર દુનિયાભરનાં ચક્કર લગાવ્યાં હતાં. ૧૮૪૬થી ૧૮૪૮ દરમિયાન પ્રથમ વર્લ્ડ ટૂર કરી. આ પ્રવાસમાં તેમણે બ્રાઝિલનાં ગાઢ જંગલો, ચીલી, પક્ષીઓની ટાપુઓ, ભારત (મુંબઈ, કલકત્તા વગેરે), ઇરાક, પર્શિયા અને મિડલ ઈસ્ટની મુસાફરી કરી. જહાજમાં મુસાફરી કરતી વખતે તોફાનો અને ચાંચિયાઓ (pirates) સામે પણ લડ્યાં હતાં.*

*બીજી વર્લ્ડ ટૂર ૧૮૫૧-૧૮૫૫ દરમિયાન કરી. આ સફરમાં તેમણે દક્ષિણ આફ્રિકા, ઑસ્ટ્રેલિયા, અમેરિકા અને મલેશિયા તથા ઇન્ડોનેશિયા (બોરિનિયો અને સુમાત્રા)ના અજાણ્યા આદિવાસી વિસ્તારોની મુલાકાત લીધી. આ દરમિયાન તેમણે નરભક્ષક જાતિઓ વચ્ચે પણ સમય વિતાવ્યો હતો.*

*આવી જ એક બીજી મહિલા છે નેલી બ્લાઈ. એ પત્રકાર હતી. ૧૮૮૯માં માત્ર ૭૨ દિવસમાં ટ્રેન અને અન્ય વાહન દ્વારા એકલા જ આખી દુનિયાનું ચક્કર લગાવીને ઇતિહાસ રચ્યો હતો. તેમના આ સાહસે દુનિયાભરની સ્ત્રીઓને પ્રવાસ માટે પ્રેરિત કરી હતી.*

*એ જ રીતે બ્રિટિશ સંશોધક ફ્રેયા સ્ટાર્કે ૧૯મી સદીના અંતમાં એકલા હાથે મિડલ ઇસ્ટ (ઈરાન, ઇરાક, યમન, વગેરે)ના અજાણ્યા અને જોખમી વિસ્તારોની મુસાફરી કરી હતી. તેમણે સોલો ટ્રાવેલ વિશે કહ્યું હતું : 'અજાણ્યા શહેરમાં એકલા જાવું એ દુનિયાની સૌથી સુંદર અનુભૂતિ છે.!'*

*ભારતમાં પણ આવી મહિલાઓ છે. શિવ્યા નાથ ભારતીય સોલો વુમન ટ્રાવેલર્સમાં ખૂબ જ જાણીતું નામ છે. તેણે ૨૩ વર્ષની નાની વયે કૉર્પોરેટ નોકરી છોડીને કાયમી ધોરણે સોલો ટ્રાવેલ કરવાનું શરૂ કર્યું અને 'ધી શૂટિંગ સ્ટાર' નામે બ્લૉગ દ્વારા ભારતમાં સોલો ટ્રાવેલ કલ્ચરને લોકપ્રિય બનાવવામાં મોટો ફાળો આપ્યો છે.*

*કેરળની સાહસિક મહિલા નજી નૌશીએ તો પોતાની થાર ગાડીમાં એકલાં જ ૨૧ દેશોનો પ્રવાસ ખેડીને અદ્ભુત સાહસ દાખવ્યું છે, જેમાં તાલિબાન શાસિત અફઘાનિસ્તાન જેવા જોખમી પ્રદેશોનો પણ સમાવેશ થાય છે તો મુંબઈની સ્તવી મહેતાએ જેસલમેરથી શિલોંગ સુધી ૩,૦૦૦ કિલોમીટર લાંબી ઑટો-રિક્ષા સોલો રાઇડ કરીને તથા ન્યૂઝી લૅન્ડથી લઈને યુરોપ સુધી બૅકપૅકિંગ કરીને ભારતીય મહિલાઓની ક્ષમતા સાબિત કરી છે.*

*હવે તો આવા દાખલાનું પ્રમાણ વધ્યું છે. પ્રવાસ કરવો અને એમાંય એકલા પ્રવાસ કરવો એના અનુભવ અને અનુભૂતિ સાવ અલગ હોય છે. જાણીતી ગુજરાતી લેખિકા કાજલ ઓઝા વૈદ્ય પણ આવી સફર કરી છે અને એના વિશે લખ્યું છે : 'આવી સફર કરવી જોઈએ. હું મહિલા છું એટલે ઘણી બધી જવાબદારી છે કે સલામતીનું શું? એવા પ્રશ્નો મનમાં જરૂર ઊઠે પણ એને અતિક્રમી સોલો ટ્રાવેલ કરવું જોઈએ. એકલા ફરવા જવું એ જાત સાથે પનારો પાડવા જેવું પણ છે. એનો અનુભવ એક મહિલા-યુવતીએ જરૂર લેવો જોઈએ અને હા, એ વિશે લખવું પણ જોઈએ.'*

*ગુજરાતી ભાષામાં પ્રવાસ પુસ્તક લખનાર પ્રથમ મહિલા મહારાણી નંદકુંવરબા હતાં. એમણે ૧૯૦૨માં 'ગોમંડળ પરિક્રમા' પુસ્તક લખ્યું. જેમાં તેમણે પોતાના વિશ્વભ્રમણ અને પ્રવાસના અનુભવોનું અદ્ભુત આલેખન કર્યું હતું.*

*તું પણ આવો કૈક વિચાર કર ને...*

*તારો બન્ની*

# સંધ્યા છાયા


feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

## તમે ધનનો સદ્ઉપયોગ કઈ રીતે કરો છો?

લક્ષ્મી તો ઘણાને વરેલી હોય છે, પણ કેટલાકના હાથમાંથી પૈસા છૂટતા જ નથી. ન તો પોતાની માટે વાપરી શકે છે કે ન કોઈ સદ્કાર્યમાં વાપરી શકે છે. જ્યારે કેટલાક લોકો એવા હોય છે જે પોતાનું ધન સ્વઅર્થે જ ખર્ચે છે. બીજાની માટે પાંચ પૈસા પણ વાપરવા તૈયાર નથી હોતા. કોઈ સદ્કાર્ય માટે પણ મદદનો હાથ લંબાવતા નથી. જ્યારે કેટલાક એવા લોકો હોય છે જે હંમેશાં મદદનો હાથ લંબાવવા તૈયાર હોય છે. હંમેશાં સદ્કાર્ય માટે રેડી હોય છે. જરૂરિયાતમંદને સહાય કરવામાં ક્યારેય પાછી પાની નથી કરતા. જે લોકો લક્ષ્મીનો ઉપયોગ સદ્કાર્યમાં કરે છે તેમની લક્ષ્મી મહાલક્ષ્મી બની જાય છે.

આજે એવી જ એક વ્યક્તિ વિશે વાત કરવી છે. આપણે એમને પ્રીતિબહેન કહીશું, પ્રીતિબહેનની ઉંમર હશે ૬૫થી ૭૦ વચ્ચેની. પ્રીતિબહેન હંમેશાં અપ-ટુ-ડેટ હોય. તેમનું ડ્રેસિંગ-સેન્સ ગજબનું છે. વ્યવસ્થિત રહેણીકરણીને લીધે તમે તેમની ઉંમરનું અનુમાન લગાવી શકો નહીં. તેથી જ ૬૫થી ૭૦ વચ્ચેની તેમની વય હશે તેમ લખ્યું છે.

ગુજરાતના ગામમાં જ પ્રીતિબહેનનો ઉછેર અને ભણતર થયાં. જોકે થોડા સમય પછી તે ગુજરાતના શહેરમાં વસી ગયાં હતાં તેથી કૉલેજનું શિક્ષણ પણ ગુજરાતના શહેરમાં થયું. પ્રીતિબહેનને ભણવાનો, અધ્યયનનો, નવું શીખવાનો બહુ જ શોખ. તેમને નાનપણથી જ્યોતિષવિદ્યાનો શોખ હતો. જોકે તે શીખી ન શક્યાં. લગ્ન પછી મુંબઈ સ્થાયી થયાં. પતિની કમાણી ઠીકઠાક હતી, પણ મુંબઈના ખર્ચા જાલીમ એટલે 'મુંબઈની કમાણી મુંબઈમાં સમાણી' એ કહેવત પ્રીતિબહેનના જીવનમાં પણ યથાર્થ જ ઠરી. કાંઈ બચત હાથમાં રહેતી ન હતી.


AI

પ્રીતિબહેને વિચાર્યું કે એકલો પતિ બિચારો કેટલું કરે? મારે પણ કાંઈક કરવું જોઈએ. આમ પણ પ્રીતીબહેન નાનપણથી જ ઉધમી. સમય જતાં દીકરાનો જન્મ થયો. ખર્ચ વધ્યો. હવે તો કાંઈક કરવું જ પડશે એવા નિશ્ચય સાથે પ્રીતિબહેને ઘેર બેસીને જ સાડીઓ વેચવાનું કામ શરૂ કર્યું. કામ સારું ચાલ્યું. દીકરો મોટો થયો હતો. બાઈ પાસે રાખીને બહાર નીકળી શકાય એમ હતું. એવામાં એક દિવસ પ્રીતિબહેનની નજર અખબારમાં પ્રકાશિત થયેલી એક જાહેરખબર હતી. વળી શીખવવાની કોઈ ફી પણ આપવાની ન હતી. નિઃશુલ્ક જ્યોતિષ વિદ્યા શીખવવાનાં હતાં. નાનપણમાં જ્યોતિષ વિદ્યા શીખી શક્યાં ન હતાં તે આ જાહેરખબર જોઈને શીખી લેવા માટે કટિબદ્ધ થયાં.

સાડીનો બિઝનેસ સંભાળે, દીકરાને સંભાળે અને અઠવાડિયામાં ૩ દિવસ ક્લાસમાં જાય. ક્લાસમાં વધુ ધ્યાન દઈને સાંભળે, સમજે પણ જ્યોતિષ બહુ જ ગહન અને વિસ્તૃત વિષય છે, ક્લાસમાં જે શીખવ્યું હોય તેય ઘેર આવીને ફરી વાંચે નહીં, તેનું અધ્યયન કરે નહીં તો ભૂલી જવાય.

પ્રીતિબહેનનું મગજ તો પહેલેથી જ શાર્પ. ઘરે રાતે મોડે સુધી જાગીને પોતાનો અભ્યાસ કરી લે. આમ શીખતાં શીખતાં પ્રીતિબહેન તો જ્યોતિષાચાર્ય બની ગયાં. એવામાં પતિ ગંભીર માંદગીમાં પટકાયા. તેમની સેવા-સુશ્રુષા, સાડીનો વ્યવસાય અને દીકરાની સાર-સંભાળમાં જ્યોતિષ ભુલાઇ ગયું. કાળને કરવું ને એમના પતિ ગંભીર બીમારીમાંથી બચ્યા નહીં. હવે દીકરો પણ કૉલેજમાં જતો હતો. પતિ રહ્યા નહીં, હવે પ્રીતિબહેન પાસે સારો એવો સમય હતો. માળિયા પર ચઢાવી દીધેલાં જ્યોતિષનાં પુસ્તકો ઉતાર્યાં. ફરી અધ્યયન શરૂ કર્યું. જ્યાં અટકે ત્યાં ગુરુઓની સલાહ લે. આમ જ્યોતિષ વિદ્યામાં તે પારંગત થઈ ગયાં. તેમણે જ્યોતિષ જોવાનું ચાલુ કર્યું.

શરૂઆતમાં ઓળખીતા-પાળખીતાના હાથ અને કુંડળી જોતા. તેમનો વર્તારો સાચો પડવા લાગ્યો. તેમણે આ વિદ્યાને વ્યવસાય તરીકે સ્વીકારી. પછી તો નામ થઈ ગયું. કેટલીયે નામાંક્તિ વ્યક્તિઓએ કોઈ કામ કરવા પહેલાં કે બીજી કોઈ મૂંઝવણ હોય ત્યારે તેમની સલાહ લેવા માંડી. સારું કમાવા લાગ્યાં, પણ કમાઈને તિજોરીમાં ભેગું કરવાના મતના નથી પ્રીતિબહેન. તે માને છે કે હું સમાજ પાસેથી ઘણું પામી છું. તો સમાજને પરત કરવાની પણ મારી ફરજ છે.

સમાજે ધન સાથે માન-સન્માન આપ્યું. આજે પ્રીતિબહેન સામાજિક સંસ્થાઓમાં મેડિકલ માટે, શિક્ષણ માટે પોતાનાથી બનતી મદદ કરે છે. કેટલીક સંસ્થાઓ જે મહિલાઓ અને સિનિયર સિટિઝનના મનોરંજન અર્થે સ્થપાઈ હોય તેવી સંસ્થાઓમાં પણ પોતાનું યોગદાન આપતાં રહે છે. નવા કલાકારોને પ્રોત્સાહન પણ આપતાં રહે. સારું વાંચન હોવાથી લખે પણ છે. તેમણે જ્યોતિષના વ્યવસાય સાથે સમાજસેવા પણ સ્વીકારી લીધી છે. આખો દિવસ વ્યસ્ત રહે છતાં હસતાં ને હસતાં જ હોય.

પ્રીતિબહેનને જોઈને થાય કે દરેક વૃદ્ધ વ્યક્તિએ આવું જીવન જીવવું જોઈએ ખાસ કરીને સ્ત્રીઓએ પતિના અવસાન બાદ પોતાની જાતને કોચલામાં પૂરી દઈને કે પછી સંતાનોના ઓશિયાળા થઈને જીવવાને બદલે માથું ઊંચું રાખીને આત્મવિશ્વાસથી, આત્મ-સમ્માન જાળવીને જીવવાની પરિસ્થિતિ શ્રેષ્ઠ પરિસ્થિતિ ગણાય ખરુંને? ■

મુંબઈ સમાચાર YouTube ગુજરાતી
ગૃહિણી સાથે ગોસિપ
રોજિંદા કામકાજની વ્યસ્તતા વચ્ચે મેળવો હળવી પળો અને રસપ્રદ વાતોનો ખજાનો. મુંબઈ સમાચારની ઓફિશિયલ ગુજરાતી યુટ્યૂબ ચેનલ પર સવારે ૧૧ વાગ્યે.
https://youtu.be/fDo5iVn1RgQ
આજે જ સબસ્ક્રાઇબ કરો અને જોડાયેલા રહો!

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મુંબઈ સમાચાર લાડકી

# એ જે રીતે અન્ય સ્ત્રીમાં રસ લેતો હતો એ જોતાં મને લાગ્યું કે...

(ભાગ: ૪)

**નામ: એન બોલેઈન**
સમય: જાન્યુઆરી, ૧૫૫૯
સ્થળ: વેસ્ટમિનિસ્ટર એબે, લંડન
ઉંમર: ૫૮ વર્ષ (જો જીવિત હોત તો)

હવે, હું ઇંગ્લૅન્ડની રાણી છું. હેન્રી ૮મો, ઇંગ્લૅન્ડનો પ્રભાવશાળી રાજા મારો પતિ છે... પરંતુ એનાથી મને સુખ કે સંતોષ મળ્યાં નહીં. ઇંગ્લૅન્ડની પ્રજાએ મને કદી સ્વીકારી નહીં. મારા રાજ્યાભિષેક દરમિયાન 'લોંગ લિવ ધ ક્વિન'ના નારા લગાવવાને બદલે લોકોએ 'વ્હિચ વ્હિચ' (ડાકણ ડાકણ)ની બૂમો પાડી. સહુને લાગતું હતું કે મેં કાળો જાદુ કરીને હેન્રીને મારા વશમાં કરી લીધો હતો. હેન્રી મારા વશમાં હતો, પણ બહુ થોડા સમય માટે. સાત વર્ષ એણે મારી પ્રતીક્ષા કરી, મારી સાથે લગ્ન કરવા માટે આસમાન-જમીન એક કરી નાખ્યાં એ દરમિયાન હેન્રી મને એક દિવસ પણ ન જુએ તો બેચેન થઈ જતો. ઇંગ્લૅન્ડના રાજકારણમાં, દરબારમાં અને હેન્રીના અંગત નિર્ણયોમાં પણ એ મારો અભિપ્રાય ચોક્કસ પૂછતો. મેં આ પરિસ્થિતિનો સારો એવો લાભ ઉઠાવ્યો. એ સાત વર્ષ દરમિયાન મેં થોમસ વોલ્સીને ઇંગ્લૅન્ડના રાજાથી દૂર કરવાનું કામ કર્યું. અનેક લોકો જેમણે મારા અને હેન્રીનાં લગ્નમાં વિઘ્ન નાખ્યાં હતાં, હેન્રીને મારા વિરુદ્ધ ચઢાવવાનું કામ કરતા હતા એવા સૌને મેં ધીરે ધીરે હેન્રીથી દૂર કર્યા. ઇંગ્લૅન્ડના રાજદરબાર પર હેન્રી નહીં, પણ એન બોલેઈનનું રાજ હતું એવી ગુસપુસ ચાલતી. મને તો એનાથી આનંદ જ થતો... લગ્ન કર્યા પછી આ પરિસ્થિતિ બદલાઈ ગઈ.



એન બોલેઈન

ઇંગ્લૅન્ડનો રાજા હેન્રી ૮મો, મારો પતિ તો બન્યો, પણ અમારાં લગ્નના થોડાક જ સમયમાં હેન્રી મારી બદ્ધિ, તેજસ્વિતા, હાજર જવાબીપણા અને રાજકારણની ઊંડી સમજથી અકળાવા લાગ્યો. એનો અહંકાર ચરમસીમાએ હતો, કોઈ સ્ત્રી એના નિર્ણયો પર સવાલ કરે કે એની ભૂલ કાઢે એ હેન્રીને કોઈ સંજોગોમાં મંજૂર નહોતું. હું ક્યારેક એવું કરી બેસતી. મને એવું લાગતું હતું કે એવું કરીને હું મારા પતિની મદદ કરું છું. એને વધુ સારો રાજા બનવામાં, લોકપ્રિય બનવામાં મારી આવી સલાહ એને કામ લાગશે, પરંતુ હેન્રી માટે આવી કોઈ પણ સલાહ કે પ્રશ્નોત્તરી એના રાજા હોવા પર, એના પુરુષ હોવા પર એની સત્તા અને અહંકાર પર સીધો ઘા હતો. હેન્રી એના પ્રકૃતિ મુજબ કોઈ એક સ્ત્રી સાથે લાંબો સમય બંધાઈને રહી શકે એમ હતો જ નહીં. કેથરિન પછી મેરી અને મેરી પછી મારો બન્યો તો ખરો, પણ હવે એને અન્ય સ્ત્રીઓમાં રસ પડવા લાગ્યો હતો. જે હું સહન કરી શકું એમ નહોતું. એથી આગળ વધીને એક નવો પ્રશ્ન એવો સર્જાયો કે મેં પણ દીકરીને જન્મ આપ્યો. હેન્રી માટે રાજગાદીનો વારસ મેળવવો એ અનિવાર્ય જરૂરિયાત બનવા લાગી હતી. માત્ર સ્ત્રી પરત્વેના રસને કારણે નહીં, પરંતુ રાજગાદીના વારસ માટે પણ હવે એની નજરો ભટકવા લાગી.

**કથા કોલાજ**
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

જે લગ્ન માટે ઇંગ્લૅન્ડના રાજાએ પોપ સાથે સંઘર્ષ કર્યો, પોતાનાં લગ્ન રદ કરાવવા માટે ચર્ચ ઑફ ઇંગ્લૅન્ડની સ્થાપના કરી અને પોતે એનો વડો બન્યો એ હવે જાણે કે મારાથી કંટાળી ગયો હોય એવું વર્તવા માંડ્યો. એ જ ગાળામાં મારા ભાઈ જ્યૉર્જ બોલેઈનનાં લગ્ન થયાં. એ એની પત્ની સાથે સુખી હતો, પરંતુ હું એકદમ અસલામત અને ચિંતિત રહેવા લાગી. હેન્રી જે રીતે અન્ય સ્ત્રીઓમાં રસ લેતો હતો એ જોતાં મને લાગ્યું કે એ મને કાઢી મૂકશે. મારી નજર સામે જ એણે કેથરિન ઑફ એરોગોન સાથેનાં લગ્નને અવૈધ ગણાવીને એને કાઢી મૂકી હતી. જે કામ કરવાનો રસ્તો મેં જ એને બતાવ્યો, હવે એ જ ઉપાય મારા પર અજમાવશે એવો ભય મને સતત લાગતો હતો. મારી દીકરી એલિઝાબેથના જન્મ પછી હેન્રીને બાંધી રાખવાના મારા તમામ પ્રયત્નો નકામા નીવડ્યા. હેન્રી પુત્ર માટે ધમપછાડા કરી રહ્યો હતો અને હું ફરીથી ગર્ભવતી થવાના પ્રયત્નોમાં હેન્રીને પામવા માટે મારાથી થઈ શકે તે બધું કરવા લાગી.

મેરીનું શું થયું? એ હંમેશાં શાંત અને સંતુષ્ટ હતી. થોડોક વખત માટે એને હેન્રીની અવગણનાનું દુઃખ થયું, પરંતુ એની સરળતા અને સ્નેહપૂર્ણ સ્વભાવે ફરી પાછો એક પુરુષ એના પ્રેમમાં પાગલ થયો. એ હતો વિલિયમ કેરી. ઇંગ્લૅન્ડના રાજદરબારમાં થોડી નીચી પાયરીનો એક દરબારી. મેરીનાં આ બધાં જ વર્ષો દરમિયાન એણે મેરીની કાળજી કરી હતી. એના સારા-ખરાબ સમયમાં એનું ધ્યાન રાખ્યું હતું. મેરી ધીરે ધીરે વિલિયમ કેરીની નજીક આવી, વિલિયમે લગ્ન કરવાની પ્રપોઝલ મૂકી. મેરીએ શર્ત કરી કે એ લોકો લંડન છોડી દેશે અને વિલિયમ કેરીની નાનકડી જાગીર પર જઈને લંડનના રાજકારણ મહાલય અને ખટપટથી દૂર એક સુખી, શાંત, સ્નેહપૂર્ણ જીવન વિતાવશે. વિલિયમે તરત જ મેરીની શરત માની લીધી. મેરી અને વિલિયમ લંડન છોડીને ચાલી ગયાં. એક રીતે મારા માટે નિરાંત થઈ, પણ બીજી રીતે મારા માટે આ બહુ ઇચ્છનીય પરિસ્થિતિ નહોતી. મેરી મારો સપોર્ટ હતી. મોટી બહેન તરીકે એણે હંમેશાં મારું ધ્યાન રાખ્યું અને સારા-ખરાબ સમયમાં મારો સાથ આપ્યો. મેં એની સાથે જે કર્યું હોય તે, પણ મેરીએ કોઈ દિવસ મને નુકસાન નથી કર્યું એ વાત મારે સ્વીકારવી જોઈએ. હું જ શું કામ, ઇંગ્લૅન્ડનો રાજા પણ આ વાત સ્વીકારતો. મારી સાથે લગ્ન કરવા માટે ભલે એણે મેરીને તરછોડી, પણ મેરી માટેનો એનો આદર, વિશ્વાસ અને સ્નેહ ક્યારેય ઘટ્યાં નહીં...

મારી દીકરી એલિઝાબેથના જન્મ પછી રાજા જેઈન સેમોર સાથેના સંબંધમાં હતા. જેઈન સેમોર સાથે લગ્ન કરવા માટે મારી સાથેનાં લગ્ન તૂટે એ જરૂરી હતું. ૧૫૩૬માં જ્યારે મારા સંબંધમાંથી કેવી રીતે છૂટવું એ વિશે વિચાર શરૂ થયો ત્યારે જ જ્યારે હેન્રી પર્સી સાથેના મારા સંબંધોની વાત વોલ્સીએ ઇંગ્લૅન્ડના રાજાના કાને નાખી ત્યારે રાજાને મારી સાથે લગ્ન તોડવાનું કારણ મળી ગયું. જ્યારે હેન્રી મારા પ્રેમમાં હતો ત્યારે વોલ્સી અને બીજા દરબારીઓને દૂર કરવા માટે મેં જે રાજરમત કરી હતી એ જ રમત એ લોકો મારી સાથે રમ્યા. વોલ્સીએ હેન્રી પર્સી સાથેના મારા સંબંધોની વાત રાજાને કહી એટલું જ નહીં, એમણે રાજાના મગજમાં નાખ્યું કે હું લગ્ન પહેલાં કુમારી અથવા વર્જિન નહોતી! પર્સી સાથે મેં સંભોગ કર્યો હતો, એટલે રાજા સાથે લગ્ન કરવા માટે જ્યારે હું એમને મારાથી દૂર રાખતી હતી ત્યારે એ ફક્ત નાટક હતું... હેન્રી માટે આ માની લેવું અઘરું નહોતું કારણ કે, જેઈન સેમોર એના જીવનમાં પ્રવેશી ચૂકી હતી! વ્યભિચાર અને દેશદ્રોહના આરોપ સાથે મને દરબારમાં રજૂ કરવામાં આવી. ૧૫૩૬માં જ્યારે આ આરોપો મારી સામે મૂકવામાં આવ્યા ત્યારે મારા મામા, મારા પિતા કે મારો ભાઈ, કોઈ મારી સાથે ઊભું રહ્યું નહીં. સત્તા વધારવા માટે જે પિતાએ બંને દીકરીઓનો ઉપયોગ કર્યો એ પિતા દીકરીને શિરચ્છેદની સજા કરવામાં આવી ત્યારે એને બચાવવા માટે એક અક્ષર પણ બોલ્યા નહીં! ટાવર ઑફ ઇંગ્લૅન્ડના છેક ઉપરના માળે ફ્રાંસથી આવેલા એક ગિલોટીનના એક્સપર્ટ દ્વારા મારો શિરચ્છેદ થશે એવી જાહેરાત કરવામાં આવી. ઇંગ્લૅન્ડના લોકો આમેય મને ધિક્કારતા હતા. ૧૯ મે, ૧૫૩૬ દિવસે ટાવર ઑફ ઇંગ્લૅન્ડની આસપાસ હજારો લોકો ભેગા થયા હતા. ફ્રાંસના કુશળ તલવારબાજને કડક સૂચના હતી કે એક જ ઝટકે મારું માથું ધડથી અલગ થઈ જવું જોઈએ જેથી મને ઓછી પીડા થાય! રાજા સામે ગોઠવાયા. એમણે એમના લાલ રૂમાલથી સંમતિ દર્શાવી... ને એક જ ઝટકે મારું માથું કપાઈ ગયું ત્યારે હું ૩૫ વર્ષની હતી. માથું કાપતાં પહેલાં મને પૂછવામાં આવ્યું કે 'તમારે કંઈ કહેવું છે.' ત્યારે મેં કહ્યું હતું, 'હું રાજા વિરુદ્ધ કંઈ કહેવા નથી માગતી. તેઓ મારા માટે સારા સ્વામી રહ્યા છે.' મેં આવું કહ્યું, કારણ કે મારી દીકરી એલિઝાબેથનું ભવિષ્ય સુરક્ષિત રહી શકે. જોકે એનો ઉછેર મેરીએ કર્યો. એલિઝાબેથ સાથે હેન્રીનો વ્યવહાર ક્યારેય કઠોર તો ક્યારેક સ્નેહભર્યો રહ્યો. એણે પોતાની દીકરીને ઉત્તમ શિક્ષણ અપાવ્યું, કારણ કે એને સમજાયું કે મારી દીકરી અસાધારણ બુદ્ધિશાળી છે, મારી જેમ જ! થર્ડ સક્સેશન ઍક્ટ દ્વારા રાજગાદીના વારસદાર તરીકે એમણે એલિઝાબેથને સ્વીકારી. હેન્રીનું મૃત્યુ ૧૫૪૭માં થયું ત્યારે એલિઝાબેથ ૧૩ વર્ષની હતી. એડવર્ડ ૬ઠ્ઠો, (૧૫૪૭-૫૩) જે જેઈન સેમોરનો દીકરો હતો, એનો રાજ્યાભિષેક કર્યો, પરંતુ એ જીવી શક્યો નહીં. એ પછી મેરી (૧૫૫૩-૫૮)માં ગુજરી ગઈ. એ પછી એલિઝાબેથ ગાદીએ આવી... આજે વેસ્ટમિનિસ્ટર એબેમાં એલિઝાબેથનો રાજ્યાભિષેક છે. હું જાણું છું કે એ એના યુગની શ્રેષ્ઠ રાણી બનશે. મારી દીકરીએ લગ્ન નથી કર્યાં, કારણ કે એણે એક જાહેર નિવેદનમાં કહ્યું હતું, 'મારાં લગ્ન થઈ ચૂક્યાં છે. ઇંગ્લૅન્ડના સિંહાસન સાથે.'

(સમાપ્ત) ■

ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com

## ટપાલ ટિકિટમાં અનોખી નારી

# મોન્ટેસરી શિક્ષણ પદ્ધતિનાં સ્થાપક: મારિયા મોન્ટેસરી

નામ: મારિયા મોન્ટેસરી
ઓળખ: શિક્ષણ
ટપાલ ટિકિટ બહાર પાડ્યાની તારીખ : ૩૧.૮.૧૯૭૦
ટિકિટનું મૂલ્ય : ૨૦ પૈસા

બાલકેળવણી ક્ષેત્રે નવી પદ્ધતિ આપનાર પ્રસિદ્ધ કેળવણીકાર, ઇટાલીમાં મેડિકલ સ્કૂલમાં ભણનાર પ્રથમ મહિલાઓમાંની એક, રોમની યુનિવર્સિટીમાંથી ડૉક્ટરની ઉપાધિ પ્રાપ્ત કરનાર મહિલા ડૉક્ટર... નામ એમનું મારિયા મોન્ટેસરી. બાળકોની સર્જનાત્મક ક્ષમતા, શીખવાની તેમની ઇચ્છા અને દરેક બાળકના વ્યક્તિગત રીતે વર્તવાના અધિકારમાં વિશ્વાસ પર આધારિત મોન્ટેસરી શિક્ષણ પ્રણાલીનાં સંસ્થાપક હતાં મારિયા મોન્ટેસરી. ૩૧ ઑગસ્ટ ૧૯૭૦ના ભારત સરકારે તેમના માનમાં ૨૦ પૈસાની ટપાલ ટિકિટ બહાર પાડેલી.




મારિયા મોન્ટેસરી... જન્મ ૩૧ ઑગસ્ટ, ૧૮૭૦, ચિઆરાવલે, એન્કોના, ઇટાલી નજીક. મૃત્યુ ૬ મે, ૧૯૫૨, નૂર્ડ વિજક આન ઝી, નેધરલૅન્ડ્સ. રોમ યુનિવર્સિટીના મનોચિકિત્સક ક્લિનિકમાં મદદનીશ ફિઝિશિયન તરીકે કામ કરતાં મારિયાને શિક્ષણમાં રસ ઉત્પન્ન થયો. માનસશાસ્ત્ર સાથે શિક્ષણશાસ્ત્રનો અભ્યાસ કર્યો. ૧૮૯૯-૧૯૦૧ દરમિયાન તેઓ મંદબુદ્ધિ તથા અપંગ બાળકો માટેની શાળાનાં સ્થાપક આચાર્યા રહ્યાં. તેમાં તેમણે વિકસાવેલી પદ્ધતિઓ સામાન્ય બાળકોને પણ લાગુ પાડવા પ્રયોગો કર્યા. એડ્વર્ડ સેગ્વિનના વિચારોને અનુસરીને તેમણે તેમની પોતાની આગવી શિક્ષણપદ્ધતિ જે મોન્ટેસરી પદ્ધતિ તરીકે પ્રખ્યાત થઈ તે વિકસાવી. ૧૯૦૦થી ૧૯૦૪ દરમિયાન તેમણે શિક્ષણશાસ્ત્રના અધ્યાપક તરીકે તથા ૧૯૦૪થી ૧૯૦૮ દરમિયાન નૃવંશશાસ્ત્રનાં પ્રાધ્યાપક તરીકે રોમની યુનિવર્સિટીમાં સેવાઓ આપી.

રોમના પછાત વિસ્તારોમાં તેમણે ૧૯૦૭માં બાળકો માટેની મોન્ટેસરી શાળા સ્થાપી. તેમની પદ્ધતિમાં બાળકોને ઇન્દ્રિયોના વિકાસ તથા સ્નાયુઓનો ઉપયોગ કરવાનું શીખવવામાં આવે છે. ૧૯૧૭માં સ્પેનના બાર્સિલોના શહેરમાં મોન્ટેસરી ઇન્સ્ટિટ્યૂટમાં ડિરેક્ટરપદે કામ કર્યું. ૧૯૧૯માં લંડનમાં તાલીમી કાર્યક્રમો માટે શિક્ષણકાર્ય કર્યું. ૧૯૨૨થી ૧૯૩૪ દરમિયાન ઇટાલીમાં શાળાઓનાં સરકારી ઇન્સ્પેક્ટર તરીકે રહ્યાં. ૧૯૩૮માં નેધરલૅન્ડ્સમાં લારેન શહેરમાં મોન્ટેસરી તાલીમ કેન્દ્રની તેમણે સ્થાપના કરી. ૧૯૧૪માં તેમણે યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકામાં પ્રવાસ કરી પોતાની શિક્ષણપદ્ધતિ વિશે પ્રવચનો કર્યાં.

મારિયા મોન્ટસરીની શિક્ષણપદ્ધતિ ખાસ કરીને પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે છે. તેમાં બાળકને અમુક ચોક્કસ સાધનોનો ઉપયોગ કરી મુક્ત રીતે પોતાની જાતે શીખવાનું ગોઠવવામાં આવે છે. મોન્ટેસરીની માન્યતા પ્રમાણે બાળકને પ્રથમ તેની જ્ઞાનેન્દ્રિયોના ઉપયોગ વડે જ્ઞાન આપવાની શરૂઆત કરવી જોઈએ. તેમાં પણ સ્પર્શની ઇન્દ્રિયથી શરૂઆત કરવી જોઈએ. ખરબચડા અને લીસા પદાર્થો વચ્ચે તફાવત જાણવાની શરૂઆત કરવા બાળકને લીસાં લાકડાં તથા કાચ પાયેલા ખરબચડા કાગળ આપવામાં આવે છે. લીસી અને ખરબચડી વસ્તુઓનો સ્પર્શ કરી તેમની વચ્ચેનો તફાવત શોધવાનું બાળકે શીખવાનું હોય છે. વળી ચોરસ, લંબચોરસ, વર્તુળ વગેરે આકારો ઓળખવા તેમને ચોક્કસ પ્રકારનાં લાકડાંનાં સાધનો આપવામાં આવે છે. આકાર પ્રમાણે લાકડાના ટુકડાઓને તેમનાં યોગ્ય ખાનાંમાં બંધ બેસતા ગોઠવવાનું તેમને શીખવવામાં આવે છે. વિવિધ રંગો ઓળખવા માટે તેમને રંગીન કાગળ, લાકડાના રંગીન ટુકડા, રંગીન ચોક વગેરે સાથે રમવા દેવામાં આવે છે. તેમના હાથ-પગનો ઉપયોગ થાય તે માટે તેમને ટેબલ-ખુરશી ખસેડવાનું, તેમને કકડા વડે સાફ કરવાનું વગેરે કામ પણ આપવામાં આવે છે.

ભાષા શીખવા માટે ઉચ્ચાર પ્રમાણે સાદા અક્ષરોથી શરૂ કરી, બોલવા તથા અક્ષરો ઓળખવા વચ્ચેનો સંબંધ સ્થાપિત કરવામાં આવે છે. એ પછી અક્ષરોનાં જોડાણોથી શબ્દો અને શબ્દોનાં જોડાણોથી વાક્યો બનાવતાં બાળક શીખે છે. ભારતની ભાષાઓ જેવી જ ઇટાલિયન ભાષા ઉચ્ચાર પ્રમાણે લખાતી હોવાથી મોન્ટેસરી પદ્ધતિ દ્વારા ભાષાના ઉચ્ચાર તથા લખાણનું કામ બાળક સહેલાઈથી શીખે છે. આ સર્વ કાર્યમાં શિક્ષકે માત્ર જરૂર પડ્યે માર્ગદર્શન કરવાનું હોય છે. બાકી બધું બાળક મોન્ટેસરી સાધનો દ્વારા પોતે શીખે છે. દરેક બાળક પોતાની શક્તિ પ્રમાણે વત્તીઓછી ઝડપથી શીખે છે. બાળકોના તેમની ઉંમર પ્રમાણે વર્ગો ન બનાવતાં તેમની શીખવાની ઝડપ પ્રમાણે તેમનાં જૂથ બનાવવામાં આવે છે. મોન્ટેસરી શિક્ષણ પ્રણાલીનો ભારતમાં પણ પ્રચાર પ્રસાર થયો. એક ભારતીય વિદ્યાર્થીએ ૧૯૧૩માં રોમમાં પ્રથમ આંતરરાષ્ટ્રીય અભ્યાસક્રમમાં હાજરી આપેલી, ત્યારથી ભારતમાં મોન્ટેસરીને રસ હતો. ૧૯૨૬માં મોન્ટેસરી સોસાયટી ઑફ ઇન્ડિયાની રચના થયેલી. ૧૯૨૯ સુધીમાં, રવીન્દ્રનાથ ટાગોરે ભારતમાં ઘણી ટાગોર-મોન્ટેસરી શાળાઓની સ્થાપના કરેલી. મારિયા ૧૯૩૯માં ભારતના મદ્રાસ શહેરમાં ત્રણસો શિક્ષકોના એક તાલીમી વર્ગમાં વ્યાખ્યાન આપવા આવ્યાં હતાં; પરંતુ તે દરમિયાન દ્વિતીય વિશ્વયુદ્ધ શરૂ થઈ જતાં તથા તેઓ ઇટાલીનાં નાગરિક હતાં એટલે અંગ્રેજ સરકારે તેમને ભારત છોડવા ઉપર પ્રતિબંધ લાદ્યો, પરંતુ ભારતમાં તેમનું કાર્ય ચાલુ રાખવા પરવાનગી આપી. આથી દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન તેમણે ભારતમાં અમદાવાદ, કોડાઇકેનાલ, અડ્યાર અને શ્રીનગરમાં તથા શ્રીલંકામાં તાલીમી વર્ગો ચલાવ્યા. આ ઉપરાંત તેમણે મહાત્મા ગાંધી, જવાહરલાલ નેહરુ અને રવીન્દ્રનાથ ટાગોર જેવા મહાનુભાવોની મુલાકાત લીધી. બીજું વિશ્વયુદ્ધ સમાપ્ત થતાં તેઓ યુરોપ પાછાં ફર્યાં. ૧૯૪૮માં ૭૮વર્ષની ઉંમરે તેઓ ભારત ફરીથી આવ્યાં અને પુણે, મુંબઈ, અડ્યાર તથા ગ્વાલિયરમાં તેમણે વ્યાખ્યાન આપ્યાં. ૧૯૪૯માં તેઓ પાકિસ્તાન ગયાં અને કરાચીમાં એક તાલીમવર્ગ ચલાવતાં હતાં ત્યારે એક આંતરરાષ્ટ્રીય સંમેલનમાં પ્રમુખ તરીકે ફરજ બજાવવા એકાએક યુરોપ ચાલ્યાં જવું પડ્યું, પરંતુ તેમના એક મદદનીશને વર્ગ ચાલુ રાખવા મૂકી ગયાં. ૧૯૪૯માં પેરિસમાં તેમણે યુનેસ્કોની એક સભામાં વ્યાખ્યાન આપ્યું.

ભારતમાં તેમનાં વર્ષો દરમિયાન, મોન્ટેસરી અને તેમના પુત્ર મારિયોએ તેમની શૈક્ષણિક પદ્ધતિ વિકસાવવાનું ચાલુ રાખ્યું. કૉસ્મિક એજ્યુકેશન શબ્દ છથી બાર વર્ષનાં બાળકો માટે એક અભિગમનું વર્ણન કરવા માટે રજૂ કરવામાં આવ્યો હતો જે કુદરતી વિશ્વનાં તમામ તત્ત્વોના પરસ્પર નિર્ભરતા પર ભાર મૂકે છે. બાળકો તેમના કુદરતી વાતાવરણમાં છોડ અને પ્રાણીઓ સાથે સીધા કામ કરતાં હતાં. મોન્ટેસરીએ પ્રાથમિક વયનાં બાળકો સાથે ઉપયોગ માટે પાઠ, ચિત્રો, ચાર્ટ અને મૉડેલો વિકસાવ્યાં હતાં. વનસ્પતિશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર અને ભૂગોળ માટે સામગ્રી બનાવવામાં આવેલી. ૧૯૪૨અને ૧૯૪૪ની વચ્ચે આ તત્ત્વોને છથી બાર વર્ષનાં બાળકો સાથે કામ કરવા માટે એક અદ્યતન અભ્યાસક્રમમાં સમાવિષ્ટ કરવામાં આવ્યાં હતાં. આ કાર્યથી બે પુસ્તકો પ્રકાશિત થયાં: એજ્યુકેશન ફોર અ ન્યૂ વર્લ્ડ અને ટુ એજ્યુકેટ ધ હ્યુમન પોટેન્શિયલ, ભારતમાં હતા ત્યારે, મોન્ટેસરીએ તમામ ઉંમરનાં બાળકો અને કિશોરોનું અવલોકન કર્યું અને બાળપણના અભ્યાસ તરફ વળ્યાં. ૧૯૪૪માં તેમણે જીવનના પ્રથમ ત્રણ વર્ષો પર ૩૦ વ્યાખ્યાનોની શ્રેણી આપી. શ્રીલંકામાં સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત તાલીમ અભ્યાસક્રમ આપ્યો. આ વ્યાખ્યાનો ૧૯૪૯માં 'તમારે શું જાણવું જોઈએ તમારા બાળક વિશે' પુસ્તકમાં એકત્રિત કરવામાં આવેલા. ૧૯૪૪માં મોન્ટેસરીને થોડી સ્વતંત્રતા આપવામાં આવી. તેઓ શ્રીલંકા ગયાં. ૧૯૪૫માં મોન્ટેસરીએ જયપુરમાં પ્રથમ ઑલ ઇન્ડિયા મોન્ટેસરી કૉન્ફરન્સમાં હાજરી આપી. ૧૯૪૬માં યુદ્ધ સમાપ્ત થતાં મારિયા સપરિવાર યુરોપ પરત ફર્યાં.

ભારતથી પાછાં ફર્યા બાદ તેમણે નેધરલૅન્ડ્સના આમ્સ્ટર્ડામ શહેરમાં મુખ્ય મથક સ્થાપ્યું. નૉર્વે, સ્વીડન સહિત ફ્રાન્સ, જર્મની, સ્પેન, ઇંગ્લૅન્ડ, ઑસ્ટ્રિયામાં કામ કર્યું. ૮ વર્ષની વયે નેધરલૅન્ડ્સના નૂરવિક-ઑન-સી શહેરમાં અચાનક તેમણે છેલ્લા શ્વાસ લીધા. મારિયાનું તો મૃત્યુ થયું, પણ મોન્ટેસરી પદ્ધતિ આજે પણ જીવંત છે! ■

# સાચો વારસો કયો... પૈસા કે પ્રેમભરી યાદ?

**ઉડાન**
મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી અંતાણી
feedback.ladki@bombaysamachar.com

સોળ વર્ષની તારા માટે નાનીનું ઘર માત્ર એક ઘર નહોતું. એનું બાળપણ હતું, એની ગુપ્ત વાતોનું સ્થળ હતું અને કદાચ એ એકમાત્ર જગ્યા હતી જ્યાં એને કોઈ પ્રશ્ન પૂછવામાં આવતો નહોતો એટલે જ્યારે શાળાના પ્રિન્સિપાલે એને પોતાના રૂમમાં બોલાવીને કહ્યું કે 'નાની અવસાન પામ્યાં છે' ત્યારે તારાને પહેલાં તો કંઈ સમજાયું જ નહીં. પ્રિન્સિપાલ બોલતાં રહ્યાં : 'બેટા, તું હિંમત રાખજે.' તારાએ માથું હલાવ્યું અને 'ઓકે, મેમ.' એટલું કહીને એ રૂમની બહાર નીકળી ગઈ.

હોસ્ટેલના રૂમમાં પાછી આવી ત્યારે રૂમમેટ્સ એને ઘેરી વળી.

'તારા, અમને બહુ દુઃખ થયું.' તારાએ એમની સામે જોયું. બંન્નેના ચહેરા પર સહાનુભૂતિ હતી, પણ એ સામે કોઈ પ્રતિસાદ આપી શકી નહી. એ બૅગ લઈને સીધી લાઇબ્રેરીમાં જતી રહી. પુસ્તક ખોલ્યું. એક પાનું. બીજું, ત્રીજું એમ એક પછી એક પાનાં ફરતાં રહ્યાં. આંખો શબ્દો વાંચતી રહી, પણ મનમાં માત્ર એક જ વાક્ય ઘુમેડાય રહેલું. 'નાની નથી.'

બીજા દિવસે પપ્પા એને લેવા આવ્યા. 'તારા, શાંતાબેન ઊંઘમાં જતાં રહ્યાં. બહુ તકલીફ થઈ નથી.'

તારા બારી બહાર જોતી રહી. શાંતાબહેનની ઉંમર બોંતેર વર્ષ હતી, પરંતુ તારાને ક્યારેય લાગ્યું નહોતું કે નાની વૃદ્ધ છે. નાની એટલે સવારની ચા. નાની એટલે રવિવારના આલુ-પરાઠા. નાની એટલે આંબાનું અથાણું. નાની એટલે એની દરેક વાત સાંભળનાર વ્યક્તિ. સાંજે ઘેર પહોંચેલી તારા સામે નાનીનું ઘર એ જ હતું. સફેદ બારીઓ. લાલ છત. આંગણામાં તુલસી અને પાછળ વિશાળ આંબાનું ઝાડ. તારા ગાડીમાંથી ઊતરી ત્યારે થોડા સમય માટે એને ખરેખર લાગ્યું કે હમણાં દરવાજો ખૂલશે અને નાની હાથમાં ચાનો કપ લઈને બહાર આવશે, પણ દરવાજો ખૂલ્યો ત્યારે સામે એનો નાનો ભાઈ વિહાન હતો. પાછળ મમ્મી ઊભેલી.

એ પહેલી વાર હતું જ્યારે ઘરમાં પ્રવેશતાં તારાનું મન ખુશ નહોતું થયું. આગળના થોડા દિવસો સગાં-વ્હાલાં આવતાં રહ્યાં. દીવાલ પર નાનીનો મોટો ફોટો મૂકવામાં આવ્યો હતો. તારાને ફોટો જોઈને ગુસ્સો આવ્યો. આ એની નાની નહોતી. એની નાની તો હસતી વખતે આંખો ઝીણી કરી દેતી હતી. એ આંખોમાં ચમક હતી. એની નાની ફોટામાં બંધ થઈ શકે નહીં. તારા ઘરની પાછળ ગઈ. આંબાના ઝાડ નીચે બેસી ગઈ. આ ઝાડ નાનીએ જ વાવ્યું હતું. તારાને યાદ આવ્યું કે નાની કહેતાં, 'આ ઝાડ મારાથી પણ જૂનું લાગશે એક દિવસ.' તારા હસતી. 'એવું કેવી રીતે બને?' નાની કહેતાં, 'લોકો જતા રહે છે, વૃક્ષો વાર્તાઓ સાચવી રાખે છે.'

આ વખતે ઝાડ ખરેખર ત્યાં હતું. નાની નહોતી.

થોડા દિવસ પછી પપ્પાએ તારાને કહ્યું કે નાનીએ ઘર એના નામે કર્યું છે. 'આ ઘર હવે તારું છે.' તારા ચોંકી ગઈ. 'મારું?' 'હા. શાંતાબેને લખ્યું છે કે આ ઘર એમની દીકરીની દીકરીને મળે.'

તારાને એક જ વાત સમજાતી નહોતી. નાનીએ આવું કેમ કર્યું? એની મમ્મી નિશા ખૂબ સફળ સ્ત્રી હતી. પોતાની કંપની ચલાવતી. એ હંમેશાં તારાને કહેતી, 'તારે જીવનમાં કંઈક મોટું કરવું છે. સારી કારકિર્દી, સારી યુનિવર્સિટી, વિદેશમાં ભણતર.., તું જે ઇચ્છે તે બની શકે



છે.' પણ તારાને ખબર નહોતી કે એને શું બનવું હતું. એ નાનીને ઘણી વાર કહેતી, 'મમ્મી અને હું બહુ અલગ છીએ. એમને મારી વાત સમજાતી જ નથી.'

નાની હસીને કહેતાં, 'લોકો અલગ હોઈ શકે, પણ પ્રેમની ભાષા એક જ હોય છે.'

એક અઠવાડિયા પછી મમ્મીએ કહ્યું, 'આ ઘર વેચી દઈએ. પૈસા તારા ભણતર માટે કામ આવશે. તું વિદેશ જઈ શકીશ.'

તારા ચૂપ રહી. એ કહેવા માગતી હતી કે પૈસા નહીં એને આ ઘર જોઈએ. આંગણું જોઈએ. નાનીની સુગંધવાળું રસોડું જોઈએ, પણ એણે કંઈ કહ્યું નહીં. એની પાસે શબ્દો નહોતા. ઘર વેચાઈ જવાનું હતું. છેલ્લા રવિવારે સવારે તારા ઊઠી ત્યારે રસોડામાંથી આલુ પરાઠાની સુગંધ આવી. એ આશ્ચર્યથી રસોડામાં ગઈ. મમ્મી તવા પાસે ઊભી હતી. માથા પર પરસેવો હતો. હાથમાં લોટ લાગેલો હતો. તારા દરવાજા પાસે જ ઊભી રહી ગઈ.

'મમ્મી, તમે આલુ પરાઠા બનાવો છો?' નિશા હસી. 'હા. કેમ? પહેલાં તારી નાની બનાવતાં હતાં. હવે હું બનાવી રહી છું.'

થોડી વાર પછી મમ્મીએ ટેબલ પર કાચની બરણી મૂકી. આંબાનું અથાણું. તારાનું હૃદય એક ક્ષણ માટે ધબકવાનું ભૂલી ગયું. નાનીના હાથનું છેલ્લું અથાણું. એણે થોડું અથાણું પરાઠા સાથે લીધું. એક ટુકડો મોઢામાં મૂક્યો. આંખો તરત ભીની થઈ ગઈ. એ જ સ્વાદ. એ જ સુગંધ. એ જ ખટાશ. એ જ મીઠાશ.

તારાએ માથું ઊંચું કર્યું. મમ્મી એને જોઈ રહી હતી.ત્યારે પહેલી વાર તારાને મમ્મીના ચહેરામાં કંઈક ઓળખાયું. એ જ હળવી આંખો. હસતી વખતે આંખોની આસપાસ પડતી આછી કરચલી. નાનીની આંખો. મમ્મીની આંખો અને પોતાની આંખો.

તારાને અચાનક સમજાયું. નાની ગઈ નહોતી. માત્ર એમનું શરીર નહોતું, અવાજ નહોતો, પરંતુ એ મમ્મીમાં હતાં. મમ્મીની આંખોમાં. તારાના સ્વભાવમાં. એમના બનાવેલા અથાણાના સ્વાદમાં. આંગણાના આંબાના ઝાડમાં. અને એ બંન્ને વચ્ચેના એવા સંબંધમાં, જેને સમજવામાં પોતે નિષ્ફળ જતી હતી.

તારા ધીમેથી નિશા પાસે જઈને એમને ભેટી પડી. નિશા કંઈ બોલી નહીં. દીકરીને હૂંફમાં લઈ લીધી. બંન્નેમાંથી કોઈએ માફી માગી નહીં. કોઈએ જૂની ફરિયાદોની વાત કરી નહીં. ક્યારેક સંબંધોને સુધારવા માટે શબ્દોની જરૂર નથી પડતી. એક યાદ પૂરતી હોય છે. એક સુગંધ. એક સ્વાદ. અથવા આંબાના ઝાડ નીચે બેઠેલી કોઈ જૂની બપોર. તારાએ બારીની બહાર જોયું. એને નાનીનો અવાજ સંભળાયો :

'લોકો જતા રહે છે, વૃક્ષો વાર્તાઓ સાચવી રાખે છે,.. '

તારા હસીને મનમાં બોલી, 'નાની, તમારી વાર્તા હવે હું સાચવીશ.' વારસો એટલે માત્ર ઘર કે પૈસા નહીં, પ્રેમભરી યાદો પણ એક અમૂલ્ય વારસો જ હોય છે. ■

# સપનાંઓનું લિસ્ટ બનાવી તો જુઓ...

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

અમે ખૂબ ખુશ હતાં, કારણ કે અમે નિવૃત્ત થયા પછી કયા કયા પ્રકારના આનંદ લૂંટવા, ક્યાં ક્યાં ફરવા જવું, અનેકવિધ ગ્રુપોમાં મેમ્બરશિપ લઈને જીવનભર જોયેલાં બધાં જ સ્વપ્નાં પૂરાં કરવાં એનું લિસ્ટ બનાવીને એક કૉપી અમારા બેડરૂમમાં લગાવી હતી. એક ઝેરોક્ષ પતિદેવને અને એક ઝેરોક્ષ ઘરના સભ્યોને પણ આપી હતી.

આ લિસ્ટ વાંચીને કોઈએ કોઈ પણ પ્રકારનાં મંતવ્યો આપ્યાં નહીં. અમને થયું, ક્યાં તો બધાને જલન થાય છે, ક્યાં તો બધા ખુશ થાય છે કે 'હાશ... આખો દિવસ એક પછી એક ક્લબમાં જતાં રહેશે એટલે અમારે પણ નિરાંત!'

અમારો વિદાય સમારોહ શાળામાં રાખવામાં આવ્યો હતો, પણ ત્યારે અમે અનુભવ્યું કે શાળાનાં શિક્ષકો અને બાળકો કોઈ અગમ્ય કારણોસર મૌન ધારણ કરીને સભામાં બેઠાં હતાં. પછી વિચાર્યું, હવે તો આપણે નિવૃત્ત થયાં. બસ, હવે આપણે છીએ અને આપણાં સપનાં!




અમારી નિવૃત્તિ બાદ બંને વહુ-દીકરા વારાફરતી આવીને પૂછી જતાં, 'મમ્મી, તમે પેલી મહિલા પરિષદની મેમ્બરશિપ લેવાનાં હતાં અને અંધજન શાળામાં બાળકોને વાર્તા કરવા જવાનાં હતાં. એનું કંઈ થયું કે નહીં? આ તો પેલાં મીતાબહેન નિવૃત્તિ પછી ઘરમાં બેઠાં બેઠાં કેટલા બધા રોગોના ભોગ બન્યાં! હાથ-પગ સુધ્ધાં કામ નથી કરતા અને બેઠાં બેઠાં ખાધેલું પણ પચતું નથી. સુગર અને બી.પી. બંને એકસાથે આવી ગયાં છે.'

અમારે અકારાં થવું નહોતું, એટલે અમે જવાબ આપતાં કહ્યું, 'વહુબેટા, શિક્ષકના હાથ-પગથી લઈને બધી જ ઇન્દ્રિયો જીવનભર સતેજ રહે છે. એટલે મારા હાથ-પગ કે તન-મનને કંઈ થવાનું નથી.'

નિવૃત્તિ પછી મજા કરવાનું લિસ્ટ અમારે તો ફૉલો કરવું હતું, પણ નિવૃત્ત પતિદેવને એ મંજૂર નહોતું, કારણ કે એમનું દૃઢપણે માનવું હતું કે ગાડી પાર્કિંગમાંથી બને એટલી ઓછી બહાર કાઢવી, જેથી ગાડી ટનાટન જ રહે!

અમારું લિસ્ટ એમણે બાજુ પર મૂકી દીધું અને એક નવું લિસ્ટ બનાવી આપ્યું. એમણે દરરોજ ચાર ટાઇમ શું શું ખાવાનું બનાવવું એનું લિસ્ટ-પૂરા એક મહિનાનું-ટાઇપ કરીને આપી દીધું.

આજ સુધી અમે સ્કૂલે સમયસર પહોંચવું પડશે એવાં બહાનાં હેઠળ ભલભલા રસિક માણસને પણ વૈરાગ્ય લેવાનું મન થાય એવી રસોઈ જ બનાવી હતી. એટલે નિવૃત્ત થયા બાદ અમે રસોઈમાં વેઠ ઉતારીએ તો રોજ મહાભારત થવાની સંભાવના પૂરેપૂરી રહે!

ભીંત ઉપરથી સ્વપ્નોનું લિસ્ટ ભારે હૃદયે ઉતારી, તરડાતા અવાજે ગાઈ નાખ્યું, 'જિંદગી કા સફર, હૈ યે કૈસા સફર, કોઈ જાના નહીં, કોઈ સમઝા નહીં...'

અમારી પાછળ દરવાજે આવીને ઊભેલા અમારા પતિદેવ કદાચ અમારા તૂટતા સ્વપ્નની કચ્ચરઘાણ સમેટતા હોય એમ દિલાસો આપતાં ગાવાનું શરૂ કરે છે, 'દુનિયા મેં હમ આયે હૈં તો જીના હી પડેગા, જીવન હૈ અગર ઝહર તો પીના હી પડેગા...'

જોકે આખરે અમે કંઈ જીવનથી હારી જનારાં થોડાં છીએ!

અમે સ્વપ્નનું લિસ્ટ ઉતારીને નીચે લખ્યું, 'શિક્ષક કભી સાધારણ નહીં હોતા. પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદ મેં પલતે હૈં.'

અને તરત એક મોટા કોરા કાગળ ઉપર પતિદેવે આપેલું લિસ્ટ ચોંટાડી તેની નીચે લખ્યું:

'બંને વહુઓએ ઉપરોક્ત વાનગીઓ જે ઘરના મોભીએ લખી છે, એ મુજબ વારાફરતી સમય-સંજોગો જોઈને બનાવતાં રહેવું. રસોઈની ખાદ્ય સામગ્રીઓનું લિસ્ટ ઘરના મોભીને આપવું. એટલે તેઓશ્રી પોતાની ફરમાઈશ મુજબની ઉત્તમ સામગ્રી બંને વહુઓને બજારમાંથી લાવી આપશે. ઘરના તમામ ભાઈઓ સવાર-સાંજ વારાફરતી રસોઈ ચાખીને તેમાં વધઘટ કે મસાલો નાખવા કહેશે. કોઈ નવી વાનગી બનાવતાં ન આવડતી હોય તો યુ-ટ્યૂબ પર એ વાનગીનું નામ લખશો, એટલે ઢગલાબંધ શિક્ષકો (રસોઇયાઓ) તમને વાનગી કેવી રીતે બનાવવી તેની હજારો રીતો શીખવશે. ઘરનું ગાડું મેં એકલે હાથે આજ સુધી ખેંચ્યું છે. હવે એને ખેંચવાની જવાબદારી બંને વહુઓને વારસામાં આપું છું. ઑલ ધ બેસ્ટ ફોર યૉર ફ્યુચર લાઇફ!'

એમ પણ અમને ખબર હતી કે સાચો શિક્ષક એને જ કહેવાય કે જે કરે નહીં, પણ કરાવી જાણે અને અમને જીવનભરનો જે મહાવરો હતો એનો અમે ઉપયોગ કર્યો અને ઘરના દરેકને કામે લગાડી દીધા. બે વહુ સવાર-સાંજની રસોઈ કરે, એમના જ પતિ પરમશ્વરો એ ચાખે અને ભૂલચૂક હોય તો સુધરાવે અને અમારા પતિ ઘર આખાની વિવિધ સામગ્રી લેવા જાય. એટલે એમને પણ કેટલા વીસે સો થાય એ ખબર પડે. આપણી કિંમત પણ એ લોકોને ક્યારે ખબર પડવાની? એ તો એ લોકો જાતે બધાં કામ કરે તો જ ખબર પડે ને? વહુઓએ સસુરજીને બજારના એટલા આંટા મરાવ્યા કે એક દિવસ આવીને એમણે મને કહ્યું, 'હું મારું ચાર ટાઇમ સરસ ખાવાનું લિસ્ટ પાછું ખેંચી લઉં છું. હવે તું તારું સપનાનું લિસ્ટ ફૉલો કરી શકે છે '

જોયું? અમે વાંકી આંગળીએ ઘી કાઢી બતાવ્યું ને?

# એક હેવી દુપટ્ટો આખો લુક બદલી શકે...

ફેશન
ખૂશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

એક દુપટ્ટો આખા ડ્રેસનો લુક ચેન્જ કરી શકે છે. પ્રિંટેડ ડ્રેસ હોય કે પછી પ્લેન ડ્રેસ હોય દુપટ્ટાથી આખા ડ્રેસનો લુક ચેન્જ કરી શકાય છે. હેવી દુપટ્ટામાં ઘણી વેરાઇટી આવે છે. અમુક હેવી દુપટ્ટા તો ક્લાસી હોય છે જે ક્યારેય પણ આઉટ ઑફ ફૅશન થતા નથી. જેમકે બનારસી, બાંધણી, કલમકારી, ટિસ્યુ , ટાઈ ઍન્ડ ડાઈ વગેરે. દુપટ્ટાનું સિલેક્શન તમારા ડ્રેસને અનુસાર તેમજ પ્રસંગને અનુરૂપ હોવું જોઈએ. તો ચાલો જાણીએ એક દુપટ્ટાથી તમારો ઓવર ઑલ લુક કઈ રીતે બદલી શકાય.



બનારસી દુપટ્ટા - જે મહિલાઓને ફૅબ્રિકનું જ્ઞાન હોય છે તેમની પાસે બનારસી દુપટ્ટા હોય જ છે, કારણ કે બનારસી દુપટ્ટા ક્યારેય પણ આઉટ ઑફ ફૅશન થતા નથી અને પહેર્યા પછી રૉયલ લુક આપે છે. બનારસી દુપટ્ટાના કલર્સ પણ એટલા સુંદર હોય છે કે કોઈ પણ ડ્રેસ સાથે મિક્સ ઍન્ડ મૅચ કરી શકાય. જેમકે જો તમારી પાસે રેડ કલરનો બનારસી દુપટ્ટો હોય તો ઑફ વાઇટ ડ્રેસ સાથે પહેરી શકાય. જો રાની કલરનો દુપટ્ટો હોય તો યલ્લો કલર સાથે પહેરી શકો. જો તમારે બનારસી દુપટ્ટો પહેરવો હોય તો તમારો ડ્રેસ પ્લેન હોવો જોઈએ તેથી કરીને દુપટ્ટાને લીધે ઓવર ઑલ લુક હેવી લાગે. દુપટ્ટાની પહેરવાની સ્ટાઇલ થોડી બદલી નાખવી જેથી ડ્રેસી લાગે. બનારસી દુપટ્ટાની વિડ્થ ઘણી હોય છે તેથી કોઈ સ્ટાઇલિંગ કરવી હોય તો સારું લાગે. બનારસી દુપટ્ટો તમે ઘાઘરા સાથે પણ પહેરી શકો. આ દુપટ્ટા સાથે હેવી જ્વેલરીની જરૂર નથી. માત્ર હેવી ઈયર રિંગ પણ સારા લાગશે. હેરમાં તમે ઓપન હેર રાખી શકો અને મેસી બન પણ સારો લાગશે.

બાંધણી - બાંધણીના દુપટ્ટામાં ઘણી વેરાઇટી આવે છે જેમકે કૉટન, જૉર્જેટ, સિલ્ક વગેરે . જો તમારે હેવી લુક જોઈતો હોય તો સિલ્કનો દુપટ્ટો પહેરવો પડે. એમાં પણ લગડી પટ્ટાવાળો દુપટ્ટો વધારે હેવી લુક આપશે. બાંધણીનો દુપટ્ટો તમે કોઈ પણ પ્લેન ડ્રેસ સાથે પહેરી શકો. દુપટ્ટા પહેરવાની સ્ટાઇલ તમે તમારી ચૉઇસ મુજબ તેમજ પ્રસંગ અનુસાર કરી શકો. ઘાઘરા પર અને ડ્રેસ સાથે દુપટ્ટો ખોલીને પહેરવાનો વધારે સારો લાગશે. અને plazo સાથે પિન અપ કરીને પહેરી શકાય. બાંધણીનો દુપટ્ટો એક અલગ પણ ટ્રેડિશનલ લુક આપે છે. બાંધણીનો દુપટ્ટો ક્યારેય પણ આઉટ ઑફ ફૅશન થતો નથી.

કલમકારી દુપટ્ટો - કલમકારી આંધ્ર પ્રદેશની હાથે પેઇન્ટેડ કે બ્લૉક-પ્રિન્ટેડ કલા છે. કુદરતી રંગો અને કલમ અથવા લાકડાના બ્લૉકની મદદથી પૌરાણિક, ફૂલ કે મોરની જટિલ આકૃતિઓ બનાવવામાં આવે છે. ભારે કલમકારી દુપટ્ટા જાડા કૉટન, રેશમ કે તુસ્સર પર બનાવાય છે અને ગાઢ ડિઝાઇનને કારણે વજનદાર લાગે છે.

લુક કેવી રીતે બદલે છે. કલમકારી દુપટ્ટો આખા અંગરખાને કલાત્મક અને વાર્તાત્મક બનાવી દે છે. જટિલ હાથેથી બનાવેલી આકૃતિઓ લુકમાં ઊંડાણ અને વિશિષ્ટતા ઉમેરે છે. સાદા કુર્તા કે સાડીને આ દુપટ્ટો સ્ટેટમેન્ટ લુક આપે છે. પહેરનારને બુદ્ધિમાન, સર્જનાત્મક અને સુંદર રીતે પરંપરાગત દેખાડે છે. કલા કાર્યક્રમો કે ફૉર્મલ ઇવેન્ટ્સ માટે ખૂબ જ યોગ્ય લાગે છે. કલમકારી દુપટ્ટો બધાની પસંદ નથી, પરંતુ જે મહિલાઓને ફૅશનનું જ્ઞાન હોય છે અને જે મહિલાઓને કંઈક હટકે પહેરવું હોય અને ક્રાઉડમાં જુદા તરી આવવું હોય તે મહિલા કલમકારી દુપટ્ટો પહેરવાનું પસંદ કરે છે.

ઉંમર અને શરીરના પ્રકાર મુજબ પણ ભારે દુપટ્ટો અલગ અસર કરે છે. યુવતીઓ માટે તે આકર્ષણ અને આત્મવિશ્વાસ વધારે છે, જ્યારે મધ્યમ વયની મહિલાઓ માટે તે ગૌરવ અને પરિપક્વતા ઉમેરે છે. જેમની ઊંચાઈ ઓછી હોય તેમણે લાંબો અને ભારે દુપટ્ટો પહેરવાથી ઊંચાઈ વધેલી જેવી લાગે છે. જ્યારે મોટા શરીરવાળી મહિલાઓ માટે તે શરીરની રચનાને સંતુલિત કરીને વધુ સુંદર બનાવે છે. જોકે હેવી દુપટ્ટો પહેરતી વખતે કેટલીક સાવચેતી રાખવી જરૂરી છે. ખૂબ જ હેવી અને જાડો દુપટ્ટો લાંબા સમય સુધી પહેરવાથી અગવડતા થઈ શકે છે, તેથી પ્રસંગ અને સમય મુજબ પસંદગી કરવી જોઈએ. ઉનાળામાં હલકા કપડાના હેવી કઢાઈવાળા દુપટ્ટા પસંદ કરવા જોઈએ, જ્યારે શિયાળામાં ઊની કે જાડા કપડાના દુપટ્ટા વધુ અનુકૂળ રહે છે.

આજની યુવતીઓ પરંપરાગત અને આધુનિકનું મિશ્રણ કરીને હેવી દુપટ્ટાને નવા રૂપમાં પહેરી રહી છે. કેટલીક વાર તેને જીન્સ અને ટૉપ સાથે પણ સ્ટાઇલ કરવામાં આવે છે, જેનાથી એક અનોખો ફ્યુઝન લુક તૈયાર થાય છે. આ રીતે હેવી દુપટ્ટો માત્ર પરંપરાનું પ્રતીક નથી, પરંતુ આધુનિક ફૅશનનું પણ મહત્ત્વનું અંગ બની ગયો છે.

સારાંશમાં કહીએ તો હેવી દુપટ્ટો એક એવી વસ્તુ છે જે તમારા સાદા અંગરખાને વૈભવી, તમારા સામાન્ય લુકને વિશેષ અને તમારા વ્યક્તિત્વને વધુ આકર્ષક બનાવી શકે છે. યોગ્ય રંગ, ડિઝાઇન અને સ્ટાઇલ સાથે પહેરેલો હેવી દુપટ્ટો તમને ભીડમાં અલગ બનાવી દે છે. તેથી આગલી વાર જ્યારે તમે તમારા લુકને નવું રૂપ આપવા માગતા હો ત્યારે એક સુંદર હેવી દુપટ્ટો અજમાવી જુઓ. તમને જાતે જ અનુભવ થશે કે એક નાની વસ્તુ કેટલી મોટી અસર કરી શકે છે. ■

---




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| खाली | જમણી |
| वरती | વચ્ચે |
| मधली | નીચે |
| उजवी | ડાબી |
| डावी | ઉપર |

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | | ૪ | ૫ | ૬ | ૭ |
| ૮ | | | ૯ | | | | ૧૦ | | |
| | | | | | | ૧૧ | | | |
| ૧૨ | ૧૩ | | | | | ૧૪ | | | ૧૫ |
| | ૧૬ | | | ૧૭ | ૧૮ | | | | |
| ૧૯ | | | ૨૦ | | | | ૨૧ | ૨૨ | |
| ૨૩ | ૨૪ | | | | | ૨૫ | | ૨૬ | ૨૭ |
| | | | | | | | | | |
| ૨૮ | | ૨૯ | | ૩૦ | | | | ૩૧ | |
| ૩૨ | | | | | | ૩૩ | | | |

### આડી ચાવી

૧. રાત દિવસ (૪)
૪. સંતોષ, ધીરજ (૪)
૮. સોનું (૨)
૯. વ્યવસ્થા, ગોઠવણ (૩)
૧૦. છલાંગ (૩)
૧૨. નવું (૨)
૧૪. સામર્થ્ય, શક્તિ (૪)
૧૬. પ્રાર્થના (૨)
૧૭. દબદબો, ભપકો (૩)
૨૦. યુવાની (૩)
૨૧. પૃથ્વી (૨)
૨૩. રાત્રિ (૪)
૨૬. સીમા, મર્યાદા (૨)
૨૮. ઝરૂખો (૩)
૩૦. ગપ, ઊડતી વાત (૩)
૩૧. ઢોર કે કૂતરા પર બેસતી એક જાતની માખી (૨)
૩૨. રામના પિતા (૪)
૩૩. સમારંભ (૪)

### ઊભી ચાવી

૧. ઉપકાર, આભાર (૪)
૨. હવન, યજ્ઞ (૨)
૩. તેરશ (૪)
૫. આસક્ત, લીન (૨)
૬. હાર (૪)
૭. તપસ્યા (૨)
૧૧. કૃપા, મહેરબાની (૩)
૧૩. ચીજ (૨)
૧૫. છાશ (૨)
૧૭. ઔષધ (૨)
૧૮. ગર્વિષ્ઠ, અહંકારી (૨)
૧૯. નસીબ, ભવિષ્ય (૨)
૨૦. લગાર, થોડું (૩)
૨૨. વાટ, રસ્તો (૨)
૨૪. લાગણીનો ઉમળકો (૪)
૨૫. જંગલમાં વસવું તે (૪)
૨૭. પીરની કબરની જગા (૪)
૨૮. બાતલ કરેલું, નકામું (૨)
૨૯. ધનુષ, બાણ (૨)
૩૧. તોર, મગરૂરી (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ઉ | પ | ૨ જી | ૩ વી | | ૪ પ | રિ | ૫ પા | લ | ૬ ન |
| મં | | ૭ વ | લ | ૮ ખા | ટ | | રો | | ક |
| ૯ ગ | ૧૦ મ | તું | | ૧૧ ન | કૂ | ચો | | ૧૨ ક | લિ |
| | મં | | ૧૩ ત | | ળ | | ૧૪ બાં | | યો |
| | | ૧૫ મ | નુ | ષ્ય | | ૧૬ સા | ધ | ક | |
| | ૧૭ ની | ર | જ | | ૧૮ ની | ર | વ | | |
| ૧૯ ગ | | જી | | ૨૦ મ | | થિ | | ૨૧ લં | |
| ૨૨ જા | ત | | ૨૩ મા | હિ | ૨૪ તી | | ૨૫ તા | કા | ૨૬ ત |
| ન | | ૨૭ શિ | | ૨૮ પ | ર | ૨૯ ગ | જુ | | લ્લા |
| ૩૦ ન | ગ | ર | પ | તિ | | ૩૧ મ | બ | લ | ક |

## જાણવા જેવું

નાસા અમેરિકાની સરકારી અવકાશ સંશોધન એજન્સી છે. એનું પૂરું નામ નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન છે. આ સંસ્થા યુનાઇટેડ સ્ટેટ્સના જાહેર અવકાશ કાર્યક્રમો, એરોનોટિક્સ અને સ્પેસ રિસર્ચ માટે સંપૂર્ણ જવાબદાર છે. એની સ્થાપના ૨૯ જુલાઈ, ૧૯૫૮ના દિવસે કરવામાં આવી હતી. નાસાનો મુદ્રાલેખ સર્વજન હિતાય છે.

## ઓળખાણ પડી?




૫૧ પ્રતિસ્પર્ધીની ફાઈનલમાં 'મિસ યુનિવર્સ ઈન્ડિયા ૨૦૨૬'નું ટાઇટલ મેળવનારી કાઝિયા લિઝ મેજો કયા રાજ્યની છે એ જણાવો,

અ) મેઘાલય બ) મહારાષ્ટ્ર ક) કેરળ ડ) રાજસ્થાન

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૬ | | | ૭ | | | | |
| ૫ | | ૨ | | | | | | |
| ૯ | ૮ | ૪ | ૫ | | | | | ૧ |
| | | | | ૬ | | ૪ | | ૮ |
| ૮ | | ૭ | ૩ | | ૧ | ૨ | | ૫ |
| ૩ | | ૬ | | ૮ | | | | |
| ૪ | | | | | ૭ | ૩ | ૮ | ૨ |
| | | | | | | ૯ | | ૭ |
| | | | | ૯ | | | ૧ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૩ | ૧ | ૮ | ૬ | ૨ | ૪ | ૭ | ૯ |
| ૨ | ૮ | ૪ | ૭ | ૩ | ૯ | ૬ | ૫ | ૧ |
| ૬ | ૭ | ૯ | ૫ | ૧ | ૪ | ૩ | ૮ | ૨ |
| ૮ | ૪ | ૨ | ૬ | ૭ | ૫ | ૯ | ૧ | ૩ |
| ૩ | ૯ | ૭ | ૪ | ૨ | ૧ | ૫ | ૬ | ૮ |
| ૧ | ૫ | ૬ | ૯ | ૮ | ૩ | ૨ | ૪ | ૭ |
| ૭ | ૬ | ૫ | ૨ | ૯ | ૮ | ૧ | ૩ | ૪ |
| ૪ | ૨ | ૩ | ૧ | ૫ | ૭ | ૮ | ૯ | ૬ |
| ૯ | ૧ | ૮ | ૩ | ૪ | ૬ | ૭ | ૨ | ૫ |

## ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ओली | ભીની |
| फळी | પાટિયું |
| खेळी | રમત |
| खंत | દિલગીરી |
| गोड | ગળ્યું |

**ગુજરાત મોરી મોરી રે:** દીકરો

**ઓળખાણ પડી?** શક્તિ શર્મા

**માઈન્ડ ગેમ :** સલીમા ટેટે

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** ખેદ

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. સ્ત્રીની એકમાત્ર સગી નણંદના પિતાના એકમાત્ર વેવાઈના એકમાત્ર પુત્રની સાળી સ્ત્રીને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) માસી બ) બહેન
ક) ભત્રીજી ડ) કાકી

## ચતુર આપો જવાબ માથું ખંજવાળો

આપેલા વાક્યમાં જંગલનો રાજા લપાઈને બેઠો છે એ શોધી કાઢો જોઉં.
થોડી વાર પછી માસા વજનદાર થેલા સાથે પધાર્યા

## નોંધી રાખો

ગાડરિયા પ્રવાહ જેવી ઠેરઠેર જોવા મળતી ચિત્તવૃત્તિથી આઝાદ થઈ પોતાની રાહ પોતે કંડારનારને બિરદાવવો જોઈએ.

## માઈન્ડ ગેમ

સાઈકલિંગ સ્પર્ધામાં દરજ્જો ધરાવતી 'ટુર દ ફ્રાન્સ' ચેમ્પિયનશિપમાં સહભાગી થયેલી પ્રથમ ભારતીય સન્નારીનું નામ કહી શકશો?

અ) સોનાલી પુરંદરે ૨) મહિતા મોહન
૩) હર્ષિતા જાખડ ૪) દિવ્યા સિંહ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) પુષ્પા પટેલ (૨) તાહેર ઔરંગાબાદવાલા (૩) શીરીન ઔરંગાબાદવાલા (૪) મહેશ દોશી (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) ભરત કજરીયા (૮) ભારતી બુચ (૯) ડો. પ્રકાશ કટકીયા (૧૦) શ્રીમતી ભારતી પ્રકાશ કટકીયા (૧૧) ધીરેન્દ્ર મુલરાજ (૧૨) પ્રતીમા પમાણી (૧૩) ભામીની સંપટ (૧૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૧૫) રસિક જૂઠાણી (ટોરન્ટો-કેનેડા) (૧૬) શ્રદ્ધા આશર (૧૭) ખુશરૂ કાપડીયા (૧૮) કમલ મટાલીયા (૧૯) લજીતા ખોના (૨૦) મીનળ કાપડીયા (૨૧) મહેશ એન. સંઘવી (૨૨) નેહુલ એમ. સંઘવી (૨૩) જ્યોતી ખાંડવાલા (૨૪) નિખિલ બંગાળી (૨૫) ભાવના કર્વે (૨૬) અમીશી બંગાળી (૨૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૮) નંદીલાલ એ. ગોઠી (૨૯) મધુલતા ચંદ્રશેખર માંકડ (૩૦) વીણા સંપટ (૩૧) દેવેન્દ્ર સંપટ (૩૨) અરવિંદ કામદાર (૩૩) અંજુ ટોલીયા (૩૪) મુલરાજ કપૂર (૩૫) ડાયના સંતોકે (૩૬) નિતીન જયંતીલાલ બજરિયા (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) જયવંત પદમશી ચિખલ (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) અલકા વાણી (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) હીનાબેન દલાલ (૪૩) ઈનાક્ષીબેન દલાલ (૪૪) રમેશભાઈ દલાલ (૪૫) અબ્દુલ્લા એફ. મુનીમ

## ગણપતિ વિસર્જનઃ સજ્જ પોલીસ

# ૨૩,૦૦૦થી વધુ અધિકારી-કર્મચારીઓ બંદોબસ્તમાં

### મહત્ત્વનાં સ્થળોએ એસઆરપીએફ, આરએએફની પ્લૅટૂન, ફોર્સ વન તહેનાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગણેશ વિસર્જનને દિવસે (શુક્રવારે) મુંબઈ પોલીસ દ્વારા શહેરમાં જડબેસલાક બંદોબસ્તનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ૨૩,૦૦૦થી વધુ પોલીસ અધિકારી અને કર્મચારીઓને તહેનાત કરવામાં આવ્યા છે, જ્યારે વાહનવ્યવહારની સરળતા માટે ટ્રાફિક પોલીસે પણ પોતાની તૈયારી કરી લીધી છે.

વિસર્જનને દિવસે શોભાયાત્રા તથા ભીડ પર સીસીટીવી કેમેરાથી નજર રાખવામાં આવશે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

ગણપતિ વિસર્જન નિર્વિઘ્ને અને શાંતિથી પાર પડે તેમ જ કાયદો-વ્યવસ્થાની સમસ્યા નિર્માણ ન થાય એ માટે શહેરમાં ગોઠવાયેલા બંદોબસ્તમાં ૬ જોઇન્ટ પોલીસ કમિશનર, ૯ એડિશનલ પોલીસ કમિશનર, ૩૮ ડેપ્યુટી પોલીસ કમિશનર અને ૬૬ આસિસ્ટન્ટ પોલીસ કમિશનર સહિત ૩,૨૧૩ પોલીસ અધિકારી, ૧૮,૯૪૦ પોલીસ કર્મચારી અને ૧,૦૫૦ જવાનો ખડેપગે રહેશે.

મહત્ત્વનાં સ્થળોએ બંદોબસ્ત માટે રેપિડ એક્શન ફોર્સ (આરએએફ), સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ (એસઆરપીએફ)ની પ્લાટૂન, ફોર્સ વન અને ક્વિક રિસ્પોન્સ ટીમ (ક્યુઆરટી), રાયટ્સ કન્ટ્રોલ ફોર્સ, ડેલ્ટા, કોમ્બેટ, એન્ટિ ડ્રોન સ્કવોડ તથા હોમ ગાર્ડસની મદદ લેવામાં આવી છે. એ સિવાય બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ (બીડીડીએસ)ની ટીમ પણ રહેશે. વિસર્જનના સ્થળોએ લાઇફ ગાર્ડસને પણ રાખવામાં આવશે.

વિસર્જનના માર્ગો પર ટ્રાફિક પોલીસ કર્મચારીઓ તહેનાત રહેશે અને ટ્રાફિકની સરળ અવરજવર માટે અમુક માર્ગો પર ડાયવર્ઝન, જ્યારે અમુક માર્ગ બંધ રહેશે.

વિસર્જનને દિવસે ગિરદીના સ્થળે લોકોને સંયમ જાળવવા, પોલીસને સહકાર કરવા તથા કોઇ પણ નધણિયાતી કે વાંધાજનક વસ્તુ નજરે પડે તો તાત્કાલિક તેની માહિતી પોલીસને આપવા, જ્યારે મદદ માટે પોલીસ હેલ્પલાઇન નંબર ૧૦૦/૧૧૨ પર સંપર્ક સાધવાની મુંબઈ પોલીસ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ફડણવીસે દુકાળગ્રસ્ત મરાઠવાડાની મુલાકાત લીધી

## વોટર ગ્રીડ પ્રોજેક્ટ રદ કરવા બદલ એમવીએને જવાબદાર ઠેરવ્યા

છત્રપતિ સંભાજીનગરઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે દુષ્કાળગ્રસ્ત મરાઠવાડા વિસ્તારની મુલાકાત લીધી હતી અને અગાઉની મહા વિકાસ આઘાડી સરકાર પર મહત્ત્વાકાંક્ષી 'વોટર ગ્રીડ' પ્રોજેક્ટને પડતો મૂકવાનો આરોપ લગાવ્યો હતો. મુખ્ય પ્રધાને લાતુર અને ધારાશિવનાં ગામોનો પણ પ્રવાસ કર્યો હતો અને તેઓ સોલાપુર જિલ્લાના એવા વિસ્તારોની પણ મુલાકાત લેશે જે પાણીની અછત અને પાકના નુકસાનનો સામનો કરી રહ્યા છે. તેમણે કહ્યું કે પાકના નુકસાનનાં સર્વેક્ષણો માત્ર એક ઔપચારિકતા અને પ્રક્રિયાગત આવશ્યકતાના ભાગરૂપે કરવામાં આવી રહ્યા છે, વિનાશ તો પહેલેથી જ સ્પષ્ટ દેખાઈ રહ્યો છે.'અમે તમામ અહેવાલો એકત્રિત કર્યા છે અને તે મુજબ કાર્યવાહી કરી રહ્યા છીએ. સરકારે દુષ્કાળની

પરિસ્થિતિને ગંભીરતાથી લીધી છે અને કામગીરી શરૂ કરી દીધી છે. અમારી લોન માફી યોજના પણ ચાલુ છે તથા તે બંધ કરવામાં આવશે નહીં. અમે પાણીની ઉપલબ્ધતા અને પશુચારાની પણ વ્યવસ્થા કરી રહ્યા છીએ,' તેમ ફડણવીસે પત્રકારોને જણાવ્યું હતું.વોટર ગ્રીડ પ્રોજેક્ટ અંગે ખેડૂતોની માગણીના પ્રશ્નોના જવાબમાં ફડણવીસે આક્ષેપ કર્યો હતો કે એમવીએ સરકારે સત્તામાં આવ્યા બાદ આ યોજનાને પડતી મૂકી હતી. ફડણવીસે ભારપૂર્વક જણાવ્યું હતું કે મરાઠવાડા વિસ્તારમાં પાણી પહોંચાડવું એ તેમની સરકારની પ્રાથમિકતા છે. તેમણે વરસાદની અછત અને પાકના નુકસાન અંગે ચિંતાઓ વ્યક્ત કરી હતી .તેમણે કહ્યું કે સરકારે પીવાના પાણીના સ્ત્રોતો અનામત રાખ્યા છે, જેથી આવતા જૂન સુધી પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી શકાય. (પીટીઆઈ)

### રાજકારણ કરવાને બદલે ખેડૂતોની પડખે ઊભા રહોઃ સુપ્રિયા સુળે

મુંબઈઃ મહારાષ્ટ્રમાં દુષ્કાળના મુદ્દે રાજકારણ કરવાને બદલે એની સામે ઝઝૂમી રહેલા ખેડૂતોને ટેકો આપવા માટે બધાએ સાથે આવવું જોઈએ એમ રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી)નાં નેતા સુપ્રિયા સુળેએ જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને તેમના પ્રધાનોએ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેવાના નિર્ણયનું સ્વાગત કરી ઉમેર્યું હતું કે આવા પ્રયાસથી ખેડૂતોને નક્કી સહાય મળશે.

મુખ્ય પ્રધાને બુધવારે પાણીની અછત અને પાકને નુકસાન થઈ રહ્યું છે એવા લાતુર અને ધારાશિવના ગામડાઓની મુલાકાત લીધી હતી અને સોલાપુર જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારોની પણ મુલાકાત લેવાના છે. સુળેએ નવી દિલ્હીમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે 'દુષ્કાળ દરમિયાન રાજકારણ વચ્ચે લાવ્યા વિના અને રાજકીય પક્ષોએ સંયમ રાખી આપણે મહારાષ્ટ્રમાં મુશ્કેલીઓનો સામનો કરી રહેલા ખેડૂતોની પડખે ઊભા રહેવું જોઈએ.'બારામતીનાં સંસદસભ્યના કહેવા અનુસાર એનસીપી (એસપી)ના પ્રમુખ શરદ પવારે આ મુદ્દે સીએમને પત્ર લખી જણાવ્યું હતું કે શિવસેના (યુબીટી)ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરે ઉપરાંત રોહિત પવાર, જયંત પાટીલ અને અનિલ દેશમુખ સહિતના તેમના પક્ષના નેતાઓએ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. સુળેએ સરકારને ખેડૂતોને રાહત આપવા માટે તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરી હતી.

ફડણવીસે મંગળવારે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર કેન્દ્રીય સહાયની રાહ જોયા વિના વર્તમાન દુષ્કાળ જેવી પરિસ્થિતિથી પ્રભાવિત ખેડૂતોને તાત્કાલિક સહાય પૂરી પાડશે. (પીટીઆઈ)

## આઈઆઈટી સ્ટુડન્ટની આત્મહત્યા

# અટકળો અને ખોટી માહિતીથી દૂર રહેવાની પોલીસે જનતા અને મીડિયાને કરી અરજ

મુંબઈઃ આઈઆઈટી બૉમ્બેના સ્ટુડન્ટે કરેલી કથિત આત્મહત્યા સંબંધે મુંબઈ પોલીસે બુધવારે અટકળો, ખોટી માહિતી અથવા ઉતાવળે કોઈ તારણો ન કાઢવા જાહેર જનતા અને મીડિયાને અપીલ કરી હતી.

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી (આઈઆઈટી) બૉમ્બેમાં બીજા વર્ષના બીટેકના વિદ્યાર્થી સાહિલ વાકોંડે (૨૨)ના મૃત્યુની તપાસ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ કરી રહી છે. મિડ-સેમિસ્ટરની પરીક્ષામાં ચૅટજીપીટીનો ઉપયોગ કરવા મોબાઈલ ફોન સાથે પકડાયાના કલાકો બાદ વાકોંડેનો મૃતદેહ કૅમ્પસમાંની હોસ્ટેલમાં આવેલી તેની રૂમમાંથી ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો.

પોલીસે એક નિવેદનમાં ખાતરી આપી છે કે તપાસ નિષ્પક્ષ અને ખંતપૂર્વક કરવામાં આવશે. દરેક પાસાંનું તપાસમાં ધ્યાન રખાશે.

ડેપ્યુટી પોલીસ કમિશનર રાજ તિલક રોશને એક નિવેદનમાં જણાવ્યું હતું કે મુંબઈ પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે આ કેસમાં કોઈ અટકળો લગાવવી નહીં. ખોટી માહિતી અને ઉતાવળે તારણો ન કાઢવાનું પણ જણાવાયું છે.

આ કેસની તપાસ આસિસ્ટન્ટ પોલીસ કમિશનર (એસીપી) રૅન્કના અધિકારીને સોંપવામાં આવી છે અને ડેપ્યુટી કમિશનર ઑફ પોલીસ તપાસ પર દેખરેખ રાખી રહ્યા છે, એવું ડીસીપીએ જણાવ્યું હતું.

વાકોંડેનાં માતા-પિતાએ દાવો કર્યો છે કે તેમના દીકરાની જાતિને લઈ સતામણી કરવામાં આવતી હતી. તેમણે આઈઆઈટી બૉમ્બેના ડિરેક્ટર પ્રોફેસર શિરીષ કેદારે અને પ્રોફેસર સૂર્યનારાયણ દુલ્લાની તુરંત ધરપકડ કરવાની માગણી પણ કરી છે. આત્મહત્યાને પગલે વિદ્યાર્થીઓ અને રાજકીય કાર્યકરો દ્વારા કરાયેલા દેખાવ બાદ પ્રોફેસર દુલ્લાને વહીવટી બાબતોના ડીન પદેથી હટાવી દેવાયા હતા. (પીટીઆઈ)

### સત્તાભૂખ્યા લોકોને જાતપાતમાં બહુ રસ પડે, વિદ્યાર્થીઓ દૂર રહેઃ રાજ ઠાકરે

મુંબઈઃ આઈઆઈટી મુંબઈના વિદ્યાર્થીની આત્મહત્યા સાથે જાતિ આધારિત ભેદભાવના આરોપોની ચર્ચા બાદ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) પ્રમુખ રાજ ઠાકરેએ બુધવારે કહ્યું હતું કે સત્તાના રાજકારણથી પ્રેરિત લોકોને જાતપાતમાં બહુ રસ હોય છે પણ વિદ્યાર્થીઓએ એનાથી અળગા રહેવું જોઈએ.

અધિકારીઓના જણાવ્યા અનુસાર ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (આઈઆઈટી) મુંબઈમાં બીજા વર્ષના બી. ટેક.ના વિદ્યાર્થી સાહિલ વાકોંડે (૨૨) ૧૮ સપ્ટેમ્બરે સાંજે હોસ્ટેલ રૂમમાં મૃત અવસ્થામાં મળી આવ્યો હતો. અધિકારીઓના જણાવ્યા અનુસાર સેમેસ્ટર પરીક્ષા દરમિયાન ચેટજીપીટીનો ફાયદો લેવા તેણે મોબાઇલ ફોનનો ઉપયોગ કરતા એ ઝડપાઇ ગયો એના થોડા કલાકો પછી ૧૮ સપ્ટેમ્બરની સાંજે જ તેના હોસ્ટેલ રૂમમાં લટકતો મળી આવ્યો હતો. વિદ્યાર્થીના માતા-પિતાએ દાવો કર્યો છે કે તેણે જાતિ આધારિત અપમાન વિશે તેમને જણાવ્યું હતું.

સાહિલ વાકોંડેના મૃત્યુને અત્યંત દુર્ભાગ્યપૂર્ણ ગણાવી રાજ ઠાકરેએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પરની એક પોસ્ટમાં રજૂઆત કરી હતી કે વિદ્યાર્થી શું કામ આત્મહત્યા કરવા પ્રેરાયો એની ચર્ચા કોઈ નથી કરતું. વાકોંડેનું મૃત્યુ શિક્ષણ પ્રણાલીમાં રહેલી ખામીઓને કારણે થયું હતું. આ મુદ્દાઓનો ઉકેલ વાકોંડે અને તણાવ સહન ન કરી શકતા આત્મહત્યા કરનારા તેના જેવા અનેક માટે યોગ્ય શ્રદ્ધાંજલિ હશે.'

વિદ્યાર્થીઓએ સત્તાના રાજકારણમાં અટવાઈ જવાને બદલે વિદ્યાર્થીઓએ આવા રાજકારણીઓને તેમનું સાચું સ્થાન દેખાડી દેવું જોઈએ એવી સલાહ આપી ઠાકરેએ ઉમેર્યું હતું કે 'એવું લાગે છે કે જાતિ અને ધર્મના હથિયારનો ઉપયોગ તમને ફસાવવા અને મુખ્ય મુદ્દાઓ પરથી તમારું ધ્યાન હટાવવા માટે અને ખાસ કરીને કોઈને પણ આપણા સરકારી તંત્રમાં રહેલી ખામીઓ સામે બોલતા કે વિરોધ કરતા અટકાવવા માટે કરવામાં આવી રહ્યો છે. આઈઆઈટી હોય કે અન્ય કોઈ કેમ્પસ આ મુદ્દાઓથી વિદ્યાર્થીઓમાં મતભેદ કે વિભાજન પેદા ન થવું જોઈએ.'

આઈઆઈટી મુંબઈના વિદ્યાર્થીઓએ યોગ્ય કાઉન્સેલિંગ સિસ્ટમ, મનોચિકિત્સકની ચોવીસ કલાક ઉપલબ્ધતા, ફરિયાદોના વાસ્તવિક નિરાકરણ અંગે પારદર્શિતા અને શિસ્ત પ્રક્રિયાની માગ કરી છે જેથી નિયમ ઉલ્લંઘન માટે કાર્યવાહી કરતી વખતે વિદ્યાર્થી માનસિક રીતે ભાંગી ન પડે. આંદોલને ખરેખર આ દિશામાં આગળ વધવું જોઈએ. (પીટીઆઈ)

### પ્રોફેસરનો જૂનો ઈમેલ વાઈરલ, વિદ્યાર્થીઓને આપી હતી સલાહ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં આઈઆઈટી મુંબઈના પ્રોફેસર સૂર્યનારાયણ દુલાને લઈને ચાલી રહેલા ગંભીર આરોપોના મામલામાં તેમનો એક જૂનો ઈમેલ ચર્ચામાં આવ્યો છે. આ ઈમેલ ૨૭ જુલાઈ, ૨૦૨૪ના પ્રોફેસર દુલાએ આઈઆઈટી બૉમ્બેના ડીન ઓફ સ્ટુડન્ટ અફેર તરીકે વિદ્યાર્થીઓને મોકલ્યો હતો. ઈમેલમાં કેમ્પસમાં જાતિ, ધર્મ અને સામાજિક-આર્થિક સ્થિતિના આધારે કોઈ પણ પ્રકારના ભેદભાવથી દૂર રહેવાની વિદ્યાર્થીઓને સલાહ આપવામાં આવી હતી.

ઈમેલમાં પ્રોફેસર ડુલાએ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે કોઈ સહપાઠીને તેની જાતિ, જન્મ અથવા એડમિશન કેટેગરી, જેઈઈ (એડવાન્સ્ડ) રેન્ક અથવા ગેટ સ્કોર વિશે પૂછવું યોગ્ય નથી. તેમણે જણાવ્યું હતું કે આવા પ્રશ્નો ભલે માત્ર જિજ્ઞાસાવશ પૂછવામાં આવે, પરંતુ તેના કારણે સામેના વિદ્યાર્થીઓ પ્રત્યે પૂર્વગ્રહ અથવા ભેદભાવની સ્થિતિ ઊભી થઈ શકે છે.

ઈમેલમાં વિદ્યાર્થીઓને કેમ્પસમાં એકબીજા સાથે સન્માનપૂર્વક વર્તન કરવાની સલાહ આપવામાં આવી હતી. પ્રોફેસર ડુલાએ ખાસ કરીને જાતિ, ધર્મ, લિંગ અને સામાજિક ઓળખ સાથે જોડાયેલા સંવેદનશીલ મુદ્દાઓ અંગે સાવચેતી રાખવા જણાવ્યું હતું.

પ્રોફેસર ડુલાએ વિદ્યાર્થીઓને જાતિવાદી, ધાર્મિક, સેક્સિસ્ટ અથવા કોઈ વ્યક્તિની સેક્સ્યુઅલ ઓરિએન્ટેશનને લઈને વાંધાજનક જોક્સ, મેસેજ અથવા અન્ય સામગ્રી શેર કે ફોરવર્ડ નહીં કરવાની પણ સૂચના આપી હતી. ઈમેલમાં સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે આવી સામગ્રી કેમ્પસના વાતાવરણને અસર કરી શકે છે અને આવા કિસ્સાઓમાં સંસ્થા તરફથી ગંભીર કાર્યવાહી થઈ શકે છે.

આ જૂનો ઈમેલ એવા સમયે સામે આવ્યો છે જ્યારે આઇઆઇટી મુંબઈ સાથે જોડાયેલા વર્તમાન મામલામાં પ્રોફેસર સૂર્યનારાયણ દુલા પર ગંભીર આરોપો લગાવવામાં આવી રહ્યા છે. આ કારણે ૨૦૨૪માં વિદ્યાર્થીઓને મોકલવામાં આવેલો તેમનો ઈમેલ ફરી ચર્ચામાં આવ્યો છે. જોકે, જૂના ઈમેલમાં આપવામાં આવેલી સલાહ અને વર્તમાન મામલામાં લગાવવામાં આવેલા આરોપો વચ્ચે કોઈ સીધો સંબંધ હોવાનું આ ઈમેલના આધારે કહી શકાય નહીં.

ઈમેલ પરથી એટલું સ્પષ્ટ થાય છે કે તે સમયે ડીન ઓફ સ્ટુડન્ટ અફેર તરીકે ડૂલાએ વિદ્યાર્થીઓને કેમ્પસમાં જાતિ, ધર્મ, સામાજિક પૃષ્ઠભૂમિ અને વ્યક્તિગત ઓળખના આધારે ભેદભાવથી દૂર રહેવા તથા એકબીજા સાથે સંવેદનશીલ અને સન્માનપૂર્ણ વ્યવહાર કરવાની સલાહ આપી હતી.

### ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા નિષ્પક્ષ તપાસની માગ, 'મીડિયા ટ્રાયલ' સામે અપીલ

મુંબઈઃ આઈઆઈટી બોમ્બે એલ્યુમનાઈ એસોસિએશને (આઈઆઈટીબીએએ) વિદ્યાર્થી સાહિલ વાકોંડેના કથિત આત્મહત્યાના કેસની નિષ્પક્ષ અને ઝડપી તપાસની માગ કરી છે અને જણાવ્યું છે કે કોઈ પણ વ્યક્તિને લક્ષ્ય બનાવીને ''મીડિયા ટ્રાયલ'', અટકળો કે ''અયોગ્ય તારણો'' કાઢવા જોઈએ નહીં.

સાહિલના માતા-પિતાએ આઈઆઈટી મુંબઈના ડિરેક્ટર પ્રોફેસર શિરીશ કેદારે અને પ્રોફેસર સૂર્યનારાયણ દુલાની તાત્કાલિક ધરપકડની માગ કરી છે.

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે સંસ્થા અત્યંત મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહી છે અને તેના વિદ્યાર્થીઓ, અધ્યાપકો તથા કર્મચારીઓ ન્યાયપૂર્ણ, સર્વસમાવેશક અને સુરક્ષિત તથા કલ્યાણકારી વાતાવરણના હકદાર છે.

''અમે આ દુઃખદ ઘટનાની નિષ્પક્ષ, પારદર્શક અને ઝડપી તપાસને સંપૂર્ણ સમર્થન આપીએ છીએ અને આગ્રહ કરીએ છીએ કે તમામ પ્રક્રિયાઓ સંપૂર્ણ નિષ્પક્ષતા અને પૂર્વગ્રહ વિના હાથ ધરવામાં આવે. અમે ઓનલાઇન અટકળો, મીડિયા ટ્રાયલ અથવા કોઈપણ વ્યક્તિ વિશે કાઢવામાં આવતા અપમાનજનક તારણો સામે સખત વિરોધ વ્યક્ત કરીએ છીએ,'' તેમ તેમાં જણાવાયું છે.

''માનસિક સ્વાસ્થ્યને મજબૂત કરવા, કેમ્પસમાં સુખાકારી જાળવવા અને આપણા લોકોમાં વિશ્વાસ પુનઃસ્થાપિત કરવા અમે સંસ્થા સાથે સહયોગ કરવા તૈયાર છીએ,'' તેમ નિવેદનમાં ઉમેરવામાં આવ્યું હતું.(પીટીઆઈ)

### 'મુઝસે ગલતી હો ગઇ હૈ': ગર્લફ્રેન્ડને કહ્યું હતું સાહિલે

મુંબઈઃ પરીક્ષામાં મોબાઈલનો ઉપયોગ કરતાં પકડાયા પછી હોસ્ટેલની રૂમમાં ગયેલા વિદ્યાર્થી સાહિલ વાકોંડેએ છેલ્લે એક યુવતી સાથે ફોન પર વાત કરી હતી અને પોતાની ભૂલ થઈ ગઈ હોવાનું કહ્યું હતું. સૂત્રોના જણાવ્યા મુજબ પોલીસે વાકોંડેના મોબાઈલના કૉલ ડિટેઈલ્સ મેળવ્યા હતા, જેને આધારે તેણે છેલ્લે એક યુવતી સાથે વાત કરી હોવાનું જાણવા મળ્યું હતું. આ યુવતી વાકોંડેની ગર્લફ્રેન્ડ હોવાનું માનવામાં આવે છે. તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે એક્ઝામ હૉલમાંથી વાકોંડે બપોરે દોઢ વાગ્યાની આસપાસ સીધો પોતાની હોસ્ટેલ રૂમમાં ગયો હતો. પછી તે રૂમ બહાર આવ્યો હોવાના કોઈ અણસાર મળ્યા નહોતા. તેણે અઢી વાગ્યે ગર્લફ્રેન્ડ સાથે વાત કરી હતી. 'મુઝસે ગલતી હો ગયી હૈ,' એવું વાતચીત દરમિયાન તેણે કહ્યું હતું.

સામે ગર્લફ્રેન્ડે તેને ધરપત આપતાં શાંત રહીને ધીરજ ધરવાનું કહ્યું હતું અને આગામી પરીક્ષાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાની શિખામણ આપી હતી.

### નિષ્પક્ષ તપાસ માટે આઈઆઈટી મુંબઈના પ્રોફેસરને રજા પર મોકલાયા

મુંબઈઃ વિદ્યાર્થી સાહિલ વાકોંડેની કથિત આત્મહત્યાના કેસમાં આરોપી એવા આઈઆઈટી મુંબઈના પ્રોફેસર સૂર્યનારાયણ દુલાને આ મામલે નિષ્પક્ષ તપાસ સુનિશ્ચિત કરવા માટે રજા પર મોકલી દેવામાં આવ્યા છે.

એક વિદ્યાર્થીની આત્મહત્યાને લઈને થયેલા વિરોધ બાદ, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી બોમ્બેએ સોમવારે ડૂલ્લાને વહીવટી બાબતોના ડીન પદ પરથી હટાવી દીધા હતા. અહેવાલ મુજબ, નિષ્પક્ષ તપાસ થઈ શકે તે માટે પ્રોફેસર દુલાને ડીન પદ પરથી હટાવીને રજા પર મોકલી દેવામાં આવ્યા છે; હાલમાં કોઈ વર્ગો પણ ચાલી રહ્યા નથી. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ હાલમાં વાકોંડેના મૃત્યુ અંગેની તપાસ કરી રહી છે.દુલા વિરુદ્ધ આત્મહત્યા માટે ઉશ્કેરણી અને જાતિગત ભેદભાવના આરોપસર કેસ નોંધવામાં આવ્યો છે. વાકોંડેની માતાએ મંગળવારે દાવો કર્યો હતો કે વાંકોંડેએ તેમને જણાવ્યું હતું કે તેની જાતિને કારણે તેને ત્રાસ આપવામાં આવતો હતો, અપશબ્દો કહેવામાં આવતા હતા અને અપમાનિત કરવામાં આવતો હતો. તેમના માતા-પિતાએ આઈઆઈટી બોમ્બેના ડિરેક્ટર પ્રોફેસર શિરીષ કેદારે અને પ્રોફેસર ડુલ્લાની તાત્કાલિક ધરપકડની માંગ કરી છે. (પીટીઆઈ)

### વાકોંડેનો આઈફોન લૉક હોવાથી તપાસમાં અવરોધ

મુંબઈઃ આઈઆઈટી મુંબઈની હોસ્ટેલમાં કથિત આત્મહત્યા કરનારા સ્ટુડન્ટ સાહિલ વાકોંડેનો આઈફોન લૉક હોવાથી તપાસમાં અવરોધ ઊભો થયો હોવાનું પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. વાકોંડેના મૃત્યુ પ્રકરણની તપાસ કરનારી ક્રાઈમ બ્રાન્ચે તેનો મોબાઈલ ફોન તાબામાં લીધો હતો. પોલીસને આશા છે કે પરીક્ષામાં ચૅટજીપીટી માટે મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા વાકોંડે પકડાયો હતો એ આક્ષેપ સહિત અન્ય મહત્ત્વની બાબતો તેના મોબાઈલ ફોનની તપાસમાં સામે આવી શકશે.

## બોઈસરમાં 'બોલકું' એટીએમ મશીન!

# એટીએમ સેન્ટરમાં વૉકીટૉકી છુપાવીને ગ્રાહકોને છેતરનારો પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બોઈસરમાં એટીએમ સેન્ટરમાંના 'બોલતા' મશીનને અનુસરીને છેતરાયેલી મહિલાના બૅન્ક ખાતામાંથી રોકડ રકમની કથિત ઉચાપત કરવામાં આવી હોવાની ઘટના સામે આવી હતી. એટીએમ સેન્ટરમાં વૉકીટૉકી છુપાવીને તેની મદદથી ગ્રાહકોને ગેરમાર્ગે દોરી છેતરવાની નવી તરકીબ અજમાવનારા થાણે જિલ્લાના કલવા ખાતે રહેતા યુવકની પોલીસે ધરપકડ કરી હતી.

બોઈસર પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ જિતેન્દ્ર રામદેવ પાલ (૨૬) તરીકે થઈ હતી. કલવાના મનીષનગરમાં જય ભીમનગર ખાતે રહેતા આરોપી પાસેથી પોલીસે બે વૉકીટૉકીના સેટ અને ૬૦ હજારની રોકડ જપ્ત કરી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર પાલઘર જિલ્લાના પામ વિસ્તારની વૃંદાવન નગરી ખાતે રહેતી સમીરા ખાન (૩૭) ૧૪ સપ્ટેમ્બરની સવારે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ બોઈસરના શિવાજીનગર પરિસરમાં આવેલા સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાના એટીએમ સેન્ટરમાં ગઈ હતી. મશીનમાં એટીએમ કાર્ડ નાખી તેણે સાત હજાર રૂપિયા કઢાવ્યા હતા, પરંતુ પછી તેનું કાર્ડ મશીનમાં જ અટકી ગયું હતું. ફરિયાદીએ કાર્ડ કાઢવાના પ્રયાસ કર્યા, પણ કાર્ડ મશીનમાંથી નીકળ્યું નહોતું. પછી એકાએક મશીન પાછળથી એક શખસનો અવાજ આવ્યો હતો, જેમાં તે કહેતો હતો કે 'હું એટીએમ કૅમેરાથી તમને જોઈ શકું છું... જબરદસ્તી કાર્ડ ન ખેંચો... જે સમસ્યા હોય તે મને જણાવો.'

કાર્ડ અટકી ગયા બાબતે મહિલાએ કહેતાં ફરી મશીન પાછળથી અવાજ આવ્યો હતો, જેમાં શખસે ત્રણ વાર પિન નંબર નાખીને કૅન્સલ કર્યા પછી એન્ટર દબાવવાની સૂચના આપી હતી. ફરિયાદી સૂચનાને અનુસરી છતાં કાર્ડ બહાર આવ્યું નહોતું. આખરે મશીન પાછળથી ફરી અવાજ આવ્યો હતો, જેમાં શખસે કહ્યું કે 'તમારો મોબાઈલ નંબર લખીને મશીન પર મૂકી જાઓ... કાલે મશીન ઑપરેટર આવ્યા પછી કાર્ડ કાઢીને તમને કૉલ કરશે, પછી આવીને કાર્ડ લઈ જજો.'

મશીનની સૂચનાને અનુસરી મહિલા ઘરે ગઈ ત્યારે તેના મોબાઈલ ફોન પર એકાઉન્ટમાંથી ૯૦ હજાર રૂપિયા કઢાવી લેવામાં આવ્યા હોવાનો મેસેજ આવ્યો હતો. તરત જ મહિલાએ બોઈસર પોલીસનો સંપર્ક સાધી ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી પાંચ દિવસમાં જ આરોપીને પકડી પાડ્યો હતો.

બોઈસર પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર સુનીલ જાધવે જણાવ્યું હતું કે આરોપીએ વૉકીટૉકીનો ઉપયોગ કરી નવી પદ્ધતિથી એટીએમમાંથી નાણાં કઢાવવા આવેલા ગ્રાહકોને છેતરવાની યુક્તિ અજમાવી હતી. તેણે એક વૉકીટૉકી મશીન પાછળ સંતાડી રાખી હતી, જ્યારે બીજી પોતાની પાસે રાખી હતી. મહિલા રૂપિયા કઢાવવા આવી ત્યારે પાછળ ઊભા રહીને તેણે ચાલાકીથી કાર્ડનો પિન નંબર મેળવી લીધો હતો. તેણે પહેલેથી જ મશીન સાથે ચેડાં કર્યાં હતાં, જેને કારણે કાર્ડ અટકી જાય.

મહિલાનું કાર્ડ મશીનમાં અટકી ગયા પછી આરોપી થોડે દૂર જઈને પોતાની પાસેની વૉકીટૉકીમાંથી સૂચના આપતો હતો, જેનો અવાજ મશીન પાછળના વૉકીટૉકીમાંથી આવતો હતો. તે સમયે મહિલા મશીનની સૂચના હોવાનું માની તેને અનુસરી હતી. આરોપીએ આ રીતની તરકીબ અન્ય કયાં એટીએમ સેન્ટરોમાં અજમાવી હતી તેની પોલીસ તપાસ કરી રહી છે.

# ધર્મા પ્રોડક્શન પર ૭૯ કરોડની જીએસટીની માગ હાઈ કોર્ટે રદ કરી

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે કરણ જોહરની બે પ્રોડક્શન કંપનીઓ સામેની રૂ. ૭૯.૭ કરોડથી વધુની કરની માગણી રદ કરતા ચુકાદો આપ્યો છે કે, ભલે સિનેમેટોગ્રાફિક ફિલ્મ ડિજિટલ લિંક કે હાર્ડ ડિસ્ક દ્વારા વિતરણ કરવામાં આવતી હોય, તો પણ જીએસટી કાયદા હેઠળ તેને 'આઇટી સોફ્ટવેર' ગણી શકાય નહીં.

જોહરની 'ધર્મા પ્રોડક્શન્સ' અને 'ધર્માટિક એન્ટરટેઈનમેન્ટ' દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર ૧૦ સપ્ટેમ્બરે આપવામાં આવેલા ચુકાદામાં, જસ્ટિસ એમ. એસ. કાર્નિક અને સંદેશ પાટિલની બેન્ચે કહ્યું હતું કે કર-વર્ગીકરણ માટે વિતરણની પદ્ધતિ અપ્રસ્તુત છે. હાઈ કોર્ટે કહ્યું કે સામગ્રી ભૌતિક રીતે (હાર્ડ ડિસ્ક દ્વારા) મોકલવામાં આવે કે ઈલેક્ટ્રોનિક રીતે, તેના વિતરણની પદ્ધતિ તેના વર્ગીકરણને નક્કી કરી શકતી નથી; કોર્ટે વધુમાં ઉમેર્યું કે ડિજિટલ સામગ્રીને સોફ્ટવેર ગણવા માટે કોઈ કાયદાકીય આધાર નથી.

આ વિવાદ ફિલ્મોના કોપીરાઈટ લાઇસન્સિંગના વર્ગીકરણને લગતો હતો. સત્તાવાળાઓએ આ વ્યવહારોને 'સર્વિસીસ એકાઉન્ટિંગ કોડ' હેઠળ આઇટી સોફ્ટવેરના લાઇસન્સિંગ તરીકે ગણ્યા હતા, જેના પર ૧૮ ટકા 'ગુડ્સ ઍન્ડ સર્વિસીસ ટૅક્સ' (જીએસટી) લાગુ પડે છે. રાજ્યના કર વિભાગે નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ અને ૨૦૨૦-૨૧ વચ્ચેના સમયગાળા માટે રૂ. ૭૯.૭ કરોડની કરની માંગણી કરી હતી; વિભાગનો દાવો હતો કે ડિજિટલ લિંક્સ અથવા હાર્ડ ડિસ્ક દ્વારા ફિલ્મ કન્ટેન્ટ પૂરું પાડવાથી આ વ્યવહાર 'આઈટી સોફ્ટવેર સેવાઓ'ના દાયરામાં આવે છે.

ત્યારબાદ, ધર્મા પ્રોડક્શન્સ અને ધર્માટિક એન્ટરટેઈનમેન્ટે આ માગને પડકારતી અરજી હાઈકોર્ટમાં દાખલ કરી હતી. (પીટીઆઈ)

# જાહેર આરોગ્યને નુકસાન પહોંચાડતી વસ્તુઓનો પ્રચાર કરવાનું કોઈને લાઇસન્સ નથીઃ તુકારામ મુંઢે

મુંબઈઃ લોકોના સ્વાસ્થ્યને નુકસાન કરતી વસ્તુઓની જાહેરાત ન કરવા માટે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કલાકારોને કરેલી અપીલને મહારાષ્ટ્રના એફડીએ કમિશનર તુકારામ મુંઢેએ સમર્થન આપ્યું હતું.

મંગળવારે ૭૨મા નેશનલ ફિલ્મ એવોર્ડ્સ સમારોહને સંબોધતા રાષ્ટ્રપતિ મુર્મૂએ કહ્યું હતું કે સેલિબ્રિટીઝ યુવાનો પર ઊંડી અસર પાડે છે, તેથી સાચા સ્ટાર એ અંધકાર નહીં, પ્રકાશ ફેલાવવો જોઈએ.

મુંઢેએ સોશ્યલ પ્લેટફોર્મ એક્સ પર લખ્યું હતું કે, દરેક નાગરિકની જેમ કલાકારોએ પણ કાયદાનું પાલન કરવું જોઈએ અને લોકોની પસંદગીઓને પ્રભાવિત કરતી પ્રોડક્ટ્સ, વર્તણૂક અને આદતોની જાહેરાતો કરતી વખતે આવતી જવાબદારીને સમજવી જોઈએ. ખાદ્ય પદાર્થોના પ્રચારમાં જાહેર સ્વાસ્થ્યની ઉપેક્ષા ન કરી શકાય અને મહારાષ્ટ્રમાં જનહિતમાં આવી જાહેરાતો કરનારા કલાકારોને નોટિસ પણ મોકલવામાં આવી છે.

મુંઢેએ સ્પષ્ટ કર્યું હતું કે કાયદો બધા માટે સરખો છે. તેમણે કહ્યું કે લોકપ્રિયતા એ સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડતી વસ્તુઓની જાહેરાત કરવાનું લાઈસન્સ ન બની શકે. લોકોના સ્વાસ્થ્ય કરતાં કોઈ પણ વ્યાપારી નફો કે ફાયદો મોટો હોઈ શકે નહીં.

### બોલિવૂડ કલાકારોના સમર્થન બદલ તુકારામ મુંઢેએ આભાર માન્યો

મુંબઇઃ ખોરાકમાં ભેળસેળ અને સ્વચ્છતાના નિયમોના ઉલ્લંઘન સામેની આકરી કાર્યવાહી માટે ચર્ચામાં આવેલા મહારાષ્ટ્રના એફડીએ કમિશનર તુકારામ મુંઢેએ બુધવારે બોલિવૂડ કલાકારો પ્રીતિ ઝિન્ટા અને મલ્લિકા શેરાવત તેમના સમર્થનમાં આગળ આવ્યા તે બદલ ખુશી વ્યક્ત કરી હતી.

પ્રીતિ ઝિન્ટા ''ટીમ તુકારામ મુંઢે'' લખેલું ટી-શર્ટ પહેરેલી જોવા મળી હતી અને મલ્લિકા શેરાવતે એક વીડિયો શેર કરીને કડક ખાદ્ય સુરક્ષા તપાસ માટે તેમના વખાણ કર્યા હતા. આ સિવાય સલમાન ખાન, મનોજ વાજપેયી અને ટ્વિંકલ ખન્ના જેવા બોલિવૂડ કલાકારોએ પણ મુંઢેની પ્રામાણિક કામગીરીની પ્રશંસા કરી હતી. મુંઢેએ જણાવ્યું કે માત્ર 'ટીમ તુકારામ મુંઢે'નું ટી-શર્ટ પહેરવું કે નામ બતાવવું પૂરતું નથી, પરંતુ વાસ્તવિક કામ કરવું અને સાચો અભિગમ અપનાવવો જરૂરી છે. તેમણે ઉમેર્યું કે ખોરાકની સુરક્ષાના મુદ્દાઓ સામે લડવા માટે દરેક ક્ષેત્રના સારા લોકોએ સાથે આવવું પડશે.

કલાકારોનો આભાર માનતા મુંઢેએ જણાવ્યું કે, તેઓ પોતાની જવાબદારી નિભાવી રહ્યા છે, પરંતુ ખોરાકની સુરક્ષા એ માત્ર એક વ્યક્તિનું કામ નથી પણ ટીમ પ્રયાસ છે.

# ક્રૂડ તેલના ભાવઘટાડા સાથે ઈક્વિટી માર્કેટમાં બાઉન્સબૅક, સેન્સેક્સમાં ૨૯૯ પૉઈન્ટનો સુધારો

## વર્તમાન નાણાકીય વર્ષ માટે એશિયન ડેવલપમેન્ટ બૅન્કે સાત ટકા વૃદ્ધિદરનો અંદાજ મૂકતા બજારને ટેકો મળ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પશ્ચિમ એશિયાનો ભૂરાજકીય તણાવ હળવો થવાની શક્યતાને ધ્યાનમાં લેતા વૈશ્વિક બજારમાં બ્રેન્ટ ક્રૂડ તેલના વાયદામાં ભાવ બેરલદીઠ ૧૦૦ ડૉલર કરતાં નીચી સપાટીએ રહ્યાના નિર્દેશો સાથે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ગઈકાલના ઘટાડા બાદ બાઉન્સબૅક જોવા મળ્યું હતું, જેમાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શૅરનો બૅન્ચમાર્ક સેન્સેક્સ ૨૯૯.૧૭ પૉઈન્ટ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી ૧૧૭.૮૦ પૉઈન્ટ વધીને બંધ રહ્યો હતો.

આજે સ્થાનિકમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૭૪,૫૨૯.૦૮ના બંધ સામે વધીને ૭૪,૬૪૮.૩૨ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૪,૫૯૯.૮૮ અને ઉપરમાં ૭૪,૯૭૩.૭૪ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૦.૪૦ ટકા અથવા તો ૨૯૯.૧૭ પૉઈન્ટ વધીને ૭૪,૮૨૮.૨૫ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૩,૩૨૯ના બંધ સામે વધીને ૨૩,૩૫૨.૧૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૩,૩૪૯.૫૫ અને ઉપરમાં ૨૩,૪૬૬.૯૦ની રેન્જમાં રહીને અંતે ગઈકાલના બંધ સામે ૦.૫૦ ટકા અથવા તો ૧૧૭.૮૦ પૉઈન્ટ વધીને ૨૩,૪૪૬.૮૦ની સપાટીએ બંધ રહ્યો હતો.

આજે લિસ્ટ થયેલા નવા શૅરોમા જિન્દાલ સુપ્રીમનાં શૅરનું લિસ્ટિંગ શૅરદીઠ રૂ. ૯૩ના ઈશ્યૂભાવ સામે ૩૧ ટકા પ્રીમિયમથી થયું હતું. જેમાં બીએસઈ ખાતે ભાવ ઈશ્યૂ ભાવ સામે ૩૧ ટકા વધીને રૂ. ૧૨૧.૯૦ના મથાળે અને એનએસઈ ખાતે લિસ્ટિંગ ૨૯ ટકાના પ્રીમિયમ સાથે શૅરદીઠ રૂ. ૧૨૦ના ભાવથી થયું હતું. જોકે, સત્રના અંતે બીએસઈ અને એનએસઈ ખાતે ભાવ પાંચ ટકા વધીને રૂ. ૧૨૬ના મથાળે બંધ રહ્યા હતા.

જોકે, આજે હીરો મોટર્સનાં શૅરનું બીએસઈ ખાતે લિસ્ટિંગ શૅરદીઠ રૂ. ૮૪ના ભાવ સામે ૨.૨૬ ટકા ડિસ્કાઉન્ટમાં રૂ. ૮૨.૧૦ના મથાળે અને એનએસઈ ખાતે ૨.૩૮ ટકાના ડિસ્કાઉન્ટ સાથે રૂ. ૮૨ના મથાળે થયું હતું, પરંતુ ત્યાર બાદ ૧૭.૨૭ ટકા જેટલું બાઉન્સબૅક જોવા મળ્યું હતું. તેમ જ સત્રના અંતે બીએસઈ ખાતે ભાવ ૧૭.૨૭ ટકા વધીને રૂ. ૯૮.૫૧ના મથાળે અને એનએસઈ ખાતે ભાવ ૧૭.૧૪ ટકા વધીને રૂ. ૯૮.૪૦ના મથાળે બંધ રહ્યા હતા.

પશ્ચિમ એશિયામાં તણાવ હળવો થવાના આશાવાદ ઉપરાંત વિશ્વ બજારમાં ડબ્લ્યુટીઆઈ ક્રૂડના ભાવ બેરલદીઠ ૯૦ ડૉલરની અંદર રહેતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સાર્વત્રિક સ્તરેથી લેવાલી નીકળતાં બજારનાં સુધારાને ટેકો મળ્યો હોવાનું ઓનલાઈન ટ્રેડિંગ અને વૅલ્થટેક કંપની એનરિચ મનીના ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર આર પોન્મુડીએ જણાવ્યું હતું.

વધુમાં એશિયન ડેવલોપમેન્ટ બૅન્કે ભારતનાં મક્કમ આંતરિક પરિબળોને ધ્યાનમાં લેતા વર્તમાન નાણાકીય વર્ષ માટેનાં જીડીપી વૃદ્ધિદરનો અંદાજ સાત ટકા મૂક્યો હોવાના પ્રોત્સાહક અહેવાલે બજારનાં સુધારાને પ્રેરકબળ પૂરું પાડ્યું હોવાનું જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે ભૂરાજકીય જોખમો હળવા થવાની શક્યતા, ક્રૂડતેલના ભાવમાં ઘટાડો અને સ્થાનિક આર્થિક વૃદ્ધિદર મજબૂત રહેવાની શક્યતાઓને ધ્યાનમાં લેતા આજે માત્ર લાર્જકેપ સેગ્મેન્ટ ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી રોકાણકારોની લેવાલીનો ટેકો મળ્યો હતો. નોંધનીય બાબત એ છે કે અગાઉ વૈશ્વિક રેટિંગ એજન્સી સ્ટાન્ડર્ડ ઍન્ડ પૂઅર્સ અને ફિચે પણ ભારતના જીડીપી વૃદ્ધિદરના અંદાજમાં સુધારો કર્યો હતો.

વધુમાં જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.ના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું કે સપ્ટેમ્બર મહિનાના ઉત્પાદનના ડેટા મજબૂત આવતા ફુગાવામાં વધારો થવા છતાં સ્થાનિક અર્થતંત્રમાં મક્કમ વલણ રહેવાનો વિશ્વાસ થતાં બજારનાં સુધારાને ટેકો મળ્યો હતો.

આજે બીએસઈ ખાતે કુલ ૪૫૯૭ શૅરોમાં કામકાજ થયા હતા, જેમાં ૨૮૦૯ શૅરના ભાવ વધીને, ૧૫૭૯ શૅરના ભાવ ઘટીને અને ૨૦૯ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૧૭૮ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૮૫ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા. આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૨૧ શૅરના ભાવ વધીને અને નવ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. આજે મુખ્ય વધનાર શૅરોમાં સૌથી વધુ ૩.૨૮ ટકાનો સુધારો ટાટા સ્ટીલમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે બજાજ ફાઈનાન્સમાં ૩.૦૭ ટકાનો, આઈટીસીમાં ૧.૭૭ ટકાનો, અલ્ટ્રાટેક સિમેન્ટમાં ૧.૭૩ ટકાનો, પાવરગ્રીડ કોર્પોરેશનમાં ૧.૬૮ ટકાનો અને લાર્સન ઍન્ડ ટૂબ્રોમાં ૧.૫૦ ટકાનો સુધારો આવ્યો હતો. આ સિવાય આજે એચસીએલ ટેક્નોલૉજીસમાં સૌથી વધુ ૧.૧૦ ટકાનો ઘટાડો આવ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે ઈન્ફોસિસમાં ૧.૦૩ ટકાનો, ટીસીએસમાં ૦.૯૫ ટકાનો, ટાઈટનમાં ૦.૬૦ ટકાનો, મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં ૦.૪૯ ટકાનો, આઈસીઆઈસીઆઈ બૅન્ક અને એનટીપીસીમાં ૦.૧૫ ટકાનો, એચડીએફસી બૅન્કમાં ૦.૧૪ ટકાનો અને ભારત ઈલેક્ટ્રોનિક્સ લિ.માં ૦.૦૮ ટકાનો ઘટાડો આવ્યો હતો. આજે નિફ્ટી હેઠળના ૫૦ શૅર પૈકી ૧૪ શૅરના ભાવ ઘટીને અને ૩૬ શૅરના ભાવ વધીને બંધ રહ્યા હતા.

આજે બીએસઈ ખાતેના સ્મોલકેપ સિલેક્ટ ઈન્ડેક્સમાં ૦.૮૫ ટકાનો અને મિડકેપ સિલેક્ટ ઈન્ડેક્સમાં ૦.૭૯ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં મેટલ ઈન્ડેક્સમાં ૨.૩૭ ટકાનો, કૉમોડિટી ઈન્ડેક્સમાં ૧.૬૪ ટકાનો, મિડસ્મોલ પ્રાઈવેટ બૅન્ક ક્વૉલિટી ટિલ્ટ ઈન્ડેક્સમાં ૧.૪૯ ટકાનો, મિડસ્મોલ પ્રાઈવેટ બૅન્ક ઈન્ડેક્સમાં ૧.૪૭ ટકાનો, એફએમસીજી ઈન્ડેક્સમાં ૧.૩૦ ટકાનો, પીએસયુ બૅન્ક ઈન્ડેક્સમાં ૧.૧૮ ટકાનો, અને રિઅલ્ટી ઈન્ડેક્સમાં ૧.૧૧ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે ફોકસ્ડ આઈટી ઈન્ડેક્સમાં ૦.૯૩ ટકાનો અને આઈટી ઈન્ડેક્સમાં ૦.૭૭ ટકાનો ઘટાડો આવ્યો હતો.

એશિયન બજારોમાં આજે દક્ષિણ કોરિયાના કોસ્પીમાં સુધારાતરફી વલણ રહ્યું હતું, જ્યારે શાંઘાઈના એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ અને હૉંગકૉંગનાં હૅંગસૅંગ ઈન્ડેક્સમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું. જોકે, આજે જાપાનની બજાર જાહેર રજાને કારણે બંધ રહી હતી. તેમ જ મધ્ય સત્ર દરમિયાન યુરોપની બજારોમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલ હતા. ■

# ચાંદીમાં ₹ ૧૫૬ની અને સોનામાં ₹ ૧૨૦ની સાધારણ નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને ફેડરલ રિઝર્વના અધિકારીઓ દ્વારા વ્યાજદરમાં વધુ વધારો કરવામાં આવે તેવી શક્યતા વ્યક્ત થઈ રહી હોવાના નિર્દેશો સાથે આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવ સાંકડી વધઘટે અથડાઈને નરમાઈતરફી રહ્યા હોવાના અહેવાલ હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૨૦ની અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૫૬ની નરમાઈ રહી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ખાસ કરીને ચાંદીમાં ઔદ્યોગિક વપરાશકારોની ખપપૂરતી માગ રહી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો અને સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહેતાં હાજરમાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૫૬ના સાધારણ ઘટાડા સાથે રૂ. ૨,૩૨,૭૬૬ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે સોનામાં પણ રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહેતાં વેરારહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૨૦ના ઘટાડા સાથે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧,૫૧,૪૦૭ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧,૫૨,૦૧૬ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯ ટકા ઘટીને ઔંસદીઠ ૪૩૧૬.૫૯ ડૉલર અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા ઘટીને ૪૩૫૩.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૨.૭ ટકાના કડાકા સાથે ઔંસદીઠ ૬૫.૨૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ વધીને બે મહિનાની ઊંચી સપાટી આસપાસ રહ્યો હોવાથી આયાત પડતરોમાં વધારો થતાં સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું સાક્સો બૅન્કના કૉમૉડિટી સ્ટ્રેટેજી વિભાગનાં હેડ ઓલે હાસને જણાવતાં ઉમેર્યું હતું કે ફેડના અધિકારીઓની તંગ નાણાનીતિની ટિપ્પણીની અને ક્રૂડ તેલ, ડૉલર તથા અમેરિકી બૉન્ડ પર પડતી અસરોને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૪૩૦૦થી ૪૪૦૦ ડૉલરની સાંકડી રેન્જમાં અથડાતા રહે તેમ જણાય છે.

નોંધનીય બાબત એ છે કે ગઈકાલે રિચમોન્ડ ફેડના પ્રમુખ ટોમ બાર્કિને જણાવ્યું હતું કે વ્યાજદરમાં વધારો કરવાથી આર્થિક ગતિવિધીઓને ધીમી કર્યા વિના ફુગાવો દબાણ હેઠળ આવી શકે તેમ હોવાથી વ્યાજદરમાં વધુ વધારો કરવામાં આવે તેવી શક્યતા નકારી ન શકાય. અગાઉ ૧૫-૧૬ સપ્ટેમ્બરની નીતિવિષયક બેઠકના અંતે ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો વધારો કર્યો હતો.

વર્તમાન પરિબળોને ધ્યાનમાં લેતા ફેડરલ રિઝર્વ આગામી ઑક્ટોબર મહિનામાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી ૫૩ ટકા શક્યતા બજાર વર્તુળો સીએમઈ ફેડ વૉચ ટૂલ પર મૂકી રહ્યા હતા. આજે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે જો ઈરાન યુદ્ધનો અંત કરવા માટેની ડીલ નહીં કરે તો તેનો સફાયો કરી નાખવામાં આવશે. જોકે સાથે સાથે તેમણે બહુ વહેલી તકે કરાર થઈ જવાની શક્યતા પણ વ્યક્ત કરી હતી. ■

# ડૉલરમાં મજબૂતાઈ અને ક્રૂડ તેલના ભાવમાં સુધારો આવતા રૂપિયો ૧૧ પૈસા નરમ

મુંબઈ: વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને બ્રેન્ટ ક્રૂડ તેલના ભાવમાં ઘટ્યા મથાળેથી સુધારો થતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૧ પૈસા નબળો પડ્યો હતો. ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું કે અમેરિકી ફેડરલ રિઝર્વનાં અધિકારીઓએ શેષ વર્ષ ૨૦૨૬માં વ્યાજદરમાં વધારાની શક્યતા વ્યક્ત કરતાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ જોવા મળ્યું હતું અને રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો. જોકે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હતો. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૬૨ના બંધ સામે સુધારા સાથે ૯૫.૫૮ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૭૬ અને ઉપરમાં ૯૫.૫૭ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૧ પૈસાના ઘટાડા સાથે ૯૫.૭૩ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૧૬ પૈસાનો સુધારો જોવા મળ્યો હતો.

યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (યુએનજીએ)માં થનારી આડકતરી વાતચીતોમાં અમેરિકા અને ઈરાન વચ્ચેનાં વિવાદનો ઉકેલ આવે અને વૈશ્વિક જોખમી પરિબળો હળવા થવાની શક્યતાને ધ્યાનમાં લેતાં ક્રૂડ તેલમાં નરમાઈ રહેતાં આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ જોવા મળે તેવી શક્યતા વ્યક્ત કરતા મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે જો ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહે અને અમેરિકા અને ઈરાન વચ્ચેના તણાવમાં વધારો થાય તો રૂપિયામાં સુધારો અટકી શકે છે. તેમ છતાં અમારા મતે ડૉલર સામે રૂપિયો ૯૫.૫૦થી ૯૫.૯૫ની રેન્જમાં રહે તેવી શક્યતા છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ૦.૨૭ ટકા વધીને ૧૦૦.૮૭ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડ તેલના વાયદામાં ભાવ ૦.૨૬ ટકા વધીને બેરલદીઠ ૯૯.૫૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૨૯૯.૧૭ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૧૧૭.૮૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હતો. તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૮૦૯.૯૯ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના અહેવાલ હતા. ■

# મિડિયમ ગ્રેડની ખાંડમાં ₹ ૬૦નો ચમકારો

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ટેન્ડરોનાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાના નિર્દેશો હતા, જ્યારે અન્ય મથકો પર ખાસ કરીને મિડિયમ ગ્રેડની ખાંડમાં ઘટ્યા મથાળેથી સુધારાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલોને ધ્યાનમાં લેતા સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ આજે મુખ્યત્વે સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૬૦નો સુધારો આવ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાના અહેવાલ હતા. પ્રાપ્ત અહેવાલ અનુસાર મહારાષ્ટ્રની ખાંડ મિલો આગામી ૧૫ ઑક્ટોબરથી પિલાણ શરૂ કરવા માટે સજ્જ થઈ રહી છે. જેમાં મુખ્યત્વે મશીનરીનાં મેઈન્ટેનન્સ, શેરડીનાં ટ્રાન્સપોર્ટેશન, શ્રમીકોની જોગવાઈ વગેરેનો સમાવેશ થાય છે. ■

## સ્પોર્ટ્સ

# ગિલ, રાહુલ, યશસ્વી, બુમરાહ, સિરાજ, જાડેજા અને નીતીશ: આમાંથી ગંભીર કોને આપશે આરામ?

નવી દિલ્હી: ભારતીય ક્રિકેટરો આગામી ૨૭મી સપ્ટેમ્બરે ઘરઆંગણે વેસ્ટ ઇન્ડિઝ સામે શરૂ થનારી વન-ડે સિરીઝથી અને ૨૮મી સપ્ટેમ્બરે જાપાનમાં એશિયન ગેમ્સની ટી-૨૦માં શરૂ થનારા અભિયાન સાથે ઘણા મહિનાઓ સુધી વ્યસ્ત રહેવાના છે અને એ સ્થિતિમાં હેડ-કોચ ગૌતમ ગંભીર અમુક ખેલાડીઓને ન્યૂ ઝીલૅન્ડ સામેની નવેમ્બરની ટેસ્ટ-સિરીઝ માટે પૂરેપૂરા ફિટ રાખવા મક્કમ છે. એ કારણસર તે નવેમ્બરની કેટલીક વન-ડે મૅચોમાંથી અમુક ખેલાડીઓ આરામ આપશે એવી સંભાવના છે.

શુભમન ગિલ, કે. એલ. રાહુલ, યશસ્વી જયસ્વાલ, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ, રવીન્દ્ર જાડેજા અને નીતીશ કુમાર રેડ્ડીમાંથી અમુક ખેલાડીઓને નવેમ્બરમાં ન્યૂ ઝીલૅન્ડમાં રમાનારી લાંબી વન-ડે શ્રેણીમાંથી સંપૂર્ણપણે અથવા અમુક વન-ડે મૅચોમાંથી આરામ આપવામાં આવશે.

ન્યૂ ઝીલૅન્ડમાં ૪-૧૫ નવેમ્બર દરમ્યાન પાંચ મૅચની વન-ડે સિરીઝ રમાશે. ફક્ત ત્રણ દિવસના અંતર બાદ ૧૯મી નવેમ્બરે ન્યૂ ઝીલૅન્ડ સામે ટેસ્ટ-શ્રેણી શરૂ થશે એટલે વન-ડે શ્રેણીની છેલ્લી અમુક મૅચોમાંથી આ સાતમાંથી કેટલાક ખેલાડીઓને વિશ્રામ અપાશે એવી પાક્કી સંભાવના છે.

ખુદ ગંભીરે એક જાણીતી ઍપ પરની વાતચીતમાં કહ્યું, 'ટી-૨૦ ફૉર્મેટમાંથી વન-ડે ફૉર્મેટમાં રમવું આસાન હોય, પરંતુ ટેસ્ટ મૅચ માટે ખેલાડીએ વધુ પૂર્વતૈયારીઓ કરવી પડે. એ માટે કેટલાક બૅટ્સમેનોને બ્રેક આપવો પડે.'

ગંભીરે અન્ય એક મુદ્દે મહત્ત્વનો અભિપ્રાય આપતા કહ્યું, 'સામાન્ય રીતે કોચ (પ્રશિક્ષકો) અને સિલેક્ટરો ઇચ્છતા હોય છે કે અમુક ખેલાડીઓમાં એવી ટૅલન્ટ હોવી જોઈએ કે તેઓ ત્રણેય ફૉર્મેટ (ટેસ્ટ, વન-ડે, ટી-૨૦)માં રમી શકતા હોય. જોકે સમય જતાં આવી બહુ ઓછા ખેલાડીઓ આ રમતમાં જોવા મળશે, કારણકે સ્પિનર કે ફાસ્ટ બોલર, ખેલાડીઓને રૉટેશનમાં તો રાખવા જ પડે (વારાફરતી ટીમમાંથી ઇન-આઉટ કરવા જ પડે).' ■

# ચાનુનો સિલ્વર સાથે ચળકાટ: પહેલી વખત એશિયન ગેમ્સમાં મેડલ જીતી

## કુલ ૧૯૮ કિલો વજન ઊંચક્યું: મીરાંબાઈએ કર્નમ મલ્લેશ્વરીના વિક્રમની બરાબરી પણ કરી

નાગોયા: ઑલિમ્પિક ગેમ્સની સિલ્વર મેડલિસ્ટ તેમ જ કૉમનવેલ્થ ગેમ્સમાં કુલ ત્રણ ચંદ્રક જીતી ચૂકેલી ભારતની ટોચની વેઇટલિફ્ટર મીરાંબાઈ ચાનુએ એશિયન ગેમ્સમાં પહેલી જ વખત મેડલ હાંસલ કર્યો છે.

મીરાંબાઈ ચાનુએ બુધવારે ૪૯ કિલોગ્રામ વજનની કૅટેગરીમાં બીજું સ્થાન મેળવીને સિલ્વર મેડલ જીતી લીધો હતો. વેઇટલિફ્ટિંગમાં વિશ્વની તમામ છ મોટી સ્પર્ધામાં મેડલ જીતનાર કર્નમ મલ્લેશ્વરી પછી હવે મીરાંબાઈ ચાનુ બીજી ભારતીય વેઇટલિફ્ટર બની છે. આ છ મોટી સ્પર્ધાઓમાં ઑલિમ્પિક્સ, કૉમનવેલ્થ ગેમ્સ, એશિયન ગેમ્સ, વર્લ્ડ ચૅમ્પિયનશિપ, કૉમનવેલ્થ ચૅમ્પિયનશિપ અને એશિયન ચૅમ્પિયનશિપનો સમાવેશ છે. મીરાંબાઈ ચાનુએ બે મહિના પહેલાં કૉમનવેલ્થમાં સુવર્ણ ચંદ્રક જીતી લીધા પછી પત્રકારોને કહ્યું હતું કે મારી સિદ્ધિઓ હજી સંપૂર્ણ ન કહેવાય, કારણકે હું હજી સુધી એશિયન ગેમ્સનો મેડલ જીતી નથી.'




મીરાંબાઈ ચાનુએ એશિયાડનો મેડલ જીતીને પોતાની કરીઅરને નવી દિશા આપી છે. તેણે સ્નેચમાં વધુમાં વધુ ૮૭ કિલો અને ક્લીન ઍન્ડ જર્કમાં વધુમાં વધુ ૧૧૧ કિલો વજન ઉંચક્યું હતું. એ સાથે તે કુલ ૧૯૮ કિલો વજન સાથે બીજા નંબર પર રહી હતી. ઉત્તર કોરિયાની રિ સૉંગ ગૂમ કુલ ૨૧૫ સલ સાથે પહેલા નંબર પર હતી અને તેણે ગોલ્ડ મેડલ જીતી લીધો હતો.

### ભારતના ચંદ્રકોની સંખ્યા ધીમી ગતિએ વધે છે

બુધવાર સાંજ સુધીમાં ભારત માત્ર એક ગોલ્ડ મેડલ જીત્યું હતું જે મહિલા ક્રિકેટ ટીમે અપાવ્યો હતો. એ ઉપરાંત ભારતીયો પાંચ સિલ્વર તથા છ બ્રોન્ઝ મેડલ સહિત કુલ ૧૨ મેડલ જીત્યા હતા. ચીન ૪૭ ગોલ્ડ મેડલ સહિત કુલ ૭૭ ચંદ્રક સાથે પહેલા નંબરે હતું. જાપાન (૧૫ ગોલ્ડ સહિત કુલ ૬૬ ચંદ્રક) અને દક્ષિણ કોરિયા (આઠ ગોલ્ડ સહિત કુલ ૪૦ ચંદ્રક) સાથે અનુક્રમે બીજા તથા ત્રીજા નંબરે હતા.કબડ્ડી, બૉક્સિંગ, રોવિંગ, સ્કવોશ, કૅનો સ્પ્રિંટ બૅડમિન્ટન તથા ટેબલ ટેનિસમાં પણ ભારતીયોએ સારું પર્ફોર્મ કર્યું છે. ■

### સૉફ્ટ ટેનિસ અને સ્કીટ શૂટિંગમાં પહેલી વખત મેડલ

ભારતે એશિયન ગેમ્સમાં પહેલી જ વખત સૉફ્ટ ટેનિસ નામની રમતનો ચંદ્રક જીતી લીધો હતો અને એ ગૌરવ જય મીના નામના ખેલાડીએ અપાવ્યો હતો. સૉફ્ટ ટેનિસમાં વજનમાં હળવા અને હવા ભરેલા રબ્બરના બૉલ વપરાય છે અને રૅકેટ ખૂબ ફ્લેક્સિબલ હોય છે. આ રમત ઉપરાંત સ્કીટ શૂટિંગમાં ભારતને પહેલી વખત મહિલા વર્ગમાં મેડલ મળ્યો છે. એમાં બ્રૉન્ઝ મેડલ મહેશ્વરી ચૌહાણ, રઇઝા ધિલ્લોન અને પરિનાઝ ધાલીવાલે અપાવ્યો હતો. આ પ્રકારની શૂટિંગમાં સ્પર્ધક શૉટગનથી હવામાં ઉડાડવામાં આવતી ચીજોને નિશાન બનાવે છે. ■


# સ્મૃતિ મંધાનાની 'ગોલ્ડન ટૂર'



ભારતને એશિયન ગેમ્સ-૨૦૨૬માં સૌપ્રથમ ગોલ્ડ મેડલ ટી-૨૦ મહિલા ક્રિકેટ ટીમે અપાવ્યો છે અને આ ટીમની વાઇસ-કૅપ્ટન સ્મૃતિ મંધાનાએ જાપાનના કેટલાક જાણીતા સ્થળોની મિત્રો સાથે મુલાકાત લીધી એની તસવીરો બુધવારથી મીડિયામાં વાઇરલ થઈ છે.

# નિશાનબાજ મનુ ભાકર મેડલ ગુમાવવા કરતાં કોચ ગુમાવવાને કારણે ભાવુક થઈ અને રડી પડી

નાગોયા: ૨૦૨૪ની પૅરિસ ઑલિમ્પિક્સમાં ભારતના ભૂતપૂર્વ શૂટિંગ-સમ્રાટ જસપાલ રાણાના માર્ગદર્શનમાં બે બ્રૉન્ઝ મેડલ જીતીને ભારત માટે નવો ઇતિહાસ રચનાર મહિલા શૂટર મનુ ભાકર બુધવારે જાપાનની એશિયન ગેમ્સમાં ૧૦ મીટર ઍર પિસ્તોલની હરીફાઈમાં છેક પાંચમા નંબર પર આવી હતી અને મેડલ ચૂકી ગયા બાદ પત્રકારો સાથેની વાતચીતમાં તેણે ચંદ્રક ચૂકી જવા કરતાં કોચ રાણાની ગેરહાજરીથી પોતાને વધુ નુકસાન થયું એવો સંકેત આપ્યો હતો અને રાણાને યાદ કરીને રડી પડી હતી. તેણે રાણાને એશિયન ચૅમ્પિયન અને 'બેસ્ટ ઑફ ધ બેસ્ટ' તરીકે ઓળખાવ્યા હતા.



જસપાલ રાણાનું જૂન, ૨૦૨૬માં હૃદયરોગના હુમલાને કારણે નિધન થયું હતું. તેઓ ૪૯ વર્ષના હતા અને મનુ ભાકર ઉપરાંત અનેક યુવા નિશાનબાજોની કરીઅરને ચાર ચાંદ લગાવવામાં રાણાનું બહુ મોટું યોગદાન હતું. જસપાલ રાણા હંમેશાં મનુ ભાકરને સલાહ આપતા હતા કે 'હરીફાઈના પરિણામને બદલે પોતે જે કરી રહ્યા હોય એની ગતિ કે પ્રક્રિયા પર જ પૂરી એકાગ્રતા રાખવી જોઈએ અને આવી એકાગ્રતા અંગત જીવનમાં પણ રાખવી જોઈએ.'

મનુ ભાકરે પત્રકારો સાથેની વાતચીત દરમ્યાન એશિયાડનો મેડલ ચૂકી જવા બદલ નિરાશા વ્યક્ત કરી હતી, પરંતુ જ્યારે તેને પિસ્તોલ-લેજન્ડ જસપાલ રાણા વિશે સવાલ પૂછાતાં તે કંઈ પણ બોલતાં પહેલાં ભાવુક થઈ ગઈ હતી અને રાણાએ આપેલી સલાહ યાદ આવતાં તેમ જ તેમના કોચિંગની સ્ટાઇલની યાદ આવી જતાં તે રડી પડી હતી. જૂનમાં રાણાનું દેહાંત થયું હતું અને પછીથી કૉમનવેલ્થ ગેમ્સમાં શૂટિંગની હરીફાઈ નહોતી એટલે મનુ ભાકર માટે એશિયન ગેમ્સ રાણાની વિદાય પછીની પહેલી મોટી સ્પર્ધા છે. રાણા એશિયન ગેમ્સમાં ચાર ગોલ્ડ સહિત કુલ આઠ ચંદ્રક જીત્યા હતા.

### મનુ સહિતની ત્રિપુટી નિષ્ફળ

મનુ ભાકર તેમ જ એશા સિંહ અને સુરુચિ સિંહ સહિતની ત્રિપુટીએ જાપાનની એશિયન ગેમ્સમાં ૧૦ મીટર ઍર પિસ્તોલ ઇવેન્ટમાં ઝુકાવ્યું હતું, પરંતુ એશા અને સુરુચિ ફાઇનલમાં નહોતી પહોંચી શકી. તેઓ આઉટ થઈ જતાં મનુ ભાકર પર અપેક્ષાનો બોજ આવી ગયો હતો અને તે ક્વૉલિફિકેશન રાઉન્ડ બાદ સાતત્યતા નહોતી જાળવી શકી અને ૧૮૧.૧ના સ્કોર સાથે મેડલની રેસની બહાર થઈ ગઈ હતી. ■

# આઈપીએલનું પ્લેયર્સ-ઑક્શન ડિસેમ્બરમાં ગોવામાં યોજાશે

નવી દિલ્હી: ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)નું પ્લેયર્સ-ઑક્શન છેલ્લાં ત્રણ વર્ષથી ભારતની બહાર યોજાતું હતું, પણ આ વખતે ભારતમાં જ યોજાશે એવી થોડા દિવસ પહેલાં બીસીસીઆઇ તરફથી જાહેર કરવામાં આવ્યા પછી એક અહેવાલ મુજબ મહિનો અને સ્થળ નક્કી થઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે.

સેક્રેટરી દેવાજિત સૈકિયાએ કહ્યું છે કે ૨૦૨૭ની આઇપીએલ માટેનું પ્લેયર્સ-ઑક્શન ડિસેમ્બર મહિનામાં ગોવામાં યોજાશે. છેલ્લાં ત્રણ વર્ષ માટેની હરાજી સઉદી અરેબિયા, દુબઈ અને અબુ ધાબીમાં યોજાઈ હતી. સૈકિયાએ આઇપીએલના ઑક્શન ઉપરાંત એવી જાહેરાત પણ કરી કે 'ધરમશાલામાં સતત વરસાદ પડી રહ્યો હોવાથી ઇન્ડિયા-એ અને ઑસ્ટ્રેલિયા-એ વચ્ચેની ટી-૨૦ મૅચો મોહાલીમાં રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે. ■

# હૉકી પ્લેયર દીપિકાએ એશિયન ગેમ્સમાં નવો ઈતિહાસ રચ્યો

## ભારતે થાઈલૅન્ડને ૨૦-૧થી હરાવ્યું

કકામિગાહારા (જાપાન): ભારતની ટોચની હૉકી ખેલાડી અને ડ્રૅગ ફ્લિકની ટેક્નિક (હૉકી સ્ટિકથી જમીન પરના બૉલને થોડો ઉછાળીને સીધો ગોલપોસ્ટમાં મોકલવાની કળા) દીપિકા સેહરાવતે અહીં બુધવારે એશિયન ગેમ્સની એક જ મૅચમાં નવ ગોલનો વિક્રમ રચીને ભારતને યાદગાર વિજય અપાવ્યો હતો. ભારતે આ મુકાબલામાં થાઇલૅન્ડની ટીમને ૨૦-૧થી હરાવ્યું હતું. પૂલ-બીમાં ભારત સતત ત્રીજી જીત સાથે મોખરે છે. ભારતની આગામી મૅચ યજમાન જાપાન સામે રમાશે. ગ્રૂપની ટોચની ટીમ સેમિ ફાઇનલમાં જશે. દીપિકાએ વન-સાઇડેડ બની ગયેલી આ મૅચમાં નવેનવ ગોલ પેનલ્ટી કૉર્નરમાંથી કર્યા હતા. ભારતની આક્રમક ખેલાડીઓની ક્ષમતા અને ટેક્નિક સામે થાઇ પ્લેયર્સ પાસે કોઈ જ જવાબ નહોતો. ભારતીય ખેલાડીઓ ગોલ કરીને થાકી ગઈ હતી.

દીપિકાએ નવ ગોલ બીજી, આઠમી, નવમી, ૨૪મી, ૩૩મી, ૩૬મી, ૩૯મી, ૫૧મી અને ૫૭મી મિનિટમાં કર્યા હતા. પેનલ્ટી કૉર્નરમાં તે બેકાબૂ થઈ ગઈ હતી. નવનીત કૌરે ચાર ગોલ ચોથી, ૨૯મી, ૩૫મી અને ૫૧મી મિનિટમાં કર્યા હતા. ઋતુજા પિસલે ત્રણ ગોલ, જ્યારે એક-એક ગોલ નેહા ગોયલ, લાલરેમસિયામી, સાક્ષી રાણા અને કૅપ્ટન સલીમાએ કર્યો હતો.

### પુરુષોમાં ૧૬-૧થી વિજય

મંગળવારે ભારતના પુરુષોની હૉકી ટીમે શ્રીલંકાને ૧૬-૧થી માત આપી હતી. એમાં જુગરાજ સિંહ તેમ જ અભિષેક તથા દિલપ્રીત સિંહે ત્રણ-ત્રણ ગોલ કર્યા હતા. એ અગાઉ, ભારતીય હૉકી ખેલાડીઓએ ઇન્ડોનેશિયા સામે ૧૩-૧થી વિજય મેળવ્યો હતો જેમાં જુગરાજ સિંહના સૌથી વધુ ચાર ગોલ હતા. ■

## ભાવનગર અને મહુવામાં ત્રણ બુટલેગરો સામે પાસા હેઠળ કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: લોકલ કાઇમ બ્રાન્ચ અને મહુવા પોલીસે વિદેશી દારૂના ગેરકાયદે ધંધા સાથે સંકળાયેલા ત્રણ લિસ્ટેડ બુટલેગરો સામે પાસા હેઠળ કડક કાર્યવાહી હાથ ધરી છે. પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ ડામવા માટે તૈયાર કરાયેલી પાસા દરખાસ્ત જિલ્લા મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. આ દરખાસ્ત પર મંજૂરીની મહોર વાગતાં જ ત્રણેય આરોપીઓ વિરુદ્ધ પાસા વોરંટની વિધિવત્? બજવણી કરીને તેમને અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલ અને ભુજ સ્પેશિયલ જેલ હવાલે કરી દેવામાં આવ્યા છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ભાવનગર લોકલ કાઇમ બ્રાન્ચ તથા મહુવા ટાઉન પોલીસ મથક દ્વારા અસામાજિક તત્વો સામે ઝુંબેશ ચલાવીને ઇંગ્લિશ દારૂના વેપારમાં સક્રિય ત્રણ ઈસમો સામે પાસાની દરખાસ્ત મૂકવામાં આવી હતી. જિલ્લા મેજિસ્ટ્રેટ આ દરખાસ્ત ગ્રાહ્ય રાખતાં એલસીબી ટીમે આરોપી અર્જુન મથુરભાઈ સોલંકી (રહે. કથીવદર પરા, તા. રાજુલા, જિ. અમરેલી) ની અટકાયત કરી સાબરમતી મધ્યસ્થ જેલ અમદાવાદ મોકલી આપ્યો હતો. જ્યારે મહુવા ટાઉન પોલીસે ચકુર માધાભાઈ જોળીયા (રહે. વાડી વિસ્તાર, દુધેરી રોડ, દુધાળા, તા. મહુવા, જિ. ભાવનગર) ને ખાસ જેલ ભુજ તેમજ કેવલ ઉર્ફે પેન્ટર રમેશભાઈ બાંભણીયા (હાલ રહે. પીપલાણા, તા. કોટડા સાંગાણી, જિ. રાજકોટ, મૂળ રહે. નાગેશ્વર કોલોની, જામનગર) ને અમદાવાદ સાબરમતી જેલ ખાતે પાસા હેઠળ ધકેલી દીધા હતા. ■

## કચ્છમાં બે વર્ષમાં સિંચાઈના ૪૫૭ પૈકી ૪૩૯ કામ માત્ર રિનોવેશનનાઃ નવા ફક્ત ૧૮ કામ મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન સિંચાઈ વિભાગ દ્વારા મંજૂર કરાયેલા કામોમાં નવાનક્કોર પ્રોજેક્ટ્સના બદલે માત્ર રિનોવેશન અને સમારકામ પાછળ જ સરકારી તિજોરીમાંથી કરોડો રૂપિયા ખર્ચી નખાયા હોવાની વિગતો સપાટી પર આવી છે.

નેત્રા બેઠકના જિલ્લા પંચાયત સદસ્ય નેહા રૂપારેલ દ્વારા પૂછાયેલા લેખિત પ્રશ્નના પ્રત્યુત્તરમાં કાર્યપાલક ઈજનેર (સિંચાઈ) દ્વારા રજૂ કરાયેલી સત્તાવાર માહિતી મુજબ, વર્ષ ૨૦૨૪-૨૫ સહિતના બે વર્ષમાં જિલ્લામાં કુલ ૪૫૭ કામો મંજૂર કરવામાં આવ્યા છે. જેમાંથી ચોંકાવનારી રીતે ૪૩૯ કામો માત્ર જૂના માળખાના રિનોવેશનના છે, જ્યારે નવા કામોની સંખ્યા માત્ર ૧૮ જેટલી જ છે. સિંચાઈ વિભાગના આંકડાકીય અહેવાલ અનુસાર, મંજૂર થયેલા કુલ ૪૫૭ કામો પૈકી ૨૩૦ કામ પૂર્ણ થઈ ચૂક્યા છે, ૧૨૦ કામ હાલ પ્રગતિ હેઠળ છે, ૩૭ કામો ટેન્ડર પ્રક્રિયામાં છે, ૬૮ કામો ટેકનિકલ મંજૂરી કે ડીટીપી તબક્કે છે અને ૨ કામો વર્ક ઓર્ડરના તબક્કે છે.

આ આંકડાઓની વિગતો આપતાં નેહા રૂપારેલે જણાવ્યું હતું કે, પશ્ચિમ કચ્છના અબડાસા, લખપત અને નખત્રાણા પંથકમાં જ રૂપિયા ૪૩ કરોડ ઉપરાંતના તોતિંગ ખર્ચે માત્ર સમારકામ અને રિનોવેશન હાથ ધરાયા છે. કરોડો રૂપિયાના આંધણ છતાં છેવાડાના ખેડૂતો અને ગ્રામજનોને સિંચાઈનો કોઈ સીધો કે કાયમી લાભ મળતો નથી.

જેમાં અબડાસા તાલુકામાં રૂ. ૨૭.૯૫ લાખ, લખપતમાં રૂ. ૬.૨૭ લાખ તેમજ નખત્રાણામાં રૂ. ૮.૭૯ લાખ જેવી રકમો પ્રાથમિક ધોરણે ખર્ચાઈ છે. આયોજન પત્રક મુજબ, અબડાસા હેઠળના નાની વમોટી અને ખારસા તળાવના કામો પ્રગતિ હેઠળ છે; લખપતના નરેડી-ભાડેવારૂ તળાવ પાછળ રૂ. ૧.૦૩ લાખ, નખત્રાણાના લાખિયારવીરા તળાવ પાછળ રૂ. ૭૮.૯૦ લાખ તેમજ ખારડિયા-રવાપર તળાવોના ડીપનિંગ અને રિપેરિંગ પાછળ રૂ. ૭૦.૨૦ લાખ દર્શાવાયા છે. આ ઉપરાંત ઉસ્તિયા નાની સિંચાઈ યોજના હેઠળ પ્રેશરાઈઝ્ડ ઈરિગેશન નેટવર્ક સિસ્ટમ તેમજ ૧૦ વર્ષના ઓપરેશન અને મેન્ટેનન્સ સહિત આશરે રૂ. ૯.૧૯ કરોડના કામોનું આયોજન દર્શાવવામાં આવ્યું છે.

નેહા રૂપારેલે વધુમાં ખેદ વ્યક્ત કરતાં ઉમેર્યું હતું કે, સરહદી અને સૂકા મલક ગણાતા કચ્છમાં જ્યાં જળસંગ્રહ સૌથી મોટી પ્રાથમિકતા હોવી જોઈએ, ત્યાં ૪૫૭માંથી ૪૩૯ કામો માત્ર જૂના રિનોવેશન પાછળ ખર્ચી દેવાયા છે અને બે વર્ષમાં માત્ર ૧૮ જ નવા પ્રોજેક્ટ હાથ ધરાયા છે. રિનોવેશનના નામે ચાલતી ગેરરીતિઓ અટકે અને સિંચાઈ હેઠળ નવો કમાન્ડ એરિયા વિસ્તરે તે માટે ભવિષ્યલક્ષી મોટા જળસંચય આયોજનો હાથ ધરવા રાજ્ય સરકાર અને ઉચ્ચ કક્ષાએ ધારદાર રજૂઆત કરવામાં આવશે. ■

## સુરેન્દ્રનગર જિલ્લામાં ₹ ૭૩ લાખના ખર્ચે ત્રણ તાલુકાઓને જેટીંગ મશીનોની ભેટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગરઃ જિલ્લામાં સ્વચ્છતા અને વિકાસલક્ષી કામગીરીને વધુ વેગ આપવા માટે સુરેન્દ્રનગર જિલ્લા પંચાયત દ્વારા રૂ. ૭૩ લાખના ખર્ચે આધુનિક જેટીંગ મશીનોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ૧૫મા નાણાંપંચ જિલ્લા વિકાસ પ્લાન અંતર્ગત મંજૂર થયેલા આ જેટીંગ મશીનો ચુડા, સાયલા અને લખતર તાલુકાઓ માટે ફાળવવામાં આવ્યા છે.

સુરેન્દ્રનગર જિલ્લા પંચાયત ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ત્રણેય તાલુકાઓને સંબંધિત જેટીંગ મશીનો સુપ્રત કરવામાં આવ્યા હતા. આ આધુનિક મશીનોના કારણે ચુડા, સાયલા અને લખતર તાલુકામાં ભૂગર્ભ ગટર વ્યવસ્થાની સફાઈ, ગટર લાઇનમાં સર્જાતા બ્લોકેજ દૂર કરવા તેમજ સ્વચ્છતા સંબંધિત કામગીરી વધુ ઝડપી અને અસરકારક રીતે હાથ ધરી શકાશે. ખાસ કરીને ગટર વ્યવસ્થાને લગતી સમસ્યાઓના તાત્કાલિક નિરાકરણમાં આ મશીનો ઉપયોગી સાબિત થવાની આશા વ્યક્ત કરવામાં આવી હતી.

જિલ્લા પંચાયત દ્વારા તાલુકા કક્ષાએ આધુનિક સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવતા ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતા વ્યવસ્થાને વધુ મજબૂતી મળશે અને નાગરિકોને વધુ સારી સુવિધા મળી શકશે. સ્વચ્છતા અને નાગરિક સુખાકારીના હેતુસર આ પહેલને મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે. ■

## ટીડીઓ કચેરીની અરજી પાછી ખેંચવા ૩.૫૦ લાખની લાંચ લેતા મધ્યસ્થી ઝડપાયો

### જૂનાગઢમાં એસીબી દ્વારા મોટી કાર્યવાહી કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

જૂનાગઢ: ગૌચરની જમીનમાં થયેલા દબાણ અંગે ટીડીઓ કચેરીમાં થયેલી અરજી પાછી ખેંચવા અને આગળની કાર્યવાહી અટકાવવાની બાંહેધરી આપી ૫.૨૫ લાખની લાંચ માંગવાના પ્રકરણમાં જૂનાગઢ એન્ટી કરપ્શન બ્યુરો (એસીબી) એ સફળ ટ્રેપ ગોઠવી ૩.૫૦ લાખની રોકડ રકમ સાથે એક શખ્સને ઝડપી પાડ્યો હતો. મળતી વિગતો મુજબ, આરોપી કરશનભાઇ ઘેલાભાઇ સોલંકી (ઉં.વ. ૫૪, રહે. વૃંદાવન નગર સોસાયટી, મધુરમ બાયપાસ, જૂનાગઢ) એ ફરિયાદીના ભત્રીજા વિરુદ્ધ ગૌચર જમીનમાં દબાણ કરવા અંગે તાલુકા વિકાસ અધિકારી (ટીડીઓ) ની કચેરીમાં અરજી કરી હતી.

આ અરજી પાછી ખેંચી લેવા અને તલાટી કે (ટીડીઓ) કચેરી તરફથી કોઈ કાનૂની કે દંડાત્મક કાર્યવાહી ન થાય તે માટે તેણે ફરિયાદી પાસેથી રૂ. ૫,૨૫,૦૦૦/- ની લાંચની માંગણી કરી હતી. આ રકમ પૈકી આરોપીએ અગાઉ પ્રથમ રૂ. ૨૫,૦૦૦/- અને ત્યારબાદ રૂ. ૧,૫૦,૦૦૦/- મેળવી લીધા હતા. બાકી નીકળતા રૂ. ૩,૫૦,૦૦૦/- સ્વીકારવાનો વાયદો કર્યો હતો. જોકે, ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે જૂનાગઢ એસીબી કચેરીનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે એસીબીની ટીમે જૂનાગઢના દીવાન ચોક નજીક આવેલા લીમડા ચોક જાહેર રોડ પર લાંચનું છટકું ગોઠવ્યું હતું. આરોપી કરશન સોલંકીએ જેમ જ ફરિયાદી પાસેથી લાંચના બાકી નીકળતા રૂ. ૩,૫૦,૦૦૦/- સ્વીકાર્યા કે તુરંત જ પહેલાંથી જ ગોઠવાયેલી એસીબીની ટ્રેપિંગ ટીમે તેને સ્થળ પરથી રોકડા રૂપિયા સાથે રંગેહાથ ઝડપી પાડ્યો હતો. એસીબીએ તમામ રકમ રીકવર કરીને આરોપી સામે ગુનો નોંધી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે. ■

## સુરેન્દ્રનગરના દુધઈમાં ખનિજ માફિયાઓ સામે તંત્રનો સપાટોઃ સીલ મારેલી લીઝમાંથી ૫૬૦૦ ટન ફાયરક્લે ચોરાઈ, ₹ ૧૬.30 લાખનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગર : મૂળી તાલુકાના દુધઈમાં ગેરકાયદેસર ખનન-વહન અંગેની ગ્રામ પંચાયત અને સ્થાનિકોની રજૂઆતો બાદ ખાણ-ખનિજ વિભાગે કાર્યવાહી શરૂ કરતાં ખનિજ ક્ષેત્રે ચકચાર મચી હતી. તા.૧૧ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ખાણ-ખનિજ વિભાગની ટીમે સ્થળ તપાસ કરતાં ગેલા વસરામ રબારીની ફાયરક્લે ખનિજની લીઝ છેલ્લા બે વર્ષથી સીલ હોવા છતાં આસપાસ ખનિજ ખનન થયાનું તપાસમાં સામે આવ્યું હતું. વિભાગની માપણી દરમિયાન અંદાજે ૫,૬૦૦ ટન ફાયરક્લે ખનિજનું ગેરકાયદેસર ખનન-વહન થયાનું સામે આવતા ગેલા વસરામ રબારી સામે રૂ.૧૬.૩૦ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

ગેલા વસરામ રબારીની પત્નીના નામે ચાલતા સિલિકા સ્ટોન ક્રશર (ભરડિયા)ની પણ ખાણ-ખનિજ વિભાગ દ્વારા તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન પાસ-પરમિટ વગરનો આશરે ૩૮૮ ટન સિલિકા જથ્થો મળી આવતા રૂ.૨.૬૨ લાખનો દંડ કરવામાં આવ્યો હતો. અન્ય ગેરરીતિઓ સામે આવતા ક્રશરને સીલ કરવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે. અગાઉ પણ મામલતદાર મૂળી તથા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની ટીમ દ્વારા આ સ્થળે તપાસ અને કાર્યવાહી કરવામાં આવી હોવાનું સામે આવ્યું હતું. ફાયરક્લેના ભરડિયાની તપાસ દરમિયાન પણ વિવિધ નિયમોના ભંગની બાબતો સામે આવી હોવાનું તંત્રના તપાસ અહેવાલના આધારે જાણવા મળ્યું હતું. પ્રદૂષણ નિયંત્રણ સંબંધિત નિયમોના પાલન અંગે પણ પ્રશ્નો ઊભા થતાં દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મામલતદાર દ્વારા ભરડિયાને સીલ કરવાની કાર્યવાહી પણ કરવામાં આવી હતી.

દુધઈ વિસ્તારમાં મોટા પ્રમાણમાં ખનિજ સંપદા હોવાના કારણે છેલ્લા કેટલાક સમયથી ગેરકાયદેસર ખનન અંગે સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોના આક્ષેપ મુજબ રાત્રિના અને વહેલી સવારના સમયે ટ્રકો-ડમ્પરો દ્વારા ખનિજનો જથ્થો અન્ય વિસ્તારો તરફ લઈ જવામાં આવે છે. ખનન માટે હિટાચી અને જેસીબી જેવી ભારે મશીનરીનો ઉપયોગ થતો હોવાના પણ આક્ષેપો છે. ગેરકાયદેસર ખનન અંગે રજૂઆત કરનારા ગ્રામજનો અને ગ્રામ પંચાયતના સભ્યોને ધાકધમકી આપવામાં આવતી હોવાના આક્ષેપો પણ કરવામાં આવ્યા છે. આ આક્ષેપોની સ્વતંત્ર પુષ્ટિ થવી હજુ બાકી છે.

દુધઈ ગ્રામ પંચાયત દ્વારા મામલતદાર મૂળી અને પ્રાંત અધિકારી ચોટીલા સમક્ષ કરવામાં આવેલી રજૂઆતો બાદ ખાણ-ખનિજ વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. હવે લીઝ, ક્રશર અને ભરડિયાઓ સામે કાર્યવાહી શરૂ થતાં વિસ્તારમાં ચકચાર મચી હતી. સ્થાનિકોમાં અન્ય સ્થળોએ પણ સઘન તપાસ હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠી હતી. ખાણ-ખનિજ વિભાગની આગામી કાર્યવાહી પર હવે દુધઈ સહિત સમગ્ર મૂળી પંથકની નજર મંડાઈ છે. ■

### આવતીકાલે ભાવનગરમાં

## મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ નવનિર્મિત કલેક્ટર કચેરીનું લોકાર્પણ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ રાજ્યના મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ આગામી ૨૫ સપ્ટેમ્બરના રોજ ભાવનગર શહેરની મુલાકાતે આવી રહ્યા છે, જ્યાં તેઓ રૂ. ૩૩ કરોડના જંગી ખર્ચે નવનિર્મિત અદ્યતન કલેક્ટર કચેરીનું લોકાર્પણ કરશે. શહેરની મધ્યમાં આવેલી આશરે ૬૫ વર્ષ જૂની કલેક્ટર કચેરીને હવે વિદ્યાનગર ખાતે ૧૭,૫૦૦ ચોરસ મીટર જેટલી વિશાળ જગ્યામાં તૈયાર કરાયેલા નવા ભવનમાં ખસેડવામાં આવી રહી છે. નવી કચેરીનું નમિાણ કાર્ય પૂર્ણ થઈ જતાં તેનો શુભારંભ કરાશે, જેનાથી અત્યાર સુધી શહેરમાં અલગ-અલગ વિસ્તારોમાં છૂટીછવાઈ આવેલી કચેરીઓની સેવાઓ હવે એક જ સ્થળે ઉપલબ્ધ બનશે. આ સંકુલમાં કલેક્ટર ઉપરાંત પ્રાંત અધિકારી, સિટી અને ગ્રામ્ય મામલતદાર, હક્ક ચોક્સી, સિટી સર્વે તેમજ સ્ટેમ્પ ડ્યુટી સહિતની તમામ મહેસૂલી અને વહીવટી સેવાઓ એક જ છત નીચે મળી રહેશે. આ લોકાર્પણ કાર્યક્રમ સાથે જ મુખ્યપ્રધાનના હસ્તે શહેરના વિવિધ વિસ્તારોમાં રૂ. ૧૦૦ કરોડથી વધુના ખર્ચે થનારા અન્ય વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ યોજાનાર છે. હાલ ભાવનગર મહાનગરપાલિકા અને જિલ્લા તંત્ર દ્વારા વિકાસકામોની યાદીને આખરી ઓપ આપવા બેઠકોનો ધમધમાટ ચાલી રહ્યો છે અને તમામ અધિકારીઓ તથા તંત્રવાહકો આ ભવ્ય કાર્યક્રમની તડામાર તૈયારીઓમાં લાગી ગયા છે. ■

## રાજકોટ મનપામાં મરણ નોંધણીનો ડેટા અપલોડ કરવામાં વિલંબ

### સીઆરએસ પોર્ટલ પર ૪ લાખથી વધુ એન્ટ્રી પેન્ડિંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ: મહાનગરપાલિકામાં મરણ નોંધણીનો ડેટા કેન્દ્ર સરકારના સિવિલ રજિસ્ટ્રેશન સિસ્ટમ (સીઆરએસ) પોર્ટલ પર અપલોડ કરવામાં થઈ રહેલા વિલંબને કારણે અરજદારો મુશ્કેલીમાં મુકાયા છે. આરોગ્ય અધિકારીના જણાવ્યા મુજબ, રાજકોટ મનપામાં નોંધાયેલી કુલ ૪.૩૫ લાખ જેટલી મરણ નોંધમાંથી આશરે ૪ લાખ નોંધ હજુ સીઆરએસ પોર્ટલ પર દાખલ કરવાની બાકી છે.

મળતી માહિતી મુજબ, મે ૨૦૨૪થી સુરક્ષાના કારણોસર સીઆરએસ પોર્ટલમાં મલ્ટિપલ લોગીનની સુવિધા બંધ કરવામાં આવી છે. જેના કારણે એક સાથે અનેક કર્મચારીઓ દ્વારા ડેટા એન્ટ્રી કરવાની કામગીરી થઈ શકતી નથી અને મરણ નોંધણીનો બાકી ડેટા પોર્ટલ પર અપલોડ કરવાની પ્રક્રિયા ધીમી પડી છે. હાલ મોટી સંખ્યામાં મરણ નોંધો પોર્ટલ પર અપલોડ કરવાની બાકી હોવાથી અરજદારોને પોતાના જરૂરી દસ્તાવેજો અને પ્રમાણપત્રોની પ્રક્રિયામાં વિલંબનો સામનો કરવો પડી રહ્યો છે. જો મનપા દ્વારા દરરોજ આશરે ૫૦૦ મરણ નોંધની એન્ટ્રી સીઆરએસ પોર્ટલ પર કરવામાં આવે તો પણ હાલ બાકી રહેલી આશરે ૪ લાખ એન્ટ્રી પૂર્ણ કરવામાં બે વર્ષથી વધુનો સમય લાગી શકે તેવી સ્થિતિ છે. આથી અરજદારોમાં પણ સવાલ ઉઠી રહ્યા છે કે મરણ નોંધણીના પ્રમાણપત્ર સહિતની જરૂરી પ્રક્રિયા માટે રાહ જોવી પડે તો કેટલો સમય લાગશે અને તેમની અરજી ક્યારે પૂર્ણ થશે. હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અરજદારોને મરણ નોંધણીની પ્રક્રિયા પૂર્ણ થવામાં કેટલો સમય લાગી શકે તેની ચોક્કસ સમયમર્યાદા જાહેર કરવાની માંગ ઉઠી છે. આ સાથે જ સીઆરએસ પોર્ટલ પર બાકી રહેલી લાખો એન્ટ્રી ઝડપથી અપલોડ થાય તે માટે વધારાના માનવબળ અથવા વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે તેવી પણ જરૂરિયાત વ્યક્ત થઈ રહી છે. ૪ લાખથી વધુ મરણ નોંધ પોર્ટલ પર પેન્ડિંગ હોવાના કારણે હવે મનપાની ડેટા અપલોડ કામગીરી ક્યારે પૂર્ણ થાય છે અને અરજદારોને રાહત ક્યારે મળે છે તે મહત્વનું બન્યું છે. ■

### ઓડિશાના જંગલમાંથી મુખ્ય સપ્લાયરની ધરપકડ

## ઓડિશાથી રાજકોટ સુધી ફેલાયેલું ગાંજા નેટવર્ક ઝડપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ શહેર ક્રાઈમ બ્રાન્ચે ગાંજાના નેટવર્ક સામે કાર્યવાહી કરતા ઓડિશાના જંગલ વિસ્તારમાંથી નાસતા ફરતા ગાંજાના મુખ્ય સપ્લાયરને ઝડપી પાડ્યો હતો. ઝડપાયેલા આરોપીની ઓળખ અમિત ઉર્ફે ગુરખો કાતીયાર તરીકે થઈ હતી.

ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં બહાર આવ્યું હતું કે, અમિત ઉર્ફે ગુરખો કાતીયાર ઓડિશાથી ગાંજાનો જથ્થો મંગાવી સપ્લાય કરતો હતો. ગુનો નોંધાયા બાદ તે નાસતો ફરતો હતો, જેને ઝડપી પાડવા માટે ક્રાઈમ બ્રાન્ચની ટીમે તપાસ હાથ ધરી હતી. અંતે પોલીસ ટીમે ઓડિશાના જંગલ વિસ્તારમાંથી તેને ઝડપી પાડ્યો હતો.

પોલીસ તપાસમાં વધુ એક મહત્વનો ખુલાસો થયો હતો. અમિતનો ભાઈ સિકંદર ઉર્ફે ઇમરાન રાજકોટમાં ગાંજાનો જથ્થો રિસીવ કરતો હતો અને ત્યારબાદ સૌરાષ્ટ્રના અલગ-અલગ વિસ્તારોમાં પેડલરો મારફતે ગાંજાનો સપ્લાય કરવામાં આવતો હતો.

આ મામલે પોલીસે અમિત ઉર્ફે ગુરખો કાતીયાર અને તેના ભાઈ સિકંદર ઉર્ફે ઇમરાન બંનેની ધરપકડ કરી છે. બંને આરોપીઓને ૧૦ દિવસના રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

હવે પોલીસ રિમાન્ડ દરમિયાન આરોપીઓ પાસેથી ગાંજાના સપ્લાયનું સમગ્ર નેટવર્ક, ઓડિશામાંથી જથ્થો કોણ પાસેથી મેળવવામાં આવતો હતો, રાજકોટમાં કોને સપ્લાય કરવામાં આવતો હતો અને સૌરાષ્ટ્રમાં કયા પેડલરો સાથે કનેક્શન હતું તે અંગે વધુ વિગતો મેળવવા તપાસ કરશે. ■

### જામનગરના ગુજસીટોક કેસમાં

## હાઈ કોર્ટે કોર્પોરેટર અલ્તાફ ખફી સહિત ચાર આરોપીના જામીન મંજૂર કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગરઃ શહેરના કોર્પોરેટર અલ્તાફ ખફીની ગેંગ સામે નોંધાયેલા ગુજસીટોક કેસમાં ગુજરાત હાઇકોર્ટે મહત્વનો નિર્ણય કર્યો હતો. જામનગરમાં નોંધાયેલા ગુજસીટોક કેસમાં ગુજરાત હાઇકોર્ટે ચાર આરોપીઓ અલ્તાફ ખફી, ઓસમાણ ખફી, સુફિયાન પટણી અને શાહિદ ઇમ્તિયાઝ ખફીના શરતી જામીન મંજૂર કર્યા હતા. કોર્ટના આ નિર્ણયથી આરોપી પક્ષને રાહત મળી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જામનગર પોલીસે અગાઉ ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ (ગુજસીટોક) હેઠળ ગુનો નોંધી આરોપીઓ સામે કાર્યવાહી કરી હતી. આ કેસમાં નીચલી અદાલતોમાંથી જામીન ન મળતા તેમણે ગુજરાત હાઇકોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા, જ્યાંથી તેમને મોટી રાહત મળી છે. આ કેસની સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, અલ્તાફભાઈ ગફારભાઈ ખફી હાલ જામનગરના વોર્ડ નંબર ૧૨ પરથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટણી લડ્યો હતો અને જીત્યો પણ હતો. તેણે ઉમેદવારી નોંધાવતા સ્થાનિક રાજકારણમાં પણ ખળભળાટ મચી ગયો હતો. તે જેલમાં બંધ હોવા છતાં, તાજેતરમાં જામનગર મહાનગરપાલિકા (મનપા) ની સામાન્ય સભામાં ભાગ લેવા માટે કોર્ટમાંથી ખાસ મંજૂરી મેળવી પોલીસ જાપ્તા સાથે બોર્ડ બેઠકમાં હાજર રહ્યો હતો. ■

## સાવરકુંડલામાં ૨૬ લાખની નોટો અને ડૉલર વચ્ચે વિઘ્નહર્તા ગણેશજી બિરાજ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમરેલીઃ સમગ્ર દેશમાં ગણેશોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી થઈ રહી છે ત્યારે અમરેલી જિલ્લાના સાવરકુંડલામાં લખપતિ ગણપતિનો અનોખો શણગાર સમગ્ર પંથકમાં ભારે આકર્ષણ અને ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. સદભાવના ગ્રુપ દ્વારા આ વર્ષે વિઘ્નહર્તાને અંદાજે રૂ. ૨૬ લાખની ભારતીય ચલણી નોટો તેમજ અમેરિકન ડૉલરથી સજાવવામાં આવ્યા છે. ગણપતિ બાપાની આસપાસ રૂ. ૧૦થી લઈને રૂ. ૫૦૦ સુધીની અસલી ચલણી નોટોની કલાત્મક ગોઠવણી કરવામાં આવી છે.

પંડાલની આસપાસની દીવાલોને પણ નોટોથી આકર્ષક રીતે શણગારવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સદભાવના ગ્રુપ છેલ્લા ૧૫ વર્ષથી સાવરકુંડલામાં ધામધૂમથી ગણેશ મહોત્સવ ઉજવે છે. ગ્રામ્ય વિસ્તારો ઉપરાંત રાજુલા, જાફરાબાદ, ધારી, બગસરા અને વડિયા જેવા તાલુકાઓમાંથી પણ મોટી સંખ્યામાં ગણેશ ભક્તો દર્શન માટે ઉમટી રહ્યા છે. ■

## ગૌસેવાના સંદેશ સાથે ભુજમાં અનોખું પંચગવ્ય સ્નાન યોજાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ શહેરની રાવલવાડી ગૌશાળામાં ગૌ આધારિત પરંપરાને ઉજાગર કરતું અનોખું પંચગવ્ય સ્નાન યોજાયું હતું. માસિક ધોરણે યોજાતા આ કાર્યક્રમમાં ગોબર, ગૌમૂત્ર, દૂધ, ઘી અને ચંદનના મિશ્રણથી પંચગવ્ય સ્નાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ડોક્ટર, વકીલ, શિક્ષક, સંતો સહિત વિવિધ ક્ષેત્રના લોકો જોડાયા હતા.પરંપરાગત માન્યતા મુજબ પંચગવ્યમાં ગાયમાંથી પ્રાપ્ત થતાં પાંચ દ્રવ્યોનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ગૌઆધારિત જીવનપદ્ધતિ, ગૌસેવા અને ભારતીય પરંપરામાં પંચગવ્યના મહત્વ અંગે લોકોમાં જાગૃતિ લાવવાનો હોવાનું આયોજકો દ્વારા જણાવાયું હતું.

રાવલવાડી ગૌશાળામાં યોજાયેલા આ માસિક કાર્યક્રમમાં સહભાગીઓએ પંચગવ્ય સ્નાનની પરંપરાનો અનુભવ કર્યો હતો. ગૌશાળા સંચાલકોના જણાવ્યા મુજબ, ગૌસેવા સાથે જોડાયેલા વિવિધ કાર્યક્રમો દ્વારા લોકોને ગાયના સંરક્ષણ તથા ગૌશાળાની પ્રવૃત્તિઓ સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

કાર્યક્રમમાં સંતો અને વિવિધ વ્યવસાય સાથે સંકળાયેલા લોકોની હાજરીને કારણે ગૌશાળામાં ધાર્મિક તેમજ સામાજિક માહોલ સર્જાયો હતો. આયોજકોના જણાવ્યા મુજબ, આગામી દિવસોમાં પણ પંચગવ્ય સ્નાન સહિત ગૌઆધારિત પ્રવૃત્તિઓનું નિયમિત આયોજન કરવામાં આવશે.

નોંધનીય છે કે, પંચગવ્યના આરોગ્યલાભ અંગે વિવિધ પરંપરાગત માન્યતાઓ પ્રચલિત છે, પરંતુ આવા દાવાઓને વૈજ્ઞાનિક તબીબી સારવારના વિકલ્પ તરીકે માનવા અંગે સાવચેતી જરૂરી છે. ■

## વઢવાણમાં ૧૦૦ મહિલાઓની મેમોગ્રાફી અને ૮૨ બહેનોના પેપ સ્મીયર ટેસ્ટ કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગરઃ સ્ત્રીઓમાં વધી રહેલા કેન્સરના કેસોને ધ્યાનમાં રાખીને વહેલું નિદાન થાય અને મહિલાઓમાં આરોગ્ય અંગે જાગૃતિ વધે તે હેતુથી રોટરી ક્લબ ઓફ વઢવાણ સિટી દ્વારા બે દિવસીય નિશુલ્ક મેમોગ્રાફી અને પેપ સ્મીયર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં વઢવાણ અને સુરેન્દ્રનગર શહેરની કુલ ૧૮૨ બહેનોએ નિશુલ્ક આરોગ્ય તપાસનો લાભ લીધો હતો. આ કેમ્પ દરમિયાન ૧૦૦ બહેનોની મેમોગ્રાફી દ્વારા સ્તન કેન્સરની તપાસ, જ્યારે ૮૨ બહેનોના પેપ સ્મીયર ટેસ્ટ દ્વારા ગર્ભાશયના મુખના કેન્સરની તપાસ કરવામાં આવી હતી. મહિલાઓને કેન્સર અંગે જાગૃતિ, સમયસર તપાસ અને વહેલા નિદાનના મહત્વ અંગે પણ જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. નિષ્ણાંત તબીબો તેમજ તબીબી સ્ટાફ દ્વારા કેમ્પમાં સેવાભાવથી રોટરી ક્લબ ઓફ વઢવાણ સિટીના સભ્યોએ જણાવ્યું હતું કે, મહિલાઓમાં કેન્સરનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે ત્યારે સમયસર તપાસ અને વહેલું નિદાન અત્યંત મહત્વપૂર્ણ છે. કેન્સર સામેની લડતમાં જાગૃતિ અને નિયમિત તપાસ મહત્વની ભૂમિકા ભજવે છે.

રોટરી ક્લબનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજમાં આરોગ્ય જાગૃતિ ફેલાવી જરૂરિયાતમંદ લોકોને આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવાનો છે. આ બે દિવસીય નિશુલ્ક કેમ્પમાં રોટરી ક્લબ ઓફ વઢવાણ સિટીના તમામ સભ્યોએ જહેમત ઉઠાવી સમગ્ર આયોજનને સફળ બનાવ્યું હતું.

## વિરપુરમાં લોભામણી સ્કીમ અને પોન્ઝી સ્કીમના નામે ૯૯ લાખથી વધુની ઠગાઈ આચરી ફરાર આરોપી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ જિલ્લાના વિરપુર (જલારામ) પોલીસ સ્ટેશન વિસ્તારમાં લોકોને અલગ-અલગ લોભામણી સ્કીમો અને પોન્ઝી સ્કીમમાં રોકાણ કરવાનું પ્રલોભન આપી, લાખો રૂપિયાની માતબર રકમ પડાવી લઈ પરત નહીં આપનાર અને અંગત વપરાશમાં વાપરી નાખનાર નાસતા ફરતા મુખ્ય આરોપીને વિરપુર પોલીસની ટીમે અમદાવાદ ખાતેથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વિરપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુના મુજબ, આરોપીઓએ ભેગા મળીને ગેરકાયદેસર મંડળો અને દૈનિક બચત યોજનાઓ દ્વારા પોન્ઝી સ્કીમો ચલાવી હતી. ફરીયાદી, સાહેદો તથા વિરપુર ગામ અને આજુબાજુના અસંખ્ય લોકો પાસેથી યોજનાઓ દ્વારા નાણાં એકત્ર કરવામાં આવ્યા હતા જેમાં (૧). ''જય જલારામ માર્કેટીંગ'': આ નામે ઈનામી યોજના શરૂ કરી દર મહિને ૧૦૦૦ રૂપિયા લેખે ૪૦ મહિના સુધી કુલ ૪૦,૦૦૦ રૂપિયા ભરાવવામાં આવતા. જેની પાકતી મુદતે ૫૦,૦૦૦ રૂપિયા તેમજ બદલામાં મોટરસાઇકલ આપવાની લોભામણી લાલચ આપવામાં આવતી. (૨). ''જલારામ બચત સહકારી મંડળી લિમિટેડ'': આ નામે દૈનિક બચત યોજના બહાર પાડી રોજેરોજ ૧૦૦, ૨૦૦ કે ૫૦૦ રૂપિયા જમા કરાવી તેના બદલામાં ૬ ટકા વ્યાજ આપવાની ખોટી બાંહેધરી અપાઈ હતી. (૩). જે.કે. એમએમ ઓટો કન્સલ્ટન્સી પ્રા. લિ નામની કંપનીના નામે પણ દર મહિને ૧૦૦૦ રૂપિયા ભરી ૪૦મા મહિને ૫૦,૦૦૦ રૂપિયા અને મોટરસાઇકલ આપવાની લોભામણી સ્કીમ ચલાવાઈ હતી. આ પ્રકારે વિવિધ બચત યોજનાઓ અને ઈનામી ડ્રોના નામે રોકાણકારો પાસેથી કુલ ૯૯,૨૯,૫૫૦/- જેટલી માતબર રકમ મેળવી લઈ, પાકતી મુદતે નાણાં પરત ન આપીને અંગત ઉપયોગમાં વાપરી નાખી વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરવામાં આવી હતી.વિરપુર પોલીસ સ્ટેશનની ટીમને મળેલી બાતમીના આધારે પોલીસે કાર્યવાહી કરતા આરોપી રાજુભાઈ ભલુભાઈ ઉર્ફે લાલભાઈ મેવાડાને અમદાવાદ ખાતેથી ઝડપી લેવામાં આવ્યો હતો. ■